
# રાજસ્થાનના જૈનતીર્થો



વિમલકુમાર મોહનલાલ ધામી







# રાજસ્થાનના જૈનતીર્થો

•

: લેખક :
વિમલકુમાર મોહનલાલ ધામી

•

: પ્રકાશક :

**નવયુગ પુસ્તક ભંડાર**

બુકસેલર્સ : : પબ્લિશર્સ

નવા નાકા રોડ, ૧ લે માળે

રાજકોટ-૩૬૦૦૦૧ (સૌરાષ્ટ્ર)

ફોન : (૦૨૮૧) ૨૨૨૫૫૯૬

: પ્રકાશક :
નવિનચંદ્ર મોહનલાલ મહેતા
નવયુગ પુસ્તક ભંડાર
નવા નાકા રોડ, ૧ લે માળે
રાજકોટ-૩૬૦૦૦૧ : (સૌરાષ્ટ્ર)

•

© વિમલકુમાર મોહનલાલ ધામી

•

પ્રથમ આવૃત્તિ
[ ૨૦૦૯ ]

•

**કિંમત**
રૂા. ૮૦-૦૦

•

મુદ્રક :
**સર્વોદય ઑફસેટ**
૧૩, ગજાનંદ એસ્ટેટ, માણેકચોક મિલ કંપાઉન્ડ,
ઈદગા પોલીસચોકી પાસે, અમદાવાદ-૩૮૦ ૦૧૬
ફોન : ૨૨૧૭૪૫૧૯

હોલી સેન્ટસ - સ્કૂલ - રાજકોટના પ્રિન્સીપાલ,
મારા પરમ સ્નેહી, સંગીતના જ્ઞાતા
શ્રી રાજભાઈ ભટ્ટ
તથા
શ્રીમતી મોહિનીબેન ભટ્ટને સપ્રેમ

- વિમલકુમાર ધામી

## વિમલકુમાર મોહનલાલ ધામી રચિત પુસ્તકો

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧. | ગૌતમ ગણધર | ૧૨૫-૦૦ | ૩૦. | ચોવીશ તીર્થંકર | ૧૨૫-૦૦ |
| ૨. | વિધિની રમત ન્યારી | ૧૦૦-૦૦ | ૩૧. | શ્રી મણિભદ્ર વીર | ૬૫-૦૦ |
| ૨. | રાજસ્થાનના જૈનતીર્થો | ૮૦-૦૦ | ૩૨. | ભક્તામર પ્રભાવ | ૧૫૦-૦૦ |
| ૪. | ગુજરાતના જૈનતીર્થો | ૬૫-૦૦ | ૩૩. | અચલકુમાર | ૩૯-૦૦ |
| ૫. | જિનશાસનના દેવી-દેવતાઓ | ૬૫-૦૦ | ૩૪. | ધમ્મિલકુમાર | ૪૧-૦૦ |
| ૬. | તેજમૂર્તિ | ૮૫-૦૦ | ૩૫. | અભયકુમાર | ૩૭-૦૦ |
| ૭. | યોગ-સંયોગ | ૮૫-૦૦ | ૩૬. | જંબૂકુમાર | ૩૪-૦૦ |
| ૮. | સિદ્ધસેન દિવાકર | ૧૧૦-૦૦ | ૩૭. | અમરકુમાર | ૩૦-૦૦ |
| ૯. | શ્રી પાર્શ્વ પદ્માવતી | ૬૫-૦૦ | ૩૮. | પુણિયો શ્રાવક | ૫૧-૦૦ |
| ૧૦. | પુંડરિક ગણધર | ૮૦-૦૦ | ૩૯. | ભરતેશ્વર બાહુબલી | ૪૩-૦૦ |
| ૧૧. | વેરના વાવેતર | ૮૦-૦૦ | ૪૦. | મદનરેખા | ૨૫-૦૦ |
| ૧૨. | વીશ સ્થાનકપદનો મહિમા | ૭૫-૦૦ | ૪૧. | કર્મબંધન | ૨૪-૦૦ |
| ૧૩. | પ્રેરક જૈન કથાઓ | ૯૦-૦૦ | ૪૨. | કયવન્ના શેઠ | ૩૩-૦૦ |
| ૧૪. | કર્મની ગતિ ન્યારી | ૯૦-૦૦ | ૪૩. | પુણ્યનાં તેજ | ૪૩-૭૫ |
| ૧૫. | શ્રી પાર્શ્વ પ્રભુના પ્રાચીન તીર્થો | ૧૩૦-૦૦ | ૪૪. | શ્રીપાળ મયણાસુંદરી | ૪૧-૦૦ |
| ૧૬. | પૃથ્વીચંદ્ર ગુણસાગર | ૭૫-૦૦ | ૪૫. | પુણ્યની પરીક્ષા | ૩૨-૦૦ |
| ૧૭. | પુણ્યશાળી પુણ્યધન | ૭૫-૦૦ | ૪૬. | વસ્તુપાલ તેજપાલ | ૪૩-૦૦ |
| ૧૮. | સિદ્ધગિરિ તોરી મહિમા | ૭૫-૦૦ | ૪૭. | ધન્ના શાલિભદ્ર | ૩૬-૦૦ |
| ૧૯. | શંખેશ્વર તોરી મહિમા | ૭૫-૦૦ | ૪૮. | દાનવીર જગડુશાહ | ૩૬-૦૦ |
| ૨૦. | રાજરાજેશ્વર કુમારપાળ | ૧૬૫-૦૦ | ૪૯. | ઝાંઝણ શાહ | ૨૫-૦૦ |
| ૨૧. | સતીઓના તેજ | ૧૦૦-૦૦ | ૫૦. | બે ડગલાં આગળ | ૨૭-૫૦ |
| ૨૨. | સોળ મહાસતીઓ | ૧૦૦-૦૦ | ૫૧. | અમર બલિદાન | ૨૩-૦૦ |
| ૨૩. | વીર વત્સરાજ | ૧૨૦-૦૦ | ૫૨. | વિધિના વર્તુળ | ૪૦-૦૦ |
| ૨૪. | વિધિના વિધાન | ૧૦૦-૦૦ | ૫૩. | ચિત્રસેન પદ્માવતી | ૨૮-૦૦ |
| ૨૫. | ઉદયભાણ વીરભાણ | ૧૨૫-૦૦ | ૫૪. | સુખની ભ્રમણા | ૨૦-૦૦ |
| ૨૬. | પગલે પગલે પરીક્ષા | ૮૦-૦૦ | ૫૫. | નેમ રાજુલ | ૩૦-૦૦ |
| ૨૭. | આનું નામ સંસાર | ૪૬-૦૦ | ૫૬. | રૂપ નંદિની | ૯-૦૦ |
| ૨૮. | રત્નપાળ | ૪૫-૦૦ | ૫૭. | સાર આ સંસારનો | ૧૮-૦૦ |
| ૨૯. | સુદર્શના | ૪૪-૦૦ | | | |

### સંગીતના પુસ્તકો

| | |
|---|---|
| સરગમ (૭૫ રાગોનો પરિચય) (ત્રીજી આવૃત્તિ) | ૧૨૫-૦૦ |
| સૂર અને સ્વર (૪૦ સંગીતકારોના જીવન ચરિત્રો) | ૨૪-૦૦ |
| સૂર સમાગમ (૪૫ સંગીતકારોનાં જીવન ચરિત્રો) | ૨૬-૦૦ |
| સાજ સરગમ (વિવિધ વાદ્યોના પરિચય) | ૨૨-૦૦ |
| તરાના (ફિલ્મી સંસ્મરણો) | ૧૦૦-૦૦ |


**નવયુગ પુસ્તક ભંડાર : બુકસેલર્સ : પબ્લિશર્સ**

નવા નાકા રોડ, ૧ લે માળે, રાજકોટ-૩૬૦૦૦૧ (સૌરાષ્ટ્ર)

# અંતરના ઉદ્‌ગાર...

રાજસ્થાન એ રાજાઓની ભૂમિ અને શૂરવીરોની ભૂમિ છે. રાજસ્થાન એક ઐતિહાસિક, ધાર્મિક અને કલાપૂર્ણ સ્થાપત્યોનો પ્રદેશ છે.

રાજસ્થાનના પ્રાચીન જૈન તીર્થો તેની કલાત્મક શિલ્પકારીગરીથી સુપ્રસિદ્ધ છે. રાણકપુર, દેલવાડા જેવા તીર્થો શિલ્પ કલાકારીનો ઉત્કૃષ્ટ ઉદાહરણ છે. રાજસ્થાનના મોટાભાગના સ્થળો તેમની ઐતિહાસિક ગાથાઓથી સમૃદ્ધ છે. ખરેખર કુદરતની પ્રકૃતિના દર્શન કરવા જ હોય તો રાજસ્થાનની મુલાકાત અવશ્ય લેવી જ પડે.

ગુજરાતની જેમ રાજસ્થાનમાં પણ નવા-નવા જૈનતીર્થો આકાર પામી રહ્યાં છે. જેમાં પાવાપુરી, ભેરુ તારક ધામ, જહાજ મંદિર સહિતના અન્ય તીર્થો ભાવિકોની પ્રેરણાનું કેન્દ્ર બન્યા છે. રાજસ્થાનમાં આવેલું શ્રી નાકોડાજી તીર્થ અત્યંત પ્રભાવક છે. ડુંગરોની હારમાળા વચ્ચે આવેલા આ તીર્થમાં બારે મહિના ભાવિકોની અવરજવર રહે છે. નવી ધર્મશાળા, ભોજનશાળા વગેરે બનાવાઈ છે.

અહીં સંભવતઃ રાજસ્થાનના જાણીતા તમામ નવા-જૂના તીર્થોનું વર્ણન કરવામાં આવ્યું છે. તેમજ તે તીર્થના સંપર્ક માટે પેઢીના ફોન નંબર આપવાનો પ્રયાસ કર્યો છે. ફોન નંબરમાં બને ત્યાં સુધી ચોકસાઈ રાખી છે.

મારા દરેક પુસ્તકોને આપનો પ્રેમ અને આદર મળ્યો છે. તેવો પ્રેમ આ પુસ્તકને પણ મળશે તેવી મારી શ્રદ્ધા છે.

સંવત ૨૦૬૪ : દિવાળી
૩૮, કરણપરા, ધામી નિવાસ,
કિશોરસિંહજી રોડ,
રાજકોટ -૩૬૦૦૦૧

**- વિમલકુમાર મોહનલાલ ધામી**

# -: અનુક્રમ :-


| ક્રમ | | પૃષ્ઠ | ક્રમ | | પૃષ્ઠ |
|---|---|---|---|---|---|
| ૧. | શ્રી રાણકપુર તીર્થ | ૯ | ૨૪. | શ્રી સાંડેરાવ તીર્થ | ૫૧ |
| ૨. | શ્રી દેલવાડા (આબુ) તીર્થ | ૧૪ | ૨૫. | શ્રી વરકાણા તીર્થ | ૫૧ |
| ૩. | શ્રી અચલગઢ તીર્થ | ૧૮ | ૨૬. | શ્રી મૂછાળા મહાવીર તીર્થ | ૫૩ |
| ૪. | શ્રી જીરાવલા પાર્શ્વનાથ તીર્થ | ૧૯ | ૨૭. | શ્રી રાતા મહાવીર તીર્થ | ૫૫ |
| ૫. | શ્રી ડુંગરપુર તીર્થ | ૨૩ | ૨૮. | શ્રી સેવાડી તીર્થ | ૫૬ |
| ૬. | શ્રી આયડ તીર્થ | ૨૪ | ૨૯. | શ્રી બાલી તીર્થ | ૫૭ |
| ૭. | શ્રી જેસલમેર તીર્થ | ૨૬ | ૩૦. | શ્રી સાદડી તીર્થ | ૫૭ |
| ૮. | શ્રી લોદ્રવપુર તીર્થ | ૩૦ | ૩૧. | શ્રી ખુડાલા તીર્થ | ૫૮ |
| ૯. | શ્રી ફલવૃદ્ધિ પાર્શ્વનાથ તીર્થ | ૩૩ | ૩૨. | શ્રી નાડોલ તીર્થ | ૫૯ |
| ૧૦. | શ્રી બ્રહ્મસર (સાગર) તીર્થ | ૩૬ | ૩૩. | શ્રી નાડલાઈ તીર્થ | ૬૦ |
| ૧૧. | શ્રી અમરસાગર તીર્થ | ૩૭ | ૩૪ | શ્રી નૂન તીર્થ | ૬૧ |
| ૧૨. | શ્રી પોખરણ તીર્થ | ૩૮ | ૩૫. | શ્રી સિરોહી તીર્થ | ૬૨ |
| ૧૩. | શ્રી પાલીતીર્થ | ૩૮ | ૩૬ | શ્રી બામનવાડા તીર્થ | ૬૩ |
| ૧૪. | શ્રી કેશરિયાજી તીર્થ | ૪૧ | ૩૭ | શ્રી વીરવાડા તીર્થ | ૬૪ |
| ૧૫. | શ્રી વટપદ્ર તીર્થ | ૪૨ | ૩૮ | શ્રી મીરપુર તીર્થ | ૬૫ |
| ૧૬. | શ્રી કરેડા તીર્થ | ૪૩ | ૩૯ | શ્રી નાન્દિયા તીર્થ | ૬૬ |
| ૧૭. | શ્રી ચિત્તોડગઢ તીર્થ | ૪૫ | ૪૦. | શ્રી દિયાણા તીર્થ | ૬૭ |
| ૧૮. | શ્રી નાગહદ તીર્થ | ૪૭ | ૪૧ | શ્રી નાણા તીર્થ | ૬૮ |
| ૧૯. | શ્રી સ્વર્ણગિરિ તીર્થ | ૪૮ | ૪૨. | શ્રી મેડતા તીર્થ | ૬૯ |
| ૨૦. | શ્રી ઉમેદપુર તીર્થ | ૪૯ | ૪૩ | શ્રી નાગેશ્વર પાર્શ્વનાથ તીર્થ | ૭૧ |
| ૨૧. | શ્રી જાલોર તીર્થ | ૪૯ | ૪૪. | શ્રી દેવકુલપાટક તીર્થ | ૭૫ |
| ૨૨. | શ્રી આહોર તીર્થ | ૪૯ | ૪૫. | શ્રી સિરોડી તીર્થ | ૭૬ |
| ૨૩. | શ્રી તખતગઢ તીર્થ | ૫૦ | ૪૬. | શ્રી રાજનગર તીર્થ | ૭૭ |

| ક્રમ | પૃષ્ઠ |
|---|---|
| ૪૭. શ્રી ભિન્નમાલ તીર્થ | ૭૮ |
| ૪૮. શ્રી ખામેલ તીર્થ | ૮૨ |
| ૪૯. શ્રી સિવેરા તીર્થ | ૮૨ |
| ૫૦. શ્રી કોરટા તીર્થ | ૮૩ |
| ૫૧. શ્રી નાકોડા તીર્થ | ૮૩ |
| ૫૨. શ્રી અજારી તીર્થ | ૮૬ |
| ૫૩. શ્રી લોટાણા તીર્થ | ૮૮ |
| ૫૪. શ્રી રાડબર તીર્થ | ૮૮ |
| ૫૫. શ્રી નિતોડા તીર્થ | ૮૯ |
| ૫૬. શ્રી કોલરગઢ તીર્થ | ૮૯ |
| ૫૭. શ્રી રાવણ પાર્શ્વનાથ તીર્થ | ૯૦ |
| ૫૮. શ્રી સેસલી તીર્થ | ૯૨ |
| ૫૯. શ્રી ગંગાણી તીર્થ | ૯૩ |
| ૬૦. શ્રી ઓસિયા તીર્થ | ૯૪ |
| ૬૧. શ્રી કાછોલી તીર્થ | ૯૬ |
| ૬૨. શ્રી પોસલી તીર્થ | ૯૭ |
| ૬૩. શ્રી મુંડાવા તીર્થ | ૯૮ |
| ૬૪. શ્રી કાપરડાજી તીર્થ | ૧૦૦ |
| ૬૫. શ્રી પદ્મપ્રભુજી તીર્થ | ૧૦૩ |
| ૬૬. શ્રી બારમેર તીર્થ | ૧૦૪ |
| ૬૭. શ્રી ઘાણેરાવ તીર્થ | ૧૦૫ |
| ૬૮. શ્રી દેલદર તીર્થ | ૧૦૬ |
| ૬૯. શ્રી કીંવરલી તીર્થ | ૧૦૬ |
| ૭૦. શ્રી મંડાર તીર્થ | ૧૦૬ |
| ૭૧. શ્રી નાખોડા તીર્થ | ૧૦૭ |
| ૭૨. શ્રી ડેરણા તીર્થ | ૧૦૮ |
| ૭૩. શ્રી ખીંવસર તીર્થ | ૧૦૮ |
| ૭૪. શ્રી કાસીન્દ્રા તીર્થ | ૧૦૮ |
| ૭૫. શ્રી ગોહિલી તીર્થ | ૧૦૯ |
| ૭૬. શ્રી પિન્ડવાડા તીર્થ | ૧૦૯ |
| ૭૭. શ્રી નાગોરતીર્થ | ૧૧૦ |
| ૭૮. શ્રી ભાન્ડવાજી તીર્થ | ૧૧૧ |
| ૭૯. શ્રી ફલૌધી તીર્થ | ૧૧૧ |
| ૮૦. શ્રી ઉથમણ તીર્થ | ૧૧૨ |
| ૮૧. શ્રી મુંડસ્થલ તીર્થ | ૧૧૨ |
| ૮૨. શ્રી ધણ્ણારી તીર્થ | ૧૧૩ |
| ૮૩. શ્રી લાજ તીર્થ | ૧૧૩ |
| ૮૪. શ્રી સત્યપુર તીર્થ (સાંચોર) | ૧૧૪ |
| ૮૫. શ્રી કોજરા તીર્થ | ૧૧૪ |
| ૮૬. શ્રી ઝાડોલી તીર્થ | ૧૧૫ |
| ૮૭. શ્રી વાટેરા તીર્થ | ૧૧૫ |
| ૮૮. શ્રી ઓર તીર્થ | ૧૧૬ |
| ૮૯. શ્રી વરમાણ તીર્થ | ૧૧૬ |
| ૯૦. શ્રી લાજ તીર્થ (૨) | ૧૧૬ |
| ૯૧. શ્રી પાવાપુરી તીર્થધામ | ૧૧૭ |
| ૯૨. શ્રી દાંતરાઈ તીર્થ | ૧૧૭ |
| ૯૩. શ્રી ભેરુતારક ધામતીર્થ | ૧૧૮ |
| ૯૪. શ્રી લુણાવા તીર્થ | ૧૧૮ |
| ૯૫. શ્રી બિકાનેર તીર્થ | ૧૧૯ |
| ૯૬. શ્રી માંડવલા તીર્થ (જહાજમંદિર) | ૧૧૯ |

# રાજસ્થાનના જૈનતીર્થો

(તીર્થ - પરિચય)

●

●

રાજસ્થાન એ શિલ્પ-સ્થાપત્યની વિપુલતા અને વિવિધતાઓથી સમૃદ્ધ પ્રદેશ છે. અહીંના પ્રાચીન જૈન તીર્થો કલાત્મક શિલ્પોથી સમૃદ્ધ છે. રાજસ્થાનના મોટાભાગના સ્થળો તેમની ઐતિહાસિક ગાથાઓથી સમૃદ્ધ છે.

## ૧. શ્રી રાણકપુર તીર્થ

સુરમ્ય રાજસ્થાનની અરવલ્લી પર્વતમાળામાં નાની ટેકરીઓમાં મઘાઈ નદીના કિનારે શાંત અને પવિત્ર જગ્યામાં શ્રી રાણકપુર તીર્થ આવેલું છે. આ તીર્થમાં મૂળ નાયકરૂપે શ્રી આદિનાથ પ્રભુની, શ્વેત વર્ણની, પદ્માસનસ્થ ચૌમુખી પ્રતિમાજી બિરાજિત છે.

ઉદેપુરથી હલદીઘાટીના માર્ગેથી આવતાં આ તીર્થસ્થળ લગભગ ૧૦૦ કિ.મી.ના અંતરે આવેલું છે. શ્રી નાથદ્વારાથી આવતાં ૧૫૦ કિ.મી.નું અંતર છે. આ માર્ગે નાગહદ, દેવકુલપાટક (દેલવાડા), રાજનગર વગેરે ઘણાં દર્શનીય સ્થળો આવેલાં છે.

### તીર્થની વિશેષતા

શ્રી રાણકપુર તીર્થનો ઇતિહાસ અતિ પ્રભાવશાળી અને ભવ્યતા ધરાવનારો છે. આ તીર્થના નિર્માણનું શ્રેય યુગપ્રધાન આચાર્યશ્રી સોમસુંદરસૂરીશ્વરજી મહારાજને ફાળે જાય છે. પૂજ્ય આચાર્ય ભગવંતની પાવન પ્રેરણાથી નાન્દીયા નિવાસી શ્રેષ્ઠી કુંવરપાલ અને શેઠાણી કામલદેના પુત્ર રાણા કુંભાના શૂરવીર મંત્રી ધરણાશાહ (ધન્નાશાહ)માં ધર્મ પ્રત્યે વધારે રુચિ ઉત્પન્ન થઈ આથી ધરણાશાહને બાલવયથી જ અનેક વ્રતો ધારણ કરવાનું, દાનપુણ્ય કરવાનું, તીર્થયાત્રા કરવાનું મહાસૌભાગ્ય પ્રાપ્ત થયું હતું.

મંત્રી ધરણાશાહે અનેરા ધર્મોત્સાહ સાથે શાશ્વતતીર્થ શ્રી શત્રુંજય ગિરિવરની યાત્રા કરી, યાત્રાથી પરત ફર્યા બાદ તેમને શ્રી આદિનાથ પ્રભુનું ભવ્યાતિભવ્ય જિનાલયનું નિર્માણ કરવાની ભાવના ઉત્પન્ન થઈ.

એવામાં એક દિવસ મંત્રી ધરણાશાહને વહેલી પરોઢે આવેલા સ્વપ્નમાં 'નલિની ગુલ્મદેવ વિમાન'નાં દિવ્ય દર્શન થયાં. આથી તેમના હૈયામાં 'નલિની ગુલ્મ વિમાન' જેવું અલૌકિક, ભવ્યતા બક્ષતું, ભાવિ પેઢી માટે પ્રેરણા આપતું તથા વિશ્વમાં જૈનશાસનનું ગૌરવ વધારે એવું શિલ્પકલામાં સર્વશ્રેષ્ઠ, કલાકારીગરીમાં સર્વાંગ સુંદર હોય તેવું ભવ્ય જિનાલય બંધાવવાની ભાવના જાગૃત થઈ.

સ્વપ્નમાં 'નલિની ગુલ્મ દેવ વિમાન'નાં દિવ્ય દર્શન થયા પછી મંત્રી ધરણાશાહને જિનાલય બાંધવાની કામના બળવત્તર બની હતી. તેમણે ભારતવર્ષના શ્રેષ્ઠ શિલ્પકારો, કલાકારોને પોતાની પાસે બોલાવ્યા અને તેઓની સમક્ષ પોતાના વિચારો રજૂ કર્યા. શિલ્પકારો અને કલાકારોએ ધરણાશાહના વિચારો મુજબ નકશાઓ બનાવ્યા. ત્યારે પ્રભુવત્સલ કલાકાર દીપાનો નકશો ધરણાશાહને પસંદ પડ્યો. દીપા નામના કલાકારે ધરણાશાહના વિચારોને નકશામાં મૂર્તિમંત કર્યા હતા. આમ દીપા કલાકારે મંત્રી ધરણાશાહનું મન જીતી લીધું.

આમ શુભ દિવસે અને મૂહુર્તે ધરણાશાહે મંદિર-નિર્માણનું કાર્ય શરૂ કરાવ્યું. એવું માનવામાં આવે છે કે ધરણાશાહની ભાવના સાત માળનું ભવ્ય જિનાલય બનાવવાની હતી પરંતુ પોતાના આયુષ્યનો અંતકાળ નજીક જાણીને ત્રણ માળનું મંદિર પૂર્ણ થતાં જ એમના માર્ગદર્શક તેમજ મહાપ્રતિભાશાળી આચાર્ય ભગવંત પૂ. શ્રી સોમસુંદરસૂરીશ્વરજી

મહારાજને પ્રતિષ્ઠા માટે વિનંતી કરી. પૂ. આચાર્ય ભગવંતે ધરણાશાહની વિનંતીનો સહૃદયપૂર્વક સ્વીકાર કર્યો.

અને વિક્રમ સંવત ૧૪૯૬માં આ.ભ.શ્રી સોમસુંદરસૂરીશ્વરજી મહારાજાના હસ્તે જિનાલયની પ્રતિષ્ઠા થઈ. પ્રતિષ્ઠા મહોત્સવની ઉજવણી ભવ્ય રીતે કરવામાં આવી હતી. પ્રતિષ્ઠા મહોત્સવમાં દૂર દૂરથી લોકો આવેલા હતા. પ્રતિષ્ઠા મહોત્સવ આઠ-આઠ દિવસ સુધી રંગેચંગે ઊજવાયો હતો. એક માન્યતા અનુસાર આ જિનાલયના નિર્માણ પાછળ રૂ. ૯૯ લાખનો ખર્ચ થયો હતો. જિનાલય નિર્માણમાં ૨૫૦૦ શિલ્પીઓ કાર્યરત હતા અને ૬૩ વર્ષના અથાગ પ્રયત્નો બાદ આ દિવ્ય અને ભવ્ય જિનાલયનું નિર્માણ થયું. આજે રાણકપુરનું આ જિનાલય જૈનશાસનગૌરવનું ગાન કરી રહ્યો છે અને દેશ-વિદેશના લોકો આ જિનાલયની કલાકારીગરીથી અભિભૂત થઈ રહ્યા છે.

પ્રાકૃતિક સૌંદર્યના શણગારમાં નિર્માણ થયેલા આ ભવ્ય તીર્થનાં દર્શન જ્યારે કોઈપણ માણસ કરે છે ત્યારે આ જિનાલય સ્વર્ગલોકના દેવવિમાનતુલ્ય ભાસ્યા વિના રહેતું નથી. અહીં આવનારો માણસ સંસારની આધિ, વ્યાધિ અને ઉપાધિથી મુક્ત બન્યા વગર રહેતો નથી.

આ ભવ્યાતિભવ્ય જિનાલયને ચાર દ્વારો છે, ત્રણ મજલાઓ છે. દરેક માળ ઉપર ચૌમુખી પ્રતિમાજીઓ બિરાજમાન છે. જિનાલયમાં ૭૬ શિખરબંધ ધજાઓ સાથે નાની દેવકુલિકાઓ, રંગમંડપ તથા શિખરોથી જોડાયેલ ચાર મોટી દેવકુલિકાઓ તથા ચારેય દિશાઓમાં ચાર મહાધર પ્રાસાદ આમ કુલ ચોર્યાસી દેવકુલિકાઓ છે. જે સંસારીજનને જીવની ચોરાસી લાખ યોનિઓથી વ્યાપ્ત આ ભવસાગરના ફેરામાંથી મુક્ત થવાની પાવન પ્રેરણા

આપે છે. ચારેય દિશાઓમાં ચાર મેઘનાદ મંડપો શોભામાં અભિવૃદ્ધિ કરે છે, તેની જોડ મળવી પણ દુર્લભ છે.

આ જિનાલયમાં કુલ ૧૪૪૪ સ્તંભો બનાવાયા છે પણ તેની ગણતરી કરવી વિકટ છે. જિનાલયનું નિર્માણ કરનાર શિલ્પીઓએ સ્તંભોની રચના એવી રીતે કરેલી છે કે દરેક સ્તંભ પાસેથી એકાદ દેરીમાંથી જિનપ્રતિમાનાં દર્શન થાય છે. દરેક સ્તંભની કારીગરી અદ્‌ભુત છે. સ્તંભોની ઊંચાઈ લગભગ ૪૦ ફૂટની છે તથા નાનીમોટી સાઈઝમાં સાદી તથા અત્યંત બારીક કોતરણીઓ કરેલી છે.

રાણકપુરના આ ભવ્ય જિનાલયમાં ઉત્તર તરફ રાયણવૃક્ષ તથા શ્રી આદિનાથ પ્રભુનાં ચરણચિહ્નો છે. અહીં કેટલાંક ભોંયરાં પણ છે. જિનાલયની છતો અને થાંભલાઓ, ભીંતો ઉપર ઉત્કૃષ્ટ કલાકારીગરીનાં દર્શન થયા વગર રહેતાં નથી. જિનાલયના મુખ્ય દ્વાર પાસે પ્રવેશતા છત પર કલ્પવૃક્ષની કલાત્મક કારીગરી છે. કહેવાય છે કે તે જગ્યાએ ઊભા રહીને સંકલ્પ કરવામાં આવે તો તે સફળ થાય છે. અહીં શ્રી પાર્શ્વપ્રભુના કાઉસગ્ગ ધ્યાન વખતે કમઠનો ઉપસર્ગ તથા શ્રી ધરણેન્દ્રદેવ વતી સહસ્રફણા નાગ સ્વરૂપે પ્રભુની રક્ષા આ પ્રકારનું શિલ્પ એક અખંડ પથ્થરમાં નિહાળી શકાય છે, જે કલાનો સર્વશ્રેષ્ઠ નમૂનો છે.

આ ઉપરાંત આ જિનાલયમાં કૃષ્ણલીલાનો નાગદમન પ્રસંગ, સહસ્રકૂટના કલાથી સમૃદ્ધ શીલપટ્ટ, કલ્પવૃક્ષનાં પાંદડાં અને સ્તંભો વચ્ચેનાં તોરણોની કારીગરી જોતાં ભાવિક ભાવવિભોર બની જાય છે. અહીંનાં તોરણોની આરપાર બારીક કોતરણી, દ્વારોની કારીગીરી ખાસ નિહાળવા જેવી છે.

મુખ્ય પ્રવેશદ્વારમાં આવ્યા પછી રંગમંડપના સ્તંભોમાં એક

જગ્યાએ થોડી ઊંચાઈએ જિનાલયનું નિર્માણ કરનારા મંત્રી શ્રી ધરણાશાહની મૂર્તિ કંડારેલી છે. ત્યાંથી શ્રી આદિનાથ પ્રભુનાં દર્શન હંમેશ થતાં રહે છે.

અહીં એક બીજા સ્તંભમાં આ જિનાલયના શિલ્પી દીપા કલાકારના હાથમાં કમંડળ અને ગજ (હાથી) સાથેની મૂર્તિ છે. એવું મનાય છે કે દીપા કલાકાર સાધુપુરુષ હતા અને સાદુ તથા સાત્ત્વિક જીવન જીવતા હતા. તેઓ ખાસ ભણેલા નહોતા પરંતુ જિનાલયના નિર્માણમાં દૈવી સહાય મળી હતી. તેણે કરેલી અથાગ મહેનતું પરિણામ છે. તેમાંય ચાર મેઘમંડપોમાં કલાત્મક કારીગરી ચઢતા ક્રમે ભવ્ય બનતી જાય છે. અર્થાત્ પહેલા કરતાં બીજામાં, બીજા કરતાં ત્રીજામાં અને ત્રીજા કરતાં ચોથા મેઘમંડપમાં કલાની ભવ્યતા એવી છે કે સૌ કોઈ મોંમાં આંગળી મૂકે. કહેવાય છે કે ચોથો મેઘનાદ મંડપ ધરણાશાહના ભાઈ રત્નાશાહના યોગદાન દ્વારા બન્યો છે. મંત્રી ધરણાશાહની ભાવનાને વધારે સમૃદ્ધ કરવા ચોથા મંડપમાં ઉત્કૃષ્ટ કલાકારીગરી દર્શાવાઈ છે.

શ્રી રાણકપુરના આ જિનાલયની ભવ્યતા દૂરથી જોનારાને મળી જાય છે. એવી કહેવત પ્રચારમાં છે કે 'આબુની કોતરણી, રાણકપુરની બાંધણી (માંડણી), તારંગાની ઊંચાઈ અને શ્રી સિદ્ધગિરિનો અપરંપાર મહિમા. કટકો-બટકો ખાજે પણ તીર્થસ્થાને જરૂર જજે.'

આ જિનાલયમાં ૨૫૦ કિલોના બે નર-માદા (કુલ્લે ૫૦ કિલો) ઘંટ છે. જો વગાડવામાં આવે તો 'ઓમ' શબ્દનો ધ્વનિ પ્રગટ થાય છે. જ્યારે શાંત વાતાવરણ હોય ત્યારે આ ઘંટનો ધ્વનિ ત્રણ કિલોમીટર સુધી સંભળાય છે, તેમાંય શિયાળાના દિવસોમાં

ધ્વનિ દૂર દૂર સુધી સંભળાતો હોવાના દાખલા છે. જિનાલયના ભોંયરામાં અનેક પ્રાચીન મૂર્તિઓનો સંગ્રહ છે. આ ઉપરાંત અહીં શ્રી પાર્શ્વપ્રભુ, શ્રી નેમિનાથ પ્રભુ તથા સૂર્ય મહારાજનું મંદિર છે. અહીં રહેવા તથા ભોજન માટેની આધુનિક સગવડ છે. તાજેતરમાં અહીં સંપૂર્ણ સુવિધા સાથેની ધર્મશાળા તૈયાર કરાઈ છે. ગોડવાલ પંચતીર્થનું મુખ્ય સ્થળ છે. સાદડી ગામથી આ તીર્થ નવ કિલોમીટરના અંતરે આવેલું છે. ફાલના સ્ટેશન ૪૦ કિ.મી.ના અંતરે, રાણી ૮ અને ઘાણેરાવ ૧૩ કિ.મી.ના અંતરે છે.

શ્રી રાણકપુર તીર્થ :- શેઠ શ્રી આણંદજી કલ્યાણજીની પેઢી, રાણકપુર તીર્થ, પો. સાદડી-૩૬૦૭૦૨. જિ. પાલી (રાજસ્થાન) ફોન નં. ૦૨૯૩૧-૨૮૫૦૧૯/૨૮૫૦૨૧

## ૨. શ્રી દેલવાડા (આબુ) તીર્થ

માઉન્ટ આબુ ઉપર આવેલા પર્વતોની ગોદમાં, સમુદ્રસપાટીથી ૪૦૦૦ ફૂટ જેટલી ઊંચાઈએ આવેલ શ્રી દેલવાડા તીર્થ દરેક જૈનોની પરમ આસ્થાનું ધામ છે. શ્રી દેલવાડા તીર્થ કલાકોતરણી અને કારીગરીના કારણે જગપ્રખ્યાત બન્યું છે. અહીંથી આબુ રોડ સ્ટેશન ૨૭ કિ.મી.ના અંતરે છે તથા આ તીર્થથી અચલગઢ તીર્થ ૧૦ કિ.મી.ના અંતરે છે. અહીં તમામ સુવિધાઓથી યુક્ત ૨૮ બ્લોકની ધર્મશાળા છે તથા ભોજનશાળા પણ છે. શેઠ શ્રી કલ્યાણજી પરમાનંદજી પેઢી આ તીર્થનો વહીવટ કરે છે. તેનો ફોન નં. (૦૨૯૭૪) ૨૩૮૪૨૪ તથા ૨૩૭૩૨૪ છે. અહીંથી દંતાણી ૫૦ કિ.મી., બામણવાડા ૭૦ કિ.મી., નાંદીયા ૬૨ કિ.મી. તથા દિયાણા ૬૦ કિ.મી.ના અંતરે આવેલ છે.

## તીર્થની વિશેષતા

જૈન શાસ્ત્રાનુસાર શ્રી દેલવાડા તીર્થની ગણના પ્રાચીન તીર્થમાં થાય છે. અહીં શ્રી ઋષભદેવ સ્વામીના પુત્ર ભરતેશ્વર ચક્રવર્તીએ શ્રી આદિનાથ પ્રભુનું ચતુર્મુખ તીર્થ બનાવેલું, અહીં વિશ્વવિખ્યાત વિમલવસહી (જેનું નિર્માણ મંત્રી શ્રી વિમળશાહે કરેલું) તથા લાવણ્યસહી (જેનું નિર્માણ મંત્રી વસ્તુપાલ- તેજપાલના હસ્તે થયેલું છે.) જિનાલયોનાં દર્શન કરીને અંતરમન પ્રસન્ન બની ઊઠે છે. આ તીર્થ અદ્‌ભુત કલાકારીગરીથી સમૃદ્ધ છે. સમગ્ર કલાનો વૈભવ અહીં જોવા મળે છે.

ઐતિહાસિક તથ્યો અનુસાર ગુર્જરનરેશ ભીમદેવના મંત્રી અને સેનાપતિ વિમળશાહ હતા. અંતિમ વર્ષોમાં વિમળ શાહે સમરાંગણમાં અનેક દુષ્કાર્યો કર્યા હતાં ત્યારે જૈનશાસનના મહાપ્રભાવક આચાર્ય ભગવંત શ્રી ધર્મઘોષસૂરીશ્વરજી મહારાજે મંત્રી વિમળશાહને પ્રાયશ્ચિત્ત રૂપે અર્બુદાચલના પ્રાચીન તીર્થનો ઉદ્ધાર કરવાની પાવન પ્રેરણા આપી હતી. મંત્રી વિમળશાહનાં પત્ની શ્રીદત્તા ધર્મપરાયણ શ્રાવિકા હતાં. સુશીલ, સંસ્કારી અને ધર્માનુરાગી શ્રીદત્તા પોતાના સ્વામીના દરેક સત્કાર્યમાં પડખે ઊભી રહેતી હતી.

આચાર્ય ભગવંત શ્રી ધર્મઘોષસૂરિજી મહારાજે મંત્રી વિમળશાહને અર્બુદાચલ તીર્થના ઉદ્ધારની પ્રેરણા આપી ત્યાર બાદ મંત્રીએ મહારાજા સાથે આ અંગે વિચારવિમર્શ કર્યો અને આ સ્થાન નક્કી કર્યું. એ વખતે કેટલાક બ્રાહ્મણોએ તે સ્થાને જૈન તીર્થ બનાવવાનો વિરોધ નોંધાવ્યો. મંત્રી વિમળશાહે ધાર્યું હોત તો વિરોધીઓની અવગણના કરીને તીર્થ રચવા સમર્થ હતા પરંતુ તેમણે એવું પગલું ન ભર્યું અને તેમણે અઠમ તપની

આરાધના કરીને શ્રી અંબાજી દેવીની સાધના કરતાં તેમને ચંપક નામના વૃક્ષ નીચેથી શ્રી આદિનાથ પ્રભુની શ્યામવર્ણની પ્રતિમાજી પ્રાપ્ત થયાં. જે અહીં પ્રાચીન જૈન તીર્થ હોવાના સબળ પુરાવારૂપ હતું. આ પ્રતિમાજી હજારો વર્ષ પ્રાચીન છે અને હાલમાં વિમલવસહીમાં એક સ્થાને બિરાજમાન છે.

મંત્રી વિમળશાહે અર્બુદાચલમાં ભવ્ય જિનાલયનું કાર્ય શરૂ કર્યું. વિક્રમ સંવત ૧૦૮૮ (લગભગ એક હજાર વર્ષ પૂર્વે)માં અઢાર કરોડ, ત્રેપન લાખ રૂપિયાના ખર્ચે, ચૌદ વર્ષની મહેનતથી તથા ૧૫૦૦ કારીગરો તથા ૧૨૦૦મજૂરોની મદદથી આ ભવ્ય જિનાલયનું નિર્માણ થયું. મંદિરનિર્માણ માટેનો આરસપહાણ અંબાજી પાસેની આરાસણ ટેકરીઓ પરથી હાથીઓ દ્વારા લવાતો હતો. એના સ્મરણ રૂપે હસ્તીશાળા પણ બનાવાઈ છે.

એવું કહેવાય છે કે આ મંદિરમાં ઝીણામાં ઝીણી કોતરણીનું મુખ્ય કારણ કારીગરોને અપાયેલી મજૂરી છે. મંત્રી વિમળશાહે દરેક કારીગરને સંપૂર્ણ અખંડિત કામ માટે નીકળેલી રજ બરાબર વજનતુલ્ય સુવર્ણ અને સંપૂર્ણ અખંડિત કામ માટે ચાંદી આપી હતી. વધુ રજ માટે વધુ બારીકાઈભરેલું કાર્ય કરવા ઈચ્છતા કારીગરોએ અદ્વિતીય શિલ્પ કંડાર્યાં છે. અહીંનાં તોરણો, કમાનો અને ભમતીમાં દરેક જગ્યાએ બે છતોનું નકશીકામ જોતાં તેનું વર્ણન શબ્દોમાં ન કરી શકાય તેટલું અદ્‌ભુત અને અલૌકિક છે.

વિમલવસહીની ભમતીમાં બિરાજમાન પરિકરની કલાકારીગરી નિહાળવા જેવી છે. જે ખંડમાં શ્રી આદિનાથ પ્રભુનાં પૌરાણિક ભૂગર્ભમાંથી નીકળેલાં પ્રતિમાજી છે ત્યાં અંદરના ખંડોમાં

પ્રતિમાજીઓનો સંગ્રહ નિહાળવા જેવો છે. આ ઉપરાંત હસ્તીશાળાની બાજુમાં ૭૨ તીર્થંકર ભગવંતોની માતાઓનું શિલ્પદર્શન અંતરને આનંદની અનુભૂતિ કરાવનારું છે. જીવનમાં એક વાર વિમલવસહીનાં દર્શન દરેકે અવશ્ય કરવાં જોઈએ.

વિક્રમ સંવત ૧૨૮૭માં પ્રતિષ્ઠિત થયેલા તથા મંત્રી વસ્તુપાલ તથા તેજપાલ દ્વારા નિર્મિત 'લાવણ્યસહી'માં શ્રી નેમિનાથ પ્રભુજીની પ્રતિમાજી બિરાજમાન છે. 'લાવણ્યસહી' જિનાલયમાં તોરણો, સ્તંભો, દેરાણી-જેઠાણીના ગોખલા, ભમતીમાં છતોની કોતરણી વગેરે અત્યંત દર્શનીય છે. તેમજ છતો ઉપર નેમિનાથ-રાજુલની શિલ્પાકારે ચિત્રિત કથા, નાગદમન તથા દેવદેવીઓનાં શિલ્પ નિહાળવા લાયક છે.

આ ઉપરાંત અહીં શ્રી પાર્શ્વનાથ પ્રભુનું જિનાલય આવેલું છે. તથા અન્ય એક બીજું (કુલ પાંચ જિનાલયો) જિનાલય શ્રી ભામાશાહ દ્વારા નિર્મિત થયું છે. ભામાશાહને અહીં અતિ ભવ્ય જિનાલય બંધાવવાની ઇચ્છા હતી પરંતુ મહારાણા પ્રતાપને ધનની આવશ્યકતા પડતાં ભામાશાહે બધું ધન રાણા પ્રતાપના ચરણોમાં ધરી દીધેલું. આમ દેરાસરનું કામકાજ ટૂંકાણમાં પૂર્ણ કરવામાં આવ્યું હતું એમ કહેવાય છે.

કહેવાય છે કે ભામાશાહની પત્નીએ પોતાનાં વધેલાં ઘરેણાં ધાતુઓ જોડે સમાવીને પંચધાતુની પ્રતિમા ભરાવી છે જેમાં સોનાનો ભાગ વધુ છે. જિનાલય નિર્માણના મજૂરોએ પોતાના ફુરસદના સમયનો સદુપયોગ કરીને શ્રી પાર્શ્વનાથ ભગવાનનું જિનાલય સ્વેચ્છાએ બનાવેલું છે. આવાં કલાકારીગરીથી યુક્ત જિનાલયો, શિલ્પો ભારત કે વિશ્વમાં ભાગ્યે જ ક્યાંક છે.

## ૩. શ્રી અચલગઢ તીર્થ

માઉન્ટ આબુ પર દેલવાડાના દેરાસરથી આગળ જતાં અચલગઢ તીર્થ આવે છે. આ તીર્થની પ્રાચીનતા આબુ જેટલી જ છે. અચલગઢની તળેટી પાસે એક નાની ટેકરી ઉપર આવેલું શ્રી શાંતિનાથ પ્રભુનું દેરાસર સૌથી પ્રાચીન છે. પહાડ ઉપરના ઊંચા શિખર ઉપર શ્રી આદિનાથ પ્રભુનું જિનાલય (ચૌમુખી) વિશ્વવિખ્યાત છે. આ તીર્થનું નિર્માણ રાણકપુર તીર્થના સર્જક ધરણાશાહના મોટા ભાઈ રત્નાશાહના પૌત્ર સહસાશાહે વિક્રમ સંવત ૧૫૬૬માં કરાવ્યું હતું. અહીં ભગવાનનાં વિશાળકાય પંચધાતુના પ્રતિમાજી (૧૨૦ મણ) અતિ ભવ્ય અને દર્શનીય છે.

આ ઉપરાંત ચૌમુખીમાં અલગ અલગ સમયે અન્ય ત્રણ પ્રતિમાજીઓની પ્રતિષ્ઠા કરવામાં આવી છે. પરંતુ દરેક પ્રતિમાજીઓની કલા એકસરખી લાગે છે. અહીં બધાં મળીને ૧૮ પ્રતિમાજીઓ છે જેનું કુલ વજન ૧૪૪૪ મણ જેટલું બતાવવામાં આવે છે. આ પ્રતિમાજીઓની ચમક પરથી એવું અનુમાન કરવામાં આવે છે કે તેમાં સુવર્ણનો ભાગ વધારે સામેલ કરાયો છે.

અહીં આ જિનાલયના બીજા માળે સર્વધાતુની ચૌમુખી ઉપરપૂર્વ દિશામાં અલૌકિક પ્રતિમાજી બિરાજમાન છે. વર્તમાન ચોવીશીના પ્રથમ તીર્થંકર શ્રી ઋષભદેવ સ્વામીની આ પ્રતિમાજી શાંત, સૌમ્ય અને અત્યંત દર્શનીય છે. આ પ્રતિમાજી પર કોઈ લેખ નથી તેથી તેની પ્રાચીનતાનો અંશ મળવો દુર્લભ છે. પ્રતિમાજી કદ પણ ઘણું જ સપ્રમાણ છે.

આ સિવાય અહીં અન્ય ત્રણ જિનાલયો આવેલા છે. શ્રી ઋષભદેવ સ્વામી, શ્રી શાંતિનાથ પ્રભુ તથા કુંથુનાથ સ્વામીના

જિનાલયો છે. અહીં આબુના યોગીરાજ આચાર્ય ભગવંત વિજય શાંતિસૂરીશ્વરજીની વિશાળ તસવીર દર્શનાર્થે રાખવામાં આવેલ છે. સૌથી ઊંચા શિખરમાં એક દેરીમાં શ્રી આદીશ્વર પ્રભુનાં ચરણ સ્થાપિત છે તેમજ મુખ્ય જિનાલયનો રંગમંડપ વિશાળ છે. આ ડુંગર પર ચઢતાં પંદરેક મિનિટ લાગે છે.

અચલગઢ તીર્થનો વહીવટ શેઠશ્રી અચલજી અમરસિંહજી જૈન શ્વે. પેઢી-માઉન્ટ આબુ દ્વારા થાય છે. ફોન નં. (૦૨૯૭૪)૨૨૪૧૨૨. અહીં ધર્મશાળા તથા ભોજનશાળાની સુવિધા છે. અહીંથી જીરાવલ્લા ૬૫ કિ.મી., અંબાજી ૬૮ કિ.મી., બામણવાડા ૭૫ કિ.મી.ના અંતરે આવેલ છે.

## ૪. શ્રી જીરાવલા પાર્શ્વનાથ તીર્થ

રાજસ્થાનમાં આબુરોડ રેલવે સ્ટેશનથી ૪૮ કિલોમીટરના અંતરે તેમજ તાલુકાના રેવદર ગામથી ૫ કિલોમીટરના અંતરે પ્રાચીન તીર્થસ્થળ શ્રી જીરાવલા પાર્શ્વનાથજી સિરોહી જિલ્લામાં આવેલ છે. આ તીર્થ અનેક ડુંગરમાળાઓની વચ્ચે શોભી રહ્યું છે. આ તીર્થમાં બાવન દેવકુલિકાઓમાં જુદા જુદા નામના પાર્શ્વનાથ પ્રભુની પ્રતિમાજીઓ બિરાજિત છે. તાજેતરમાં આ તીર્થનો જીર્ણોદ્ધાર અને પ્રતિષ્ઠા મહોત્સવ સંપન્ન થયો છે.

અહીં ધર્મશાળા - ભોજનશાળાની ઉત્તમ સગવડ છે. આ તીર્થની આસપાસ શ્રી આશાપુરણ પાર્શ્વનાથ તીર્થ-નૂન, શ્રી સિરોડિયા પાર્શ્વનાથ તીર્થ - સિરોડી, શ્રી હમીરપુરા પાર્શ્વનાથ તીર્થ - મીરપુર, શ્રી સ્યાકરા પાર્શ્વનાથ, શ્રી સમેતશિખર તીર્થ (નાના સિરોડી) મુંડ સ્થલ, હણાદ્રા, વરમાણ વગેરે તીર્થો આવેલાં છે.

## તીર્થની વિશેષતા

પદ્માસનસ્થ શ્રી જીરાવલા પાર્શ્વનાથજી વેળુના, શ્વેત વર્ણના અને સાત ફણાથી અલંકૃત છે. ૧૧ ઇંચ ઊંચા અને ૧૪ ઇંચ પહોળા છે. આ પ્રતિમાજી ભમતીમાં મૂળનાયકની ડાબી બાજુ દીવાલના બહારના ભાગના ગોખલામાં બિરાજિત છે. પ્રભુજીને સાચાં મોતીનો લેપ કરવામાં આવ્યો છે.

શ્રી જીરાવલા પાર્શ્વનાથ તીર્થનો ઈતિહાસ ગૌરવપ્રદ અને મહિમાવંતો છે. પ્રાચીન ગ્રંથોમાં જીરાવલાનો ઉલ્લેખ જીરાપલ્લી, જીરિકાપલ્લી, જીરાવલ્લી તરીકેનો થયો છે. પ્રાચીન કાળમાં જીરાવલા એક સમૃદ્ધ શહેર હોવાનું પ્રાચીન ગ્રંથો જણાવે છે.

સંવત ૧૧૦૯ના સમયની વાત છે. વર્તમાન વરમાણ નામથી ઓળખાતા પ્રાચીનતમ બ્રહ્માણ નામના સ્થાનમાં રહેતી એક વૃદ્ધાની ગાય દરરોજ સેહીલી નામની સરિતાને તટે આવેલી દેવીની ગુફામાં દૂધ ઝરી આવતી હતી.

તે વૃદ્ધાએ આ કુતૂહલભર્યા સમાચાર ગામના ધાંધલ નામના શ્રેષ્ઠીને જણાવ્યા. ધાંધલ શ્રેષ્ઠીએ રાત્રે જ તે સ્થાન પર ગયો અને નમસ્કાર મહામંત્રનું સ્મરણ કરી આડે પડખે થયો. તે સ્થાનમાં એક નયનરમ્ય, મનમોહક જિનબિંબ હોવાનો સંકેત અધિષ્ઠાયક દેવે સ્વપ્નમાં ધાંધલ શ્રેષ્ઠીને આપ્યો.

બીજે દિવસે વહેલી સવારે આ પ્રતિમાજીને જમીનમાંથી બહાર લાવવા માટે સંઘ એકત્રિત થયો. આ ગુફાની નજીકમાં રહેતા જીરાવલા નગરના લોકો પણ અતિ ઉત્સાહ સાથે આવી પહોંચ્યા. સૌએ ખૂબ જ ધૈર્યથી તે સ્થાન પર ખાડો કરતાં તેમાંથી શ્રી પાર્શ્વનાથ પ્રભુની દિવ્યતાનાં તેજ પાથરતી જિન પ્રતિમા પ્રગટ થઈ. પ્રતિમાજી જોઈને ઉપસ્થિત સર્વજનો ભાવવિભોર બન્યા.

આ પ્રતિમાજીને યોગ્ય સ્થાને લઈ જવા માટે બ્રાહ્મણ અને જીરાવલા ગામના સંઘોએ પોતપોતાનો દાવો રજૂ કર્યો, ત્યારે આ વિવાદનો અંત આણવા માટે એક વૃદ્ધ પુરુષના સૂચન અનુસાર બંને ગામના એક એક બળદ જોડેલા બળદગાડામાં પરમાત્માને બિરાજમાન કર્યા અને ગાડું જીરાપલ્લી તરફ આગળ વધ્યું. જીરાપલ્લીના લોકોમાં આનંદ, હર્ષનો અવસર ઊભરી આવ્યો. જીરાવલા નગરમાં પ્રભુજીનો ભવ્ય પ્રવેશ-મહોત્સવ થયો. ત્યાં શ્રી વીરપ્રભુના જિનાલયમાં મૂળનાયક તરીકે આ પ્રતિમાજીને બિરાજિત કરવામાં આવી. ધાંધલ શ્રેષ્ઠીએ જીરાવલામાં ભવ્ય જિનાલયનું નિર્માણ કર્યું. અને આ નૂતન જિનાલયમાં અજિતદેવસૂરિના વરદ્ હસ્તે શ્રી પાર્શ્વપ્રભુને ગાદીનશીન કરવામાં આવ્યા.

ભાવિકોની મનોકામના આ તીર્થના દર્શનમાત્રથી સંપન્ન થતી હોવાથી આ તીર્થનો મહિમા સર્વત્ર ગુંજવા લાગ્યો. સં. ૧૩૬૮માં અલ્લાઉદ્દીન ખીલજીના સૈન્યે કાન્હડદેવને યમસદને પહોંચાડીને જાલોર પર વિજય મેળવ્યો. આ આક્રમણ દરમ્યાન જીરાવલા તીર્થને અલ્લાઉદ્દીન ખીલજીના સૈન્ય દ્વારા નુકસાન થયું હતું ત્યારે શ્રી પાર્શ્વનાથ પ્રભુની પ્રતિમાજી ખંડિત થઈ હતી. ખંડિત પ્રતિમાજીના સ્થાને નવી પ્રતિમાજીની સ્થાપના કરવામાં આવી અને તેમની ડાબી બાજુએ આ ખંડિત પ્રતિમાજીને મૂકવામાં આવી. તે પ્રાચીન-ખંડિત પ્રતિમાજી આજે દાદા પાર્શ્વનાથજીના નામથી જાણવામાં આવે છે. ખંડિત પ્રતિમાજીનાં અંગો પર નવ ખંડો આજે પણ જાણવા મળે છે.

પ્રાચીન પાર્શ્વપ્રભુની પ્રતિમાજીને ખંડિત કરનાર આક્રમણખોરોને તેનું પરિણામ તત્કાળ ભોગવવું પડ્યું હતું. જાલોરના સૂબાને આ અધમ કૃત્યથી સહી ન શકાય તેવો વિચિત્ર

ઉપદ્રવ ઉત્પન્ન થયો. સૂબાએ અનેક ઉપચારો કર્યા, પરંતુ કોઈપણ ઉપાય કારગત ન નીવડ્યો ત્યારે કારભારીના સૂચનથી આ તીર્થમાં આવીને સૂબાએ પ્રભુ પાર્શ્વનાથજીની પ્રતિમા સામે મસ્તક મુંડાવીને ક્ષમાયાચના કરી, તેમ કરવાથી તેનો ઉપદ્રવ શાંત થયો. એવું કહેવાય છે કે ત્યારથી આ તીર્થમાં મુંડાવવાનો ચીલો શરૂ થયો છે.

પંદરમા સૈકામાં માંડવગઢના પાદશાહ આલમશાહના રાજ્યકારભારી ઝાંઝણશેઠના પુત્ર સંઘવી અલ્લારાજે આ તીર્થમાં અઢળક સંપત્તિ વાપરીને અદ્‌ભુત રંગમંડપ બંધાવ્યો હતો. શ્રીસંઘે મુસ્લિમ આક્રમણોથી બચવા આ તીર્થના મૂળનાયકમાં ફેરફાર કર્યો. ગભારા બહારની ડાબી તરફની દીવાલના બે ગોખલામાં શ્રી જીરાવલા પાર્શ્વનાથ અને શ્રી દાદા પાર્શ્વનાથને બિરાજિત કર્યા. તેમજ મૂળનાયક તરીકે શ્રી નેમિનાથ પ્રભુને પ્રતિષ્ઠિત કરવામાં આવ્યા. આ ફેરફાર ક્યારે થયો તે અંગેની કોઈ માહિતી જાણવા મળતી નથી.

સંવત ૨૦૨૦માં વૈશાખ સુદ-૬ના સોમવારે આચાર્ય પૂ. શ્રી હિમાચલસૂરીશ્વરજી મ. તથા મુનિરાજ શ્રી ત્રિલોકવિજયજી મ. આદિની નિશ્રામાં પુનઃ મૂળનાયકના સ્થાનમાં શ્રી પાર્શ્વપ્રભુની પ્રતિમાજી પ્રતિષ્ઠિત કરવામાં આવી. જ્યારે શ્રી નેમિનાથ પ્રભુની પ્રતિમાજીને ભમતીની એક દેરીમાં પ્રતિષ્ઠિત કરાઈ. આ પ્રતિષ્ઠા-મહોત્સવ ભવ્ય રીતે ઊજવાયો હતો.

એક માન્યતા અનુસાર આ પ્રતિમાજીનાં દર્શન શ્રી મહાવીર સ્વામીએ કર્યાં હતાં. આજે આ તીર્થનો મહિમા દિનપ્રતિદિન વધતો જાય છે. પ્રતિષ્ઠા, શ્રી શાંતિસ્નાત્ર વગેરે શુભ પ્રસંગોમાં શ્રી જીરાવલા પાર્શ્વનાથના મંત્રાક્ષર 'ૐ શ્રીં શ્રીં જીરાવલા પાર્શ્વનાથાય નમઃ'નું આલેખન કરવામાં આવે છે. ભાવિકો

પ્રતિક્રમણમાં તીર્થવંદના સૂત્રમાં આ તીર્થને વંદના કરે છે. દર વર્ષે અહીં કાર્તિકી પૂનમ, ચૈત્રી પૂનમ અને ભાદરવા સુદ-૬ના દિવસે મેળા ભરાય છે.

વિ.સં. ૧૩૪૦માં ઝાંઝણશાહ સંઘ સહિત આ તીર્થની યાત્રાએ આવ્યાનો ઉલ્લેખ છે. તેમણે મૂલ્યવાન મોતી અને સુવર્ણના તાર સાથેનો ચંદરવો અહીં બાંધ્યાનું કહેવાય છે.

આ તીર્થની સ્તવના અનેક જૈનાચાર્યોએ મુક્તમને કરી છે અને તીર્થની પ્રાચીનતા અને પ્રભાવકતાનાં ગુણગાન ગાયાં છે. આ તીર્થ રાજસ્થાનના સિરોહી જિલ્લામાં આવેલું છે.

શ્રી જીરાવલા પાર્શ્વનાથ જૈન તીર્થ, પો. જીરાવલા - ૩૦૭૫૭૪, તા. રેવદર (જિ. સિરોહી) રાજસ્થાન. ફોન નં. ૦૨૯૭૫-૨૪૪૩૮.

અહીંથી નજીકનું રેલવે સ્ટેશન આબુરોડ ૪૨ કિ.મી.ના અંતરે છે. રેવદર ૭ કિ.મી., દંતાણી ૧૯ કિ.મી., ભેરૂતારક ધામ તીર્થ ૨૬ કિ.મી., પાવાપુરીધામ ૩૭ કિ.મી. તથા માઉન્ટ આબુ ૬૮ કિ.મી.ના અંતરે છે. નજીકનાં શહેર મંડાર, દાંતરાઈ, રેવદર વગેરે સ્થળોએથી અહીં આવવા માટે વાહનો મળી શકે છે તેમજ તીર્થમાં ધર્મશાળા તથા ભોજનશાળાની ઉત્તમ સગવડ છે.

## ૫. શ્રી ડુંગરપુર તીર્થ

રાજસ્થાનના ડુંગરપુર જિલ્લાના મુખ્ય મથક ડુંગરપુરમાં શ્રી આદિનાથ ભગવાનનું પ્રાચીન જિનાલય આવેલું છે. ડુંગરપુરના માણેકચોકમાં આવેલ આ જિનાલયનો વહીવટ શ્રી આદિનાથ ભગવાન જૈન શ્વે. મંદિર પેઢી કરે છે. તેનો ફોન નં. (૦૨૯૬૪)

૨૩૩૧૮૬, ૨૩૩૨૫૯ છે. આ તીર્થ કેસરિયાજીથી ૪૨ કિ.મી.ના અંતરે અને ખેરવાડાથી ૧૬ કિ.મી.ના અંતરે દક્ષિણે આવેલું છે. રતનપુરથી કેસરિયાજી જતાં આ તીર્થસ્થળ પર જઈ શકાય છે. અહીં ધર્મશાળા તથા ભોજનશાળાની સગવડ છે.

### તીર્થની વિશેષતા

શ્રી ડુંગરપુર તીર્થ-મંદિરનું નિર્માણ વિ.સં. ૧૫૨૫ પહેલાં થયું હતું. શ્રી આદીશ્વર ભગવાનની પદ્માસનસ્થ આરસની પ્રતિમાજી સાથે ધાતુનું અત્યંત સુંદર પરિકર અને પલાસણ છે. મુસલમાનોના શાસનકાળ દરમ્યાન શ્રી આદીશ્વર ભગવાનની વિશાળકાય ધાતુની પ્રતિમાને સોનાની પ્રતિમા સમજીને ક્ષતિ પહોંચાડવામાં આવી હતી. આ સમયે શ્વેતવર્ણની પ્રતિમાની પુનઃપ્રતિષ્ઠા કરવામાં આવી હતી.

આ પ્રભુ-પ્રતિમાજીના ધાતુમય પરિકરમાં ભૂત, વર્તમાન અને ભાવિ ચોવીસ તીર્થંકરોની એટલે કે આ સમયના ૭૨ તીર્થંકર ભગવંતોની પ્રતિમાઓનાં એકીસાથે દિવ્ય દર્શન થાય છે. અહીં પ્રભુનું પબાસણ પણ ધાતુનિર્મિત છે. જેમાં ચૌદ સ્વપ્ન, નવ ગ્રહો, અષ્ટ મંગલ તથા યક્ષયક્ષિણીઓનાં મંગલ દર્શન થાય છે. આવી પરિકરયુક્ત સુંદર પ્રતિમાજીનાં દર્શન અતિ દુર્લભ છે.

આ જિનાલયમાં અન્ય દર્શનીય પ્રતિમાજીઓ છે. આ જિનાલયને મુસ્લિમ શાસનકાળમાં ઘણી ક્ષતિઓ પહોંચી હતી. આ જિનાલય ઉપરાંત ડુંગરપુરમાં અન્ય ત્રણ દેરાસરો આવેલાં છે.

## ૬. શ્રી આયડ તીર્થ

રાજસ્થાનના ઉદેપુરથી ત્રણ કિલોમીટરના અંતરે શ્રી આયડ

તીર્થ આવેલું છે. જોકે હવે શ્રી આયડ તીર્થ ઉદેપુરનું એક પરું થઈ ગયું છે. નજીક ઉદેપુર તીર્થમાં ધર્મશાળા, ભોજનશાળાની સગવડ છે. આ તીર્થનો વહીવટ શ્રી જૈન શ્વે. આયડ મંદિર પેઢી, પોલીસ ચોકીની સામે, આયડ, પો. ઉદેપુર - ૩૧૩૦૦૧ (રાજ), ફોન નં. (૦૨૯૪) ૨૪૨૧૬૩૭ સંભાળે છે.

## તીર્થની વિશેષતા

શ્રી આયડ તીર્થમાં મૂળનાયક રૂપે શ્રી આદીશ્વર પ્રભુ બિરાજમાન છે. આ જિનાલય લગભગ વિ.સં. ૧૦૨૯ પૂર્વેનું છે. અહીંના રાજવી શ્રી અલ્લુરાજની રાણી હરીયદેવી રેવતીદોષની ભયંકર બીમારીથી પીડાતી હતી ત્યારે તેમની આ પીડા આચાર્ય ભગવંત શ્રી બલિભદ્રસૂરીશ્વરજી મહારાજે અહીં સ્વસ્થ કરી હતી. આચાર્ય ભગવંતથી પ્રભાવિત થઈને રાજા તથા રાણીએ જૈન ધર્મ અંગીકાર કર્યો હતો. અને તેમના મંત્રીએ શ્રી પાર્શ્વનાથ પ્રભુના જિનાલયનું નિર્માણ કર્યું હતું. અહીં એક દિગંબર મંદિર સહિત અન્ય પાંચ દેરાસરો નજીક નજીકમાં છે.

આ જિનાલય પ્રાચીન હોવાને કારણે કલાસૌંદર્યમાં અદ્ભુત છે. પ્રાચીન પ્રતિમાજીઓ દર્શનીય છે. ભગવાનનાં પગલાં પાસે મોર અને સાપ સાથેની પ્રતિમા પણ જોવા મળે છે. મંદિરો જીર્ણ અવસ્થામાં છે. ૪૦૦૦ વર્ષ જૂની સંસ્કૃતિના અવશેષો અહીં પુરાતત્ત્વ ખાતા દ્વારા બતાવવામાં આવે છે અહીંનું મ્યુઝિયમ પણ દર્શનીય છે.

બીજી નોંધ પ્રમાણે આ સ્થળે આચાર્ય 'જગતચંદ્રસૂરીશ્વરજી મહારાજે ઉગ્ર તપશ્ચર્યા કરી હતી ત્યારે મહારાજાએ તેમને 'તપા' બિરુદ આપ્યું હતું. ત્યારથી જ 'તપાગચ્છ' શબ્દ અસ્તિત્વમાં આવ્યો છે.

## ૭. શ્રી જેસલમેર તીર્થ

ભારતના પીતવર્ણી શહેર તરીકે જાણીતું જેસલમેર એક પ્રાચીન અને મહત્ત્વનું શહેર છે. જેસલમેરમાં પીળા પથ્થર ઉપર અત્યંત બારીક કોતરણી જોવા મળે છે. અહીં પટવાઓની હવેલીઓ જોવા જેવી છે. પોકરણથી ૧૧૦ કિ.મી.ના અંતરે જેસલમેર તીર્થ આવેલું છે. જૈન ધર્મનું આ પ્રાચીન અને અત્યંત મહત્ત્વનું તીર્થ છે. કલાકારીગરી અને ગ્રંથભંડારોનાં દર્શન કરવાં જરૂરી છે.

જેસલમેરથી અમરસાગર ૫ કિ.મી.ના અંતરે, લોદ્રવા તીર્થ ૧૫ કિ.મી. અને બ્રહ્મસર ૧૯ કિ.મી.ના અંતરે આવેલ છે. વિશેષ વિગતો માટે શ્રી જેસલમેર - પાર્શ્વનાથ જૈન શ્વે. ટ્રસ્ટ, જૈન ભુવન, પો. જેસલમેર - ૩૪૫૦૦૧ (રાજ.) ફોન નં. (૦૨૯૯૨) ૨૫૨૪૦૪ છે.

### તીર્થની વિશેષતા

વિક્રમ સંવત ૧૨૧૨માં રાણા જેસલજીએ જેસલમેર શહેર વસાવીને કિલ્લાનું નિર્માણકાર્ય કરેલું હતું. રાણા જેસલજીના ભત્રીજા ભોજદેવ રાવળની રાજધાની લોદ્રવા હતી. કાકા-ભત્રીજા વચ્ચે અણબનાવ થતાં જેસલજીએ ભત્રીજાની રાજધાની પર ચઢાઈ કરી અને ભોજદેવને યુદ્ધમાં પરાજિત કર્યો ત્યારે લોદ્રવામાં બિરાજિત શ્રી ચિંતામણી પાર્શ્વનાથ ભગવાનની શ્વેતવર્ણની પદ્માસનસ્થ પ્રતિમાજીને રાણાએ પોતાની સાથે લાવીને જેસલમેરના કિલ્લા ઉપરના જિનાલયમાં પ્રતિષ્ઠિત કરી. અત્યંત પ્રાચીન આ પ્રતિમાજી પર મોતીનો લેપ કરાયેલો હોવાથી અત્યંત પ્રભાવશાળી અને ભવ્ય લાગે છે. જેસલમેરનું આ મુખ્ય જિનાલય ગણાય છે. આ ઉપરાંત કિલ્લા ઉપર બીજાં ઘણાં મંદિરો છે. મુખ્ય મંદિરની

કલાકારીગરી જોવા જેવી છે. આ સ્થળને 'મિની પાલીતાણા' તરીકે ઓળખવામાં આવે છે.

શ્રી શત્રુંજય તીર્થ પછી એકીસાથે નજીકમાં વધુમાં વધુ પ્રતિષ્ઠિત પ્રતિમાજીઓ જેસલમેરમાં છે. નીચે મહાવીર ભુવનમાં પણ દેરાસર છે. અહીં ૬૬૦૦થી વધુ પ્રતિમાજીઓ છે. અહીં વિવિધ કલાકારીગરીથી સંપન્ન ભવ્ય પ્રતિમાજીઓનાં દર્શન થાય છે.

જેસલમેર જૈન ગ્રંથભંડારો માટે દેશ-વિદેશમાં પ્રખ્યાત છે. અહીંના જ્ઞાનભંડારો પ્રાચીનતાની દૃષ્ટિથી ભારતમાં મોટામાં મોટા ગણવામાં આવે છે. અહીં પ્રાચીન ગ્રંથો, તાડપત્રો ઉપર લખાયેલા ગ્રંથો તેમજ કાગળ પર લખાયેલ જૈન સાહિત્યનો વિપુલ ભંડાર છે. વિજ્ઞાન, કાગળની શોધ ૧૩મી કે ૧૪મી સદીમાં ગણાય છે ત્યારે અહીં ૧૧મી સદીમાં લખાયેલા કાગળના ગ્રંથો છે. તાડપત્રના ગ્રંથોની જાળવણી સરસ રીતે ગોઠવવામાં આવી છે. અહીં બૃહત ગ્રંથભંડારમાં પ્રથમ દાદા શ્રી જિનદત્તસૂરીશ્વરજી મહારાજનાં ૮૦૦ વર્ષોથી પણ પ્રાચીન ચાદર, મુહપત્તી અને ચૌલપટ્ટો કાચની પેટીમાં સુરક્ષિત છે. તેનાં દર્શન સૌ કોઈ કરી શકે છે. એમ માનવામાં આવે છે કે પૂ. દાદા આ.ભ.શ્રી જિનદત્તસૂરીશ્વરજી મ.ના અંતિમ સંસ્કાર વખતે આ વસ્તુઓ દિવ્ય શક્તિના કારણે અગ્નિસાત્ ન થઈ, આથી એ વખતે આ દિવ્ય પ્રભાવ નિહાળીને શિષ્યો તથા ભાવિકોએ આ વસ્તુઓને સુરક્ષિત રાખી.

વિક્રમ સંવત ૧૪૬૧માં આચાર્ય ભગવંત શ્રી જિનવર્ધનસૂરિજી મહારાજ જ્યારે જેસલમેર આવ્યા ત્યારે મૂળનાયક શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ ભગવાન પાસે ભૈરવજીની મૂર્તિ હતી. તેમણે સ્વામી અને સેવકને એકસરખા બેસાડવાનું યોગ્ય ન સમજીને ભૈરવજીને બહાર બિરાજમાન કર્યા. પણ બીજે દિવસે ભૈરવની

મૂર્તિ પુનઃ પોતાના સ્થાને આવી ગઈ. આમ બે-ત્રણવાર બનતાં સૂરિજીને લાગ્યું કે આ હઠી દેવ છે. આથી તેમણે વિધિવત્ ગર્જના સાથે મંત્રોચ્ચાર કરીને ભૈરવને ચલિત કર્યા અને ભૈરવજી જાતે જ બહાર બિરાજમાન થઈ ગયા. ત્યારે આ. શ્રી જિનવર્ધનસૂરિજીએ ત્યાં તાંબાની બે મેખ લગાવી. અહીં બિરાજમાન ભૈરવજીની મૂર્તિ ચમત્કારિક છે.

જેસલમેર તીર્થની યાત્રાએ આવનારને હજારો પૂજિત જિનપ્રતિમાઓનાં દર્શન થાય છે. અહીંનો જ્ઞાનભંડાર પન્ના અને સ્ફટિકની મૂર્તિઓ, સુવર્ણ-ચાંદીથી અંકિત ચિત્રોથી સમૃદ્ધ છે. અહીંના એક પાષાણપટ્ટમાં જવ જેટલા મંદિરમાં તલ જેટલી પ્રતિમાજી કોતરેલી છે. ખરેખર દર્શનીય છે. જેસલમેરના શ્રેષ્ઠીઓએ અનેક જીર્ણોદ્ધાર કર્યા છે તેમજ ધર્મકાર્યો દ્વારા કીર્તિ મેળવી છે.

એક માન્યતા અનુસાર જ્ઞાનભંડારમાં આવેલા એક સ્તંભમાં અતિ પ્રાચીન મૂલ્યવાન ગ્રંથ છે. આ ગ્રંથ જે વ્યક્તિ દિવ્ય શક્તિ ધરાવતો હશે તેની જ સમજમાં આવશે. દિવ્ય શક્તિ ધરાવનાર વ્યક્તિ ત્યાં હાજર થશે ત્યારે તે સ્તંભ આપોઆપ ફાટી પડશે અને અત્યંત પ્રાચીન મૂલ્યવાન ગ્રંથ પ્રકાશમાં આવશે. આજના આચાર્ય ભગવંતોના કથન અનુસાર એવા યુગપુરુષનો જન્મ થઈ ચૂક્યો છે.

અહીં એક દિવ્ય સરસ્વતી યંત્રનાં દર્શન થાય છે. યંત્રની રચના અને તેના મંત્રોનો ભેદ સમજી શકાય તેવો નથી.

જેસલમેરમાં અન્ય ઘણાં મંદિરો આવેલાં છે. મુખ્ય જિનાલયમાં મહાવિદેહ ક્ષેત્રમાં વિહરમાન ૨૦ તીર્થંકર ભગવંતોનું ઋષિમંડલ નિહાળવાલાયક છે. અહીંના બીજા જિનાલયમાં શ્રી

અષ્ટાપદ તીર્થની અનેરી રચના જોવા મળે છે. સામાન્ય રીતે અષ્ટાપદ તીર્થની રચનામાં ચારેય દિશાઓમાં અનુક્રમે બે, ચાર, આઠ અને દસ તીર્થંકરો બિરાજેલા હોય છે. જ્યારે અહીંના અષ્ટાપદ તીર્થની રચનામાં સાત, પાંચ, સાત, પાંચ તીર્થંકરો બિરાજમાન છે. આ રચનાનો ગૂઢાર્થ વિચારવા જેવો છે.

જેસલમેર તીર્થના ઈતિહાસનાં પુસ્તકો અહીં પ્રાપ્ય છે. જેસલમેરમાં પીળા પથ્થર ઉપર અત્યંત બારીક કોતરણી દર્શનીય છે તેમજ અહીં પટવાઓની હવેલીઓ જોવા જેવી છે. જેસલમેર એક પ્રાચીન અને મહત્ત્વનું સ્થાન છે. જેસલમેર ભારતનું પીતવર્ણું શહેર ગણાય છે.

## શ્રી સંકટહરણ પાર્શ્વનાથ

જેસલમેર નગરના કોઠારીપાડામાં શ્રી સુપાર્શ્વ જિનાલયના ઉપરના માળે શ્રી સંકટહરણ પાર્શ્વનાથજીની દિવ્ય પ્રતિમાજી બિરાજમાન છે. જેસલમેરમાં હાલમાં પાંચ જિનાલયો છે. ભટ્ટારકગચ્છના ઉપાશ્રયમાં શ્રી ગોડી પાર્શ્વનાથનું મંદિર છે. અહીં ધર્મશાળા તથા ભોજનશાળાની ઉત્તમ સગવડ છે. શ્રી સંકટહરણ પાર્શ્વનાથનું મુખ્ય તીર્થ જેસલમેર છે. શ્રી સંકટહરણ પાર્શ્વનાથજીની પ્રતિમા પાંચ ફણાથી યુક્ત છે. છ ઇંચ ઊંચી અને છ ફૂટ પહોળી છે. શ્યામ વર્ણનાં આ પ્રતિમાજી પાષાણનાં છે.

સૈકાઓ પૂર્વે જેસલમેર જૈનોની પ્રવૃત્તિઓનું મુખ્ય મથક હતું. અહીં ૮૪ ગચ્છોના ૮૪ ઉપાશ્રયો હતા. અહીં મહાન આચાર્યોનું આવાગમન રહેતું હતું અહીંના જૈનો ધનવાન, ધર્મવત્સલ અને કલાપારખુ હતા. તેની જાણ અહીંના ભવ્ય જિનાલયો પરથી થયા વિના રહેતી નથી. જેસલમેરની સ્થાપના થઈ તે સમયના જિનાલયો છે. કોઠારીપાડામાં આવેલું આ બે માળનું જિનાલય

'તપાગચ્છીય જિનાલય' તરીકે ઓળખાય છે. મંદિરના ભોંયતળિયે બે ગભારામાંથી એકમાં શ્રી સુપાર્શ્વનાથ સ્વામી અને બીજામાં શ્રી સીમંધર સ્વામી મૂળનાયક રૂપે બિરાજે છે. આ જિનાલયના પ્રથમ માળના એક ગભારામાં શ્રી ગોડી પાર્શ્વનાથજી અને બીજામાં શ્રી સંકટહરણ પાર્શ્વનાથજી મૂળનાયક રૂપે બિરાજમાન છે.

શ્રી જેસલમેન જૈન સંઘે સં. ૧૮૬૮ના વૈશાખ સુદ-૩ના આ મંદિરની પ્રતિષ્ઠા કરાવ્યાની પ્રશસ્તિ આજે પણ છે.

## ૮. શ્રી લોદ્રવપુર તીર્થ

રાજસ્થાનના જેસલમેર જિલ્લાના લોદ્રવા કે લોદ્રવપુર ખાતે શ્રી લોદ્રવા પાર્શ્વનાથ પ્રભુનું મુખ્ય તીર્થ જેસલમેર શહેરથી ૧૫ કિ.મી.ના અંતરે આવેલું છે. આ જિનાલય અત્યંત દર્શનીય અને કલાકારીગરીથી સમૃદ્ધ છે. અહીં કાષ્ઠનો પ્રાચીન, કલાત્મક રથ જોવા જેવો છે. અહીં ત્રણ ઉપાશ્રય અને ધર્મશાળા પણ છે. પ્રાચીન કલ્પવૃક્ષનાં દર્શન પણ અહીં થાય છે.

શ્રી જેસલમેર - લોદ્રવપુર પાર્શ્વનાથ જૈન શ્વે. ટ્રસ્ટ, ગામ લોદ્રવપુર, જિ. જેસલમેર-૩૪૫૦૦૧, (રાજસ્થાન) ફોન નં. ૦૨૯૯૨-૨૫૦૧૬૫

### તીર્થની વિશેષતા

લોદ્રવપુરમાં શ્રી લોદ્રવાજી પાર્શ્વનાથ પ્રભુની શ્યામરંગી પ્રતિમાજી કસોટીના પાષામમાંથી બનાવાઈ છે. અદ્‌ભુત, કલાત્મક પરિકરથી આ પ્રતિમાજી અત્યંત દર્શનીય છે. પદ્માસનસ્થ, ફણારહિત આ પ્રતિમાજીની ઊંચાઈ ૩૦ ઇંચ અને પહોળાઈ ૨૪ ઇંચની છે.

પૂર્વે લોદ્રવા વૈભવશાળી નગર હતું. અહીં પ્રાચીન વિશ્વવિદ્યાલય હતું. લોદ્રવા લોદ્ર રાજપૂતોની રાજધાનીનું મુખ્ય શહેર હતું. દેવરાજ ભાટીએ રજપૂતોને પરાજિત કરીને વિ.સં. ૧૦૮૨માં દેવગઢથી લોદ્રવા પોતાની રાજધાની બદલાવી. આ નગરનાં એ સમયે ૧૨ જેટલાં પ્રવેશદ્વારો હતાં.

એવું કહેવાય છે કે પ્રાચીનકાળમાં આ નગરી પર સગર નામના રાજાનું રાજ્ય હતું, તેને બે પુત્રો શ્રીધર અને રાજધર હતા. એક વાર જૈનાચાર્યના સંપર્કમાં આવ્યા પછી પ્રતિબોધ પામીને જૈનધર્મનો સ્વીકાર કર્યો હતો. બંને ભાઈઓએ આ નગરીમાં શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ પ્રભુનું જિનાલય બંધાવ્યું હતું. મોગલકાળમાં આ જિનાલય આક્રમણનો ભોગ બન્યું હતું. ત્યારે ખીમસી નામના શ્રીમંત શ્રેષ્ઠીએ આ જિનાલયનો જીર્ણોદ્ધાર શરૂ કરાવ્યો અને તેના પુત્ર મુનશીએ આ જીર્ણોદ્ધારનું કાર્ય સંપન્ન કરાવ્યું હતું.

જેસલજીએ જેસલમેર વસાવ્યું ત્યારે લોદ્રવપુરથી શ્રી ચિંતામણિ પાર્શ્વનાથજીની પ્રતિમાજી ત્યાં લઈ જવામાં આવેલ. શ્રેષ્ઠી થીરૂ શાહે લોદ્રવાના જિનાલયના જીર્ણોદ્ધારનું કાર્ય શરૂ કરાવ્યું અને જિનાલય તૈયાર થઈ ગયું ત્યારે આ જિનાલયમાં પ્રતિષ્ઠિત કરવા એક નયનરમ્ય અને દર્શનીય પ્રતિમાની શોધ આરંભાઈ.

આ તરફ પાટણના બે શિલ્પકારોએ કસોટીના પાષાણમાંથી બે મનોરમ્ય જિનપ્રતિમાજી બનાવી હતી. તેઓ બંને પ્રતિમાજીઓને મુલતાન તરફ લઈ જતા હતા ત્યારે માર્ગમાં લોદ્રવા આવતાં રાતવાસો કર્યો ત્યારે આ પ્રતિમાઓ શ્રેષ્ઠી થીરૂ શાહને આપવા અધિષ્ઠાયક દેવે સ્વપ્નમાં સંકેત કર્યો. પેલી

બાજુ થીરૂ શાહને પણ સ્વપ્નમાં આવો સંકેત જોવા મળ્યો.

બીજે દિવસે સવારે થીરૂ શાહે ખૂબ ધન આપીને બંને પ્રતિમાજીઓ પ્રાપ્ત કરી લીધી. મૂલ્ય કર્યા વિના પ્રતિમાજીઓ મેળવેલી હોવાથી આ પાર્શ્વનાથની પ્રતિમાજી 'અમૂલ્ય પાર્શ્વનાથ' તરીકે ઓળખાઈ. જે રથમાં આ પ્રતિમાજીઓ લઈને શિલ્પકારો આવેલા તે કાષ્ઠનો રથ આજે પણ લોદ્રવાના જિનાલયમાં મોજૂદ છે. વિક્રમ સંવત ૧૬૭૫ના માગસર સુદ-૧૨ના દિવસે આ જિનાલયમાં આ. જિનસિંહસૂરિજી મ.ના શિષ્ય આ.ભ.શ્રી જિનરાજસૂરિના હસ્તે પ્રતિમાજીની પ્રતિષ્ઠા ભવ્ય મહોત્સવ સાથે કરવામાં આવી.

દાનની અપૂર્વ ધારા વહોવડાવનાર શ્રેષ્ઠી થીરૂ શાહે સં. ૧૬૮૨માં શ્રી સિદ્ધગિરિ તીર્થનો સંઘ કાઢ્યો હતો અને શત્રુંજય પર ગણધરોની પાદુકાઓ મુકાવી હતી.

આ સિવાય થીરૂ શાહે લોદ્રવામાં અનેક દેવમંદિરો બંધાવ્યાના ઉલ્લેખ મળે છે. આ જિનાલયમાં ભારતીય શિલ્પકલાનાં દર્શન થાય છે.

આ જિનાલયના ચારેય ખૂણામાં નાનાં શિખરબંધી મંદિરો છે. જે સં. ૧૬૯૩માં બંધાયાં હતાં. લોદ્રવા ગામ પરથી આ પ્રતિમાજીનું નામ 'શ્રી લોદ્રવા પાર્શ્વનાથ' પડ્યું તેમજ આ પરમાત્મા શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ તરીકે પણ ઓળખાય છે. વિ.સં. ૨૦૨૯માં આ જિનાલયનો જીર્ણોદ્ધાર આરંભવામાં આવ્યો, જે વિ.સં. ૨૦૩૪ના કારતકી પૂનમના દિવસે પૂર્ણ થયો હતો. સહસ્રફણા પાર્શ્વનાથ પ્રભુની કસોટી પાષાણમાંથી બનેલ આવી કલાત્મક અને ચમત્કારિક પ્રતિમાજીનાં દર્શન અન્યત્ર દુર્લભ છે. અહીંના અધિષ્ઠાયક દેવ ધરણેન્દ્ર ભક્તજનોને સાક્ષાત્ દર્શન આપતા

હોવાનું મનાય છે. ઈ.સ. ૧૯૬૫ના ભારત-પાકિસ્તાનના યુદ્ધ વખતે અન્યધર્મીઓને આ વાતની પ્રતીતિ થઈ હતી. આ ચમત્કારિક અને ધાર્મિક સ્થાનમાં કલ્પવૃક્ષ તથા પ્રવેશદ્વાર જોવા જેવાં છે.

## ૯. શ્રી ફલવૃદ્ધિ પાર્શ્વનાથ તીર્થ

રાજસ્થાનના નાગોર જિલ્લામાં આવેલ મેડતા રોડ નજીક શ્રી ફલવૃદ્ધિ પાર્શ્વનાથ પ્રભુનું પ્રાચીન અને દર્શનીય તીર્થધામ આવેલ છે. મેડતા રોડ જંકશન સ્ટેશનથી આ તીર્થ એક ફલાંગ દૂર આવેલું છે. મેડતા શહેર અહીંથી ૧૫ કિ.મી.ના અંતરે છે. જોધપુર, બિકાનેર, નાગોર, મેડતા વગેરે શહેરો સાથે આ તીર્થ રોડરસ્તે સંકળાયેલું છે.

શ્રી ફલવૃદ્ધિ પાર્શ્વનાથ પ્રભુનું મુખ્ય તીર્થ મેડતા રોડ નજીક ફલૌધી ગામમાં આવેલું છે. આ તીર્થમાં ભોજનશાળા તથા ધર્મશાળાની સુંદર સગવડ છે. અહીં યાત્રાળુઓની આવનજાવન રહે છે. મેડતા શહેરમાં ૧૪ ભવ્ય જિનાલયો દર્શનીય છે. મહાયોગી આનંદઘનજી મહારાજની સાધનાભૂમિ મેડતા રોડ પાસે આવેલ છે. ભાદરવા વદ ૧૦નો જૈનેતરોનો અહીં મેળો ભરાય છે. આસો સુદ ૧૦ અને પોષ સુદ ૧૦ના દિવસે મેળો ભરાય છે. દર્શનીય તીર્થધામ છે.

શ્રી ફલૌધી તીર્થ ગોડી પાર્શ્વનાથ જૈન દેરાસર, તપાગચ્છ પેઢી, સદર બજાર, ફલૌધી (જિ. જોધપુર) ફોન : ૦૨૯૨૫-૨૨૩૩૪

### તીર્થની વિશેષતા

મેડતા રોડની નજીક ફલૌધી ગામમાં બિરાજમાન શ્રી

ફલવૃદ્ધિ પાર્શ્વનાથજીની પ્રતિમા અલૌકિક અને પરમ પ્રભાવક છે. પ્રતિમાજી શ્યામ વર્ણની, વેળુની, પદ્માસનસ્થ છે. જેની ઊંચાઈ ૩૩ ઇંચ અને પહોળાઈ ૨૯ ઇંચની છે.

આ તીર્થના ઉદ્‌ભવની કથા અનુસાર ફલૌધી (મેડતા) ગામમાં પારસ નામનો શ્રેષ્ઠી નિવાસ કરતો હતો. એક દિવસ પારસ શ્રેષ્ઠીએ ગામની બહાર અચરજ પમાડે તેવું દશ્ય જોયું. તેની આંખો આશ્ચર્યથી પહોળી થઈ ગઈ. તેણે જોયું કે શુદ્ધ ભૂમિ પર અમ્લાન પુષ્પોના એક ઢગલામાંથી દિવ્યતાથી સભર સૌરભ પ્રસરી રહી હતી. પારસ શ્રેષ્ઠીએ પોતાના જીવનકાળ દરમિયાન આવી સુગંધ ક્યારેય માણી નહોતી. તે આશ્ચર્ય અનુભવતો ગામમાં આવ્યો. એ વખતે ગામમાં આચાર્ય શ્રી વાદીદેવસૂરિજી મ. બિરાજેલા હતા. પારસ શ્રેષ્ઠીએ આચાર્ય ભગવંતને સઘળો વૃત્તાંત કહી સંભળાવ્યો.

આચાર્ય ભગવંત શ્રી વાદીદેવસૂરિજી મહારાજ જ્ઞાની ભગવંત હતા. શ્રેષ્ઠીની વાતનો સાર તરત જ પામી ગયા. તેઓ પોતાના આસન પરથી ઊભા થયા અને શ્રેષ્ઠીની સાથે તે પવિત્ર ભૂમિ પાસે આવ્યા. તે મુખ્ય ઢગ નીચેની ભૂમિ ખોદતાં તેમાંથી એક અલૌકિકતા પ્રસરાવતું જિનબિંબ પ્રગટ થયું. પ્રતિમાજી અપૂર્વ ભાસતા હતા. આ ઘટના સં. ૧૧૯૯ના ફાગણ સુદ ૧૦ના પવિત્ર દિવસે બની હતી.

પ્રગટ થયેલી પ્રતિમાજીને વાજતેગાજતે, મહોત્સવ રચીને ગામમાં લઈ આવવામાં આવી. અધિષ્ઠાયક દેવે પારસ શ્રેષ્ઠીને આ પ્રભુજીને બિરાજમાન કરવા એક ભવ્ય જિનાલયનું નિર્માણ કરવા જણાવ્યું. એવું કહેવાય છે કે જિનાલયના નિર્માણ માટે અધિષ્ઠાયક દેવે પારસ શ્રેષ્ઠીને ગુપ્ત રીતે સહાય કરી હતી. પારસ

શ્રેષ્ઠી દરરોજ પરમાત્માની સેવા-પૂજા-ભક્તિ બાદ અક્ષતનો સ્વસ્તિક કરતા; દૈવી પ્રભાવથી તે સ્વસ્તિક સુવર્ણમય બની જતો. આ સુવર્ણના અક્ષતોથી પરમાત્માના ભવ્ય જિનાલયના નિર્માણનું કાર્ય આરંભાયું.

જિનાલયના નિર્માણ માટે અઢળક ધન ક્યાંથી આવે છે તે પ્રશ્ન સહુ કોઈને મનમાં થવા લાગ્યો. પારસ શ્રેષ્ઠીના પુત્રોએ આ ગુપ્ત રહસ્ય જાણવાનો આગ્રહ સેવતાં શ્રેષ્ઠીએ સુવર્ણના સ્વસ્તિકની વાત પોતાના પુત્રોને કરી. બસ, તે પછીથી અક્ષત માત્ર અક્ષત જ રહ્યો, દૈવી સહાય બંધ થઈ ગઈ અને જોરશોરથી ચાલતું જિનાલયનું નિર્માણકાર્ય અધૂરું રહ્યું. ત્યાર પછી તો શ્રીસંઘે જિનાલયનું કાર્ય સંપન્ન કરાવ્યું.

આમ જિનાલયનું નિર્માણ કાર્ય પૂરું થતાં આ. શ્રી મુનિચંદ્રસૂરિજી મહારાજના વરદ હસ્તે સં. ૨૦૧૪ના મહાસુદ-૧૩ના શુક્રવારે શ્રી જિન પ્રતિમાજીની પ્રતિષ્ઠા ભવ્ય મહોત્સવ સાથે થઈ. સં. ૧૨૨૧માં પોરવાડ વંશીય સેપિમણિ અને દશાઢા ભંડારીએ આ જિનાલયમાં ચંદરવો અને શિલાફલક કરાવી આપ્યાં હતાં. શ્રેષ્ઠી મુનિચંદ્રે ઉત્તાનપટ્ટ કરાવ્યો હતો.

આ તીર્થ મોગલકાળમાં મુસ્લિમ આક્રમણનો ભોગ બન્યું હતું. શાહબુદ્દીન સુલતાન આ મંદિર પર ત્રાટક્યો હતો, પરંતુ તેના શરીરે એકાએક વ્યાધિ થતાં પોતાના સૈનિકો સાથે ભાગી નીકળ્યો. સં. ૧૫૨૨માં સુરવંશી શિવરાજના પુત્ર હેમરાજે આ જિનાલયનો જીર્ણોદ્ધાર કરાવ્યો હતો.

શ્રી ફલવૃદ્ધિ પાર્શ્વનાથને ફલૌદી પાર્શ્વનાથથી પણ ઓળખવામાં આવે છે.

## ૧૦. શ્રી બ્રહ્મસર (સાગર) તીર્થ

રાજસ્થાનના જેસલમેરથી ૧૩ કિ.મી.ના અંતરે બાગસાના માર્ગે શ્રી બ્રહ્મસાગર તીર્થ આવેલું છે. લોદ્રવાથી પણ જઈ શકાય છે. ૭ કિ.મી. પાકી અને ૬ કિ.મી. કાચી સડક છે. જેસલમેર પંચતીર્થીનું એક સ્થળ છે. અહીંથી લોદ્રવપુર તીર્થ ૧૪ કિ.મી.ના અંતરે અને અમરસાગર તીર્થ ૧૪ કિ.મી.ના અંતરે આવેલું છે. અહીં ધર્મશાળા-ભોજનશાળાની સગવડ છે.

શ્રી જેસલમેર - લોદ્રવપુર પાર્શ્વનાથ જૈન શ્વે. ટ્રસ્ટ, ગામ બ્રહ્મસર, પો. જેસલમેર - ૩૪૫૦૦૧ (ફોન નં. ૦૨૯૯૨ - ૨૫૨૪૦૪). શ્રી બ્રહ્મસર તીર્થમાં મૂળનાયક શ્રી જગવલ્લભ પાર્શ્વનાથ પ્રભુ બિરાજમાન છે. શ્વેતવર્ણની પદ્માસનસ્થ પ્રતિમાજી છે.

### તીર્થની વિશેષતા

લોકવાયકા અનુસાર દેરાઉર ગામમાં લૂણિયા ગોત્રના એક શેઠને યવન લોકો ભારે પરેશાન કરતા હતા, ત્યારે દાદા શ્રી જિનકુશલસૂરીશ્વરજી મહારાજે શેઠને રાજસ્થાન ચાલ્યા જવાનું કહ્યું અને પાછળ વળીને જોવાની ના પાડી.

આમ લૂણિયા પરિવાર ઊંટો પર પોતાનો બધો સામાન મૂકીને ચાલી નીકળ્યા. આ સ્થળે શેઠનો રસાલો પહોંચ્યો ત્યારે અજવાળું થતાં શેઠજીએ પાછળ ફરીને જોયું અને ગુરુદેવ તરત જ ત્યાં રોકાઈ ગયા અને આશીર્વાદ આપીને કહ્યું : 'શેઠ, હવે હું જાઉં છું, તમે જરાય ભયભીત થશો નહિ. નજીકમાં જ બ્રહ્મસર ગામ છે ત્યાં જજો.'

જે પથ્થર ઉપર ઊભા રહીને ગુરુદેવે દર્શન આપ્યાં હતાં એ જ પથ્થર પર ગુરુદેવનાં ચરણો ઉત્કીર્ણ કરાવીને શેઠે ત્યાં છત્રીની

સ્થાપના કરાવી. આ ચરણો આજે પણ છે, દાદાવાડી પણ છે. આ દાદાવાડીમાં એક કુંડ છે. જેમાં દુકાળના સમયમાં હંમેશાં નિર્મળ પાણી ભરેલું રહે છે. આ સ્થળ અતિ ચમત્કારિક અને દર્શનીય છે. મંદિર પાસેના ઉપાશ્રયના દરવાજા પરની કલાકારીગરી નિહાળવા લાયક છે.

## ૧૧. શ્રી અમરસાગર તીર્થ

જેસલમેરથી સાત કિ.મી.ના અંતરે લોદ્રવાના માર્ગે જતાં અમરસાગર તીર્થ આવેલું છે. આ તીર્થમાં મૂળનાયક રૂપે શ્રી આદિનાથ પ્રભુ બિરાજમાન છે. શ્વેતવર્ણની પદ્માસનસ્થ પ્રતિમાજી અત્યંત દર્શનીય છે. આ જિનાલયમાં શિલ્પ- કલાકારીગરી સોળે કલાએ ખીલી છે. અહીંથી લોદ્રવા ૪ કિ.મી. અને બ્રહ્મસર તીર્થ ૨૧ કિ.મી.ના અંતરે છે.

શ્રી જેસલમેર-લોદ્રવપુર પાર્શ્વનાથ જૈન શ્વે. ટ્રસ્ટ, ગામ અમરસાગર, પો. જેસલમેર - ૩૪૫૦૦૧ (ફોન નં. ૦૨૯૯૨-૨૫૨૪૦૫)

### તીર્થની વિશેષતા

શ્રી અમરસાગર તીર્થમાં મૂળનાયકરૂપે બિરાજમાન શ્રી આદિનાથ પ્રભુજીની પ્રતિમાજી અત્યંત પ્રાચીન અને શ્રી સંપ્રતિ રાજાના સમયની માનવામાં આવે છે. આ ઉપરાંત તળાવના કિનારે અન્ય બે દર્શનીય જિનાલયો આવેલા છે. આ જિનાલયોમાં જેસલમેરનો પીળો પથ્થર વપરાયો છે.

આ જિનાલયમાં બારીક જાળીની કોતરણી અત્યંત દર્શનીય છે. શ્રી આદિનાથ પ્રભુના મંદિરની બહાર ઠંડા પાણીની પરબ છે. સુંદર અને દર્શનીય તીર્થસ્થાન છે.

## ૧૨. શ્રી પોખરણ તીર્થ

જોધપુર-જેસલમેર રેલવેલાઇન પર તથા સડકમાર્ગે શ્રી પોખરણ તીર્થ આવેલું છે. અહીંથી જેસલમેર ૪૦ કિ.મી.ના અંતરે છે. શ્રી પોખરણ તીર્થમાં શ્રી પાર્શ્વનાથ પ્રભુની દર્શનીય પ્રતિમાજી બિરાજમાન છે. આ મંદિરની પ્રતિષ્ઠા વિક્રમ સંવત ૧૫૪૮માં થઈ છે. આ ઉપરાંત અહીં અન્ય બે જિનાલયો આવેલા છે. આ તીર્થથી રામદેવરા ૧૧ કિ.મી.ના અંતરે આવેલું છે. રામદેવરા (રણુજા) રામદેવપીરનું દર્શનીય સ્થાનક છે. રામદેવરા ફલૌદીથી ૪૭ કિ.મી.ના અંતરે આવેલું છે. અહીં વર્ષ દરમ્યાન ભક્તોની ભારે ભીડ રહેતી હોય છે.

શ્રી ચિંતામણી પાર્શ્વનાથ જૈન મંદિર, ભુવડોકા વાસ, પો. પોખરણ-૩૪૫૦૨૧ (જિ. જેસલમેર) રાજસ્થાન.

## ૧૩. શ્રી પાલીતીર્થ

રાજસ્થાનના પાલી મુકામે શ્રી નવલખા પાર્શ્વનાથનું પ્રાચીન અને દર્શનીય તીર્થ આવેલું છે. પાલી જિલ્લાનું મુખ્ય મથક છે તેમજ પાલી રેલવે સ્ટેશનથી આ તીર્થ ૩ કિ.મી.ના અંતરે આવેલું છે. પાલીમાં અન્ય ૧૦ જિનાલયો આવેલા છે. બાજુમાં પૂનાગિરિ નામની ટેકરી પર આવેલ શ્રી પાર્શ્વનાથ જિનાલયને 'ભાખારી મંદિર' કહે છે, ત્યાં દર વર્ષના કારતક સુદ ૧૫ના મેળો ભરાય છે. અહીં ધર્મશાળા, ભોજનશાળા, આયંબીલ ભવન વગેરેની ઉત્તમ સગવડ છે.

## તીર્થની વિશેષતા

પાલી શહેરમાં મનને પ્રસન્ન કરનારી પરમ પ્રભાવક શ્રી નવલખા પાર્શ્વનાથજીની પ્રતિમાજી મૂળનાયક રૂપે જિનાલયમાં બિરાજમાન છે. શ્વેત પાષાણની, પદ્માસનસ્થ, નવફણાથી વિભૂષિત આ પ્રતિમાજીની ઊંચાઈ ૩૩ ઇંચ અને પહોળાઈ ૨૬ ઇંચની છે.

રાજસ્થાનનું પાલી ગામ પ્રાચીન છે. પૂર્વે તે 'પલ્લી' કે 'પલ્લિકા'ના નામથી ઓળખાતું હતું. આ ગામના નામ પરથી 'પલ્લીવાલગચ્છ' ઉત્પન્ન થયો હતો. વિ.સં. ૯૬૯માં સંડેરકગચ્છના આ. શ્રી યશોભદ્રસૂરિજી મ.ની આચાર્યપદવી અહીં અપાઈ હતી. પાલી ગામ સમૃદ્ધ નગર હતું તેનાં ઐતિહાસિક પ્રમાણો પણ આજે ઉપલબ્ધ છે.

પાલીમાં આવેલ શ્રી નવલખા પાર્શ્વનાથનું જિનાલય બાવન નયનરમ્ય દેવકુલિકાઓથી સંપન્ન છે. આ જિનાલયની પ્રતિમાજીઓ પર બારમા અને તેરમા સૈકાના ઉલ્લેખ છે તેથી આ જિનાલય પ્રાચીન હોવાને પુષ્ટિ મળે છે. પૂર્વે આ જિનાલયમાં મૂળનાયક રૂપે શ્રી મહાવીર સ્વામી બિરાજમાન હતા. સં. ૧૬૮૬માં આ ભવ્ય જિનાલયનો જીર્ણોદ્ધાર કરવામાં આવ્યો અને બાવન દેવકુલિકાઓથી વિભૂષિત કરવામાં આવ્યું ત્યારે જિનાલયના મૂળનાયકમાં ફેરફાર કરાયો. મૂળનાયક તરીકે શ્રી પાર્શ્વનાથજીને જીર્ણોદ્ધાર બાદ પ્રતિષ્ઠિત કરવામાં આવ્યા હતા. દર વર્ષે વૈશાખ સુદ-૩ ના આ જિનાલયની વર્ષગાંઠ ઊજવવામાં આવે છે.

આ પાર્શ્વનાથજીનું નામ 'નવલખા' કેમ રાખવામાં આવ્યું તે અંગે અનેક મતો પ્રવર્તમાન છે.

એક મતાનુસાર આ પ્રતિમાજીના નવ અંગોના તિલકના સ્થાને નવ યંત્રો ખોદીને તેમાં મંત્રાક્ષરો લખવામાં આવેલા હોવાથી

તે 'નવલખા' નામથી ઓળખવામાં આવે છે. બીજા મત અનુસાર નવલખા જાતિના ઓસવાલે આ પ્રતિમાજીની પ્રતિષ્ઠાનો લાભ લીધેલો હોવાથી તે 'નવલખા' નામથી ઓળખાય છે. ત્રીજી માન્યતા અનુસાર એ દૈદિપ્યમાન જિનાલયના નિર્માણ પાછળ નવ લાખનો ખર્ચ થયો હોવાથી 'નવલખા' નામથી ઓળખાય છે. પાલીમાં નવલખા દરવાજો અને નવલખા રોડ પણ આજે છે. દીવમાં પણ શ્રી નવલખા પાર્શ્વનાથનું પ્રાચીન જિનાલય ગુર્જરેશ્વર મહારાજા કુમારપાળે બંધાવેલું છે. અહીંના શ્રી પાર્શ્વનાથજીની પ્રતિમાને નવલખો મુગટ અને નવલખો હાર ચડાવવામાં આવતો હોવાથી તે નવલખાના નામથી જાણીતા થયા.

પાલીના શ્રી નવલખા પાર્શ્વનાથ જિનાલયના નિર્માણ સંબંધી એક લોકવાયકા પણ છે. તે અનુસાર સાંડેરાવ તીર્થમાં ભવ્ય પ્રતિષ્ઠા મહોત્સવ ઊજવાઈ રહ્યો હતો. વાત છે દશમા સૈકાની. એ વખતે ભાવિકોનાં હૈયાંમાં પણ પ્રભુ પ્રત્યેની શ્રદ્ધા અને ભક્તિ અપૂર્વ હતી. આ પ્રતિષ્ઠા મહોત્સવમાં સંડેરક ગચ્છના મહાતેજસ્વી અને જ્ઞાની આચાર્ય ભગવંત શ્રી યશોભદ્રસૂરીશ્વરજી મહારાજ ઉપસ્થિત હતા.

આ પ્રસંગે પુષ્કળ ઘૃત (ઘી)ની જરૂર પડતાં આચાર્ય ભગવંતે મંત્રશક્તિ દ્વારા પાલીથી ઘી મંગાવ્યું. જે વેપારીને ત્યાંથી આ ઘી લાવવામાં આવ્યું તે વેપારીને આ વાતનો અણસાર પણ નહોતો. પ્રતિષ્ઠા મહોત્સવ રંગેચંગે પૂર્ણ થયો. શ્રીસંઘે બધાની રકમ ચૂકવવા માંડી. સાંડેરાવના શ્રાવકો ઘીનું મૂલ્ય ચૂકવવા પાલી ગયા. વેપારીએ શ્રાવકોને જણાવ્યું કે મને કશી ખબર જ નથી, ત્યારે બધી વાતનો ફોડ થયો.

વેપારી આચાર્ય ભગવંતની મંત્રશક્તિથી અત્યંત પ્રભાવિત

થયો. તેણે ઘીની કિંમત રૂ. નવ લાખ લેવાની ના ભણી દીધી. વેપારીએ શ્રીસંઘને જણાવ્યું કે મને અનાયાસે મળેલા લાભને મૂલ્ય લઈને ગુમાવવા માગતો નથી.

અંતે તે વેપારીએ ઘીની રકમ ન જ લીધી. ત્યારે શ્રી સંઘે ઘીની કિંમતના નવ લાખ રૂપિયાથી પાલીમાં એક દૈદિપ્યમાન અને ભવ્ય જિનાલયનું નિર્માણ કર્યું. વેપારીની ઉદારતા આ જિનાલયના નિર્માણ પાછળ હતી તેથી આ જિનાલય 'નવલખા મંદિર' તરીકે ઓળખાવા લાગ્યું.

સંપર્ક : શ્રી નવલખા પાર્શ્વનાથ શ્વે. જૈનતીર્થ, શ્રી નવલચંદ સુવ્રતચંદ જૈન પેઢી, ઠે. ગુજરાતી કટલા, મુ. પો. પાલી ૩૦૬૪૦૧ જિ. પાલી (રાજ.) ફોન નં. ૦૨૯૩૨ - ૨૨૧૯૨૯/૨૨૧૭૪૭

## ૧૪. શ્રી કેશરિયાજી તીર્થ

રાજસ્થાનમાં ઉદેપુરથી ૬૬ કિ.મી. અને અમદાવાદથી ૧૯૦ કિ.મી. તથા ખેરવાડાથી ૧૬ કિ.મી.ના અંતરે શ્રી કેશરિયાજી તીર્થ (ઋષભદેવ અથવા ધૂલેવાગામ) આવેલું છે. અહીં ધર્મશાળા તથા ભોજનશાળાની ઉત્તમ સગવડ છે. નજીકનું રેલવે સ્ટેશન ઋષભદેવ રોડ ૧૧ કિ.મી.ના અંતરે છે. શ્રી કેશરિયાજી આદીશ્વર જૈન તીર્થ, શ્રી ઋષભદેવજી મંદિર દેવસ્થાન વિભાગ, પો. ઋષભદેવ - ૩૧૩૮૦૨ (રાજ.) ફોન નં. ૦૨૯૦૭ - ૨૩૦૦૨૩, ૨૩૦૦૨૫

### તીર્થની વિશેષતા

શ્રી કેશરિયાજી જૈન તીર્થ દર્શનીય છે. એક માન્યતા પ્રમાણે આ ભવ્ય, ચમત્કારી અને ભક્તોની મનોકામના પૂર્ણ

કરનારી પ્રતિમા વીસમા તીર્થંકર શ્રી મુનિસુવ્રતસ્વામી ભગવાનના સમયમાં પ્રતિવાસુદેવ લંકાપતિ શ્રી રાવણને ત્યાં પૂજિત હતી. ત્યાર બાદ આ પ્રતિમાજી શ્રી રામચંદ્ર અયોધ્યા લઈ આવ્યા. કેટલાંક વર્ષો ઉજ્જૈનમાં પૂજિત રહ્યા બાદ બડોદા ગામે વટપ્રદ તીર્થમાં પ્રગટ થઈ (આજે પણ ત્યાં પ્રભુચરણ બિરાજમાન છે) ત્યાં કેટલાંક વર્ષો પૂજાયા પછી દૈવી શક્તિથી અહીં એક વૃક્ષ પાસે ભગવાનનાં પગલાં ઉપરાંત પ્રગટસ્થાનનાં દર્શન થાય છે. આજે અહીં વાર્ષિક મેળો ભરાય છે. આ સ્થાનમાં ભક્તોને ચમત્કારનાં દર્શન થાય છે. ભક્તગણની મનોકામના અહીં સિદ્ધ થાય છે. સદીઓથી અહીં કેસર ચઢાવવાની માન્યતા ચાલી આવે છે. પ્રભુને કેશરિયાનાથ, ધૂલેવાધણી કે કેશરિયાલાલ વગેરે નામોથી ઓળખવામાં આવે છે. ભીલ જાતિમાં પ્રભુ કાલાબાબા તરીકે જાણીતા છે. કેશરિયાજીથી ઉદેપુર જતાં વચ્ચે જયસમંદ નામનું પર્યટન સ્થળ ફંટાય છે, જે ઉદેપુરથી ૫૬ કિ.મી.ના અંતરે આવેલું છે.

## ૧૫. શ્રી વટપદ્ર તીર્થ

રાજસ્થાનના ડુંગરપુર-વાંસવાડા માર્ગ ઉપર ડુંગરપુરથી ૪૦ કિ.મી.ના અંતરે બડોદા ગામની મધ્યમાં આ તીર્થ આવેલું છે. તીર્થમાં શ્રી પૌરુષાદાનીય પાર્શ્વનાથ પ્રભુની પ્રતિમાજી મૂળનાયક રૂપે બિરાજમાન છે. મંદિરનું નિર્માણ લગભગ વિ.સં. ૧૦૨૫માં થયેલું છે. ધૂલેવામાં બિરાજમાન શ્રી કેશરિયા ભગવાનની પ્રતિમા વિ.સં. ૯૦૯ (૧૧૦૦ વર્ષ)માં અહીં પ્રગટ થઈ હતી એવું માનવામાં આવે છે. આ મંદિરથી થોડે દૂર જ્યાંથી પ્રતિમાજી પ્રગટ થયા હતા ત્યાં વૃક્ષ પાસે એક દેરીમાં શ્રી આદિનાથ પ્રભુની

ચરણપાદુકાનાં દર્શન થાય છે. તેમજ આ તીર્થમાં પ્રાચીન વીશવિહરમાન પટ્ટ, ચોવીશ જિન કલ્યાણક પટ્ટ દર્શનીય છે.

## ૧૬. શ્રી કરેડા તીર્થ

રાજસ્થાનના ચિત્તોડગઢ જિલ્લાના ભુપાલસાગર મુકામે શ્રી કરેડા પાર્શ્વનાથ પ્રભુનું મુખ્ય તીર્થ આવેલું છે. ઉદયપુર-ચિત્તોડ રેલવેમાર્ગ પર આવેલું આ તીર્થ ચિત્તોડથી અને ઉદયપુરથી ૭૦ કિ.મી. દૂર છે. ભૂપાલસાગર રેલવે સ્ટેશનથી ૧ કિ.મી.ના અંતરે આ તીર્થ આવેલું છે. બાવન જિનાલયોથી અલંકૃત આ જિનાલયે દર વર્ષે પોષ દસમના વિરાટ મેળાનું આયોજન કરવામાં આવે છે. બાવન દેવકુલિકાઓમાં જુદાં જુદાં નામના પાર્શ્વપ્રભુજીની પ્રતિમાજી બિરાજમાન છે.

સંપર્ક :- શ્રી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક શ્રી કરેડા પાર્શ્વનાથજી તીર્થ પેઢી, પો. ભૂપાલ સાગર - ૩૧૨૨૦૪, જિ. ચિત્તોડગઢ (રાજસ્થાન). ફોન નં. ૦૧૪૭૬-૨૮૪૨૩૩

### તીર્થની વિશેષતા

રાજસ્થાનના ભૂપાલસાગર મુકામે શ્રી કરેડા પાર્શ્વનાથ પ્રભુની પ્રાચીન અને દિવ્યતાનાં તેજ પ્રસરાવતી પ્રતિમાજી બિરાજમાન છે. શ્યામવર્ણ પાષાણની, પદ્માસનસ્થ અને નવ ફણાથી અલંકૃત આ પ્રતિમાજી છે. ફણામાં દિવ્ય ચક્ષુઓના કારણે પ્રતિમાજી દર્શનીય લાગે છે. સુંદર પરિકરથી પરિવૃત્ત શ્રી કરેડા પાર્શ્વનાથ પ્રભુની પ્રતિમાજીની ઊંચાઈ ૨૯ ઇંચ અને ૨૭ ઇંચ પહોળી છે.

શ્રી કરેડા પાર્શ્વનાથ પ્રભુના તીર્થને 'કરહેડક', 'કરહડા' કે 'કરહેડા' પણ કહેવાતું હતું. આ તીર્થના અનેક પ્રાચીન ઉલ્લેખો

છે. સં. ૮૬૧માં ઓસવાલ વંશના શ્રેષ્ઠીવર્ય ખીમસિંહ શાહે આ તીર્થમાં શ્રી કરહેડા પાર્શ્વનાથનું ભવ્ય જિનાલય બંધાવ્યું. આચાર્ય ભગવંત શ્રી જયાનંદસૂરિજીના શુભ હસ્તે શ્રી કરહેડા પાર્શ્વનાથની પ્રતિમાજીની પ્રતિષ્ઠા કરવામાં આવી હતી. વિ.સં. ૧૦૩૯માં આ જિનાલયનો પુનઃ જીર્ણોદ્ધાર થયો. બાવન દેવકુલિકાઓથી યુક્ત આ જિનાલયની પ્રતિષ્ઠા સંડેરકગચ્છના આ. શ્રી યશોભદ્રસૂરિજી મ.ના વરદ હસ્તે થઈ.

વિ.સં. ૧૩૨૧માં આ. ભ.શ્રી ધર્મઘોષસૂરિ આદિ ૨૦ સૂરિ મહારાજાઓની નિશ્રામાં માંડવગઢના મહામંત્રી પેથડશાહના પુત્ર ઝાંઝણશાહ વિશાળસંઘ સાથે આ તીર્થમાં આવ્યા હતા. અહીં સંઘપતિને તિલક કરવામાં આવ્યું હતું. એ સમયે જિનાલયનો જીર્ણોદ્ધાર ઝાંઝણશાહે કરાવ્યો અને સાત માળના ભવ્ય જિનાલયનું નિર્માણ ઝાંઝણશાહે કરાવ્યું હતું.

ત્યાર પછી સંવત ૧૬૫૬માં આ તીર્થનો પુનઃ જીર્ણોદ્ધાર કરવામાં આવ્યો ત્યારે જિનાલયની પૂર્વ દિશાની દીવાલમાં એક છિદ્ર વિશિષ્ટ રીતે કરવામાં આવ્યું. જેથી શ્રી પાર્શ્વપ્રભુના જન્મકલ્યાણકના દિવસે સૂર્યનાં તેજસ્વી કિરણો પ્રભુના દેહને સ્પર્શ કરનાં; ત્યાર પછી પુનઃ જીર્ણોદ્ધાર થતાં વર્તમાનમાં તે મુજબ કિરણો સ્પર્શતાં નથી. મુસ્લિમ આક્રમણોને ખાળવા માટે જિનાલયનો ઉપરનો ભાગ મસ્જિદ આકારનો બનાવાયો હતો.

તાજેતરમાં આ પ્રાચીન અને ગૌરવવંતા જિનાલયનો જીર્ણોદ્ધાર વિ.સં. ૨૦૩૩માં આચાર્ય ભગવંત શ્રી સુશીલસૂરિજી મહારાજના વરદ હસ્તે કરવામાં આવ્યો હતો. ગામના નામ પરથી આ પાર્શ્વપ્રભુ 'કરેડા', 'કરહેડા' કે 'કરહેડક'ના નામથી જાણવામાં આવે છે.

## ૧૭. શ્રી ચિત્તોડગઢ તીર્થ

રાજસ્થાનના ચિત્તોડગઢ જિલ્લાના મુખ્યમથક ચિત્તોડ અત્યંત દર્શનીય સ્થળ છે. ચિત્તોડગઢ તીર્થને શ્રી ચિત્રકૂટ તીર્થ પણ કહેવામાં આવે છે. અહીં મૂળનાયક રૂપે શ્રી આદિનાથ પ્રભુ બિરાજમાન છે.

સંપર્ક :- શ્રી સત્તાવીશ દેવરી જૈન શ્વે. મંદિર ટ્રસ્ટ, જૈન ધર્મશાળા, રેલવે સ્ટેશન રોડ, પો. ચિત્તોડગઢ (રાજ.) ફોન નં. ૦૧૪૭૨-૨૪૧૯૭૧, પેઢીનો નંબર - ૨૪૨૧૬૨ છે. ઉદયપુરથી ૧૧૫ કિ.મી.ના અંતરે આ સ્થાન આવેલું છે.

### તીર્થની વિશેષતા

ચિત્તોડના કિલ્લા પર છ જિનાલયો આવેલા છે, જેમાં મુખ્ય અને સૌથી મોટું શ્રી આદિનાથ ભગવાનનું જિનાલય છે. બાવન દેવકુલિકાઓથી યુક્ત આ મંદિરના સ્થાનને 'સત્તાવીસ દેરી'ના નામથી પણ જાણવામાં આવે છે. લોકમાન્યતા પ્રમાણે એક સમયે અહીં નજીકમાં જ નાનાંમોટાં સત્તાવીશ જિનમંદિરો હતાં. આ જિનાલયના પ્રાંગણમાં જ શ્રી પાર્શ્વનાથ પ્રભુનાં બે મંદિરો છે. ઉપરાંત શ્રમણ ભગવાન મહાવીર સ્વામી તથા શ્રી શાંતિનાથ પ્રભુનું એમ અન્ય બે જિનાલયો છે. ગૌમુખી કુંડ પાસે શ્રી પાર્શ્વપ્રભુનું જિનાલય છે.

ચૌદમી સદીમાં નિર્માણ થયેલા સાત માળના જૈન કીર્તિસ્થંભમાં શ્રી ઋષભદેવ પ્રભુ તથા અન્ય અનેક જિન પ્રતિમાજીઓ ઉત્કીર્ણ છે. આ સ્થાન ધાર્મિક અને ઐતિહાસિક રીતે ઘણું જ ભવ્ય અને સુંદર છે. મુસ્લિમ શાસનકાળ દરમ્યાન અસંખ્ય હુમલાઓ થવાથી મંદિરો અને કિલ્લાને ઘણી જ ક્ષતિઓ

પહોંચી છે. તેમજ ઘણાં મંદિરોનાં શિખરો, પ્રતિમાઓ તથા કલાકારીગરી ખંડિત થયાનું જોઈ શકાય છે. જોકે ઘણી જગ્યાએ જીર્ણોદ્ધારનું કાર્ય શરૂ થયું છે.

અહીં મંદિરો, જૈન કીર્તિસ્તંભ, રાજા જયસિંહનો મહેલ (ખંડેર), રાણી પદ્મિનીનો મહેલ, વિજય કીર્તિસ્થંભ વગેરે જોવાલાયક છે. ચિત્તોડનો કિલ્લો સમગ્ર ભારતમાં પ્રખ્યાત છે. એમ કહેવાય છે કે 'ગઢ તો ચિત્તોડગઢ, બાકી સબ ગઢૈયા' અર્થાત્ આટલો વિશાળ કિલ્લો અન્યત્ર ક્યાંય નથી.

ચિત્તોડગઢના પ્રાચીન ઈતિહાસ પ્રમાણે આ કિલ્લો મૌર્યવંશી રાજા ચિત્રાંગદ દ્વારા નિર્માણ પામ્યો હતો તેથી ચિત્રકૂટ કિલ્લા તરીકે પણ ઓળખાય છે. સમુદ્રસપાટીથી લગભગ ૨૦૦૦ ફૂટની ઊંચાઈએ સમતલ પર્વત પર આઠ ચોરસમાઈલના ઘેરાવામાં આ કિલ્લો બન્યો છે.

એવું પણ કહેવાય છે કે વિ.સં. ૮૦૦માં ગોહિલવંશી રાજા બાપ્પા રાવળે મૌર્યવંશી મહારાજા માનને પરાજિત કરીને આ કિલ્લા પર વિજય મેળવ્યો હતો.

બારમી સદીમાં મહારાજા સિદ્ધરાજ જયસિંહે રાજય કરેલું હતું. ચિત્તોડમાં અનેક શૂરવીર રાજાઓ તથા જૈન મંત્રીઓએ સમયે સમયે અનેક મહાન કાર્યો કર્યાં છે. પ્રાચીન તીર્થયાત્રાના ગ્રંથોમાં ચિત્તોડ (ચિત્રકૂટ) ગઢનાં વર્ણનો જોવા મળે છે. વિ.સં. ૧૫૮૭માં શ્રી શત્રુંજયનો જીર્ણોદ્ધાર કરાવનારા મહામંત્રી શ્રી કર્મચંદ્ર બચ્છાવત ચિત્તોડના નિવાસી હતા. અહીં રહેવા માટે ધર્મશાળાઓ છે તેમજ ભોજન માટેની અનેક લૉજ - રેસ્ટોરાં છે.

# ૧૮. શ્રી નાગહૃદ તીર્થ

રાજસ્થાનના ઉદેપુર જિલ્લાના નાગદા નજીકની ગોદમાં વાઘેલા તળાવના કિનારે શ્રી નાગહૃદ તીર્થ આવેલું છે. અહીં શ્રી શાંતિનાથ પ્રભુ મૂળનાયકરૂપે બિરાજમાન છે. શ્રી શાંતિનાથ પ્રભુની શ્યામવર્ણની પદ્માસનસ્થ પ્રતિમાજી બિરાજેલી છે. એકલિંગજીથી એક કિલોમીટરના અંતરે આ તીર્થ આવેલું છે. અહીંથી રાણકપુર ૮૦ કિ.મી.ના અંતરે છે. ધર્મશાળા તથા ભોજનશાળાની સગવડ છે.

સંપર્ક : શ્રી જૈન શ્વેતાંબર અદ્ભુતજી તીર્થ ટ્રસ્ટ, પો. નાગદા (કૈલાસપુરી)-૩૧૩૨૦૨ (જિ. ઉદેપુર) રાજસ્થાન. ફોન-૦૨૯૪-૨૭૭૨૨૮૧

## તીર્થની વિશેષતા

આ સ્થળનું પ્રાચીન નામ નાગહૃદ હતું. હાલમાં 'નાગદા' નામ છે. એક સમયે આ સ્થળ મેવાડની રાજધાની હતી. મેવાડ પંચતીર્થનું આ એક યાત્રા કરવાનું સ્થાન માનવામાં આવે છે.

લોકવાયકા અનુસાર એક સમયે અહીં ૩૫૦ જૈન મંદિરો હતાં. સાંયકાળે જ્યારે એક સમયે આરતી થતી ત્યારે મંદિરોનો ઘંટનાદ દિવ્યતાની અનુભૂતિ કરાવતો હોય તેવું વાતાવરણ સર્જાઈ જતું. અત્યારે પણ અનેક જીર્ણ મંદિરોના અવશેષો નજરે પડે છે. મુસ્લિમ શાસક સમશુદ્દીનના સમયમાં આ સ્થળને ઘણી ક્ષતિ પહોંચી હતી.

અહીં શ્રી શાંતિનાથ પ્રભુની વિશાળ કદની પ્રતિમાજીની પ્રતિષ્ઠા વિ.સં. ૧૪૯૪માં થઈ છે. શ્રી શાંતિનાથ પ્રભુની આટલી

વિશાળ પ્રતિમાજી ભાગ્યે જ ક્યાંય જોવા મળે. અહીં ઘણાં પ્રાચીન ખંડેરો છે. જો સંશોધન કરવામાં આવે તો તીર્થની ભવ્યતાનો ઈતિહાસ જાણવા મળી શકે તેમ છે. ઉદેપુરથી ૨૫ કિ.મી.ના અંતરે અને એકલિંગજીથી પહેલાં એકાદ કિલોમીટરના અંતરે વાઘેલા તળાવ પાસેના રસ્તા પર વળી જવાથી આ તીર્થનાં દર્શન થઈ શકશે.

## ૧૯. શ્રી સ્વર્ણગિરિ તીર્થ

રાજસ્થાનના નાકોડા તીર્થથી ૫૦ કિ.મી.ના અંતરે જાલોર આવેલું છે. જાલોર શહેરની નજીક સ્વર્ણગિરિ પર્વત પર બાર જિનાલયો છે. સ્વર્ણગિરિ તીર્થ અત્યંત દર્શનીય સ્થાન છે. અહીં ધર્મશાળા તથા ભોજનશાળાની સગવડ છે. ફોન - ૦૨૯૭૩-૨૩૨૩૩૪.

### તીર્થની વિશેષતા

સ્વર્ણગિરિ તીર્થ પ્રાચીન મહત્ત્વ ધરાવતું તીર્થધામ છે. આ પવિત્ર તીર્થમાં અનેક મહારાજાઓ, આચાર્ય ભગવંતો, શ્રેષ્ઠીઓએ આવીને ધાર્મિક કાર્યોમાં ભાગ લીધો છે. ગુર્જરેશ્વર મહારાજા કુમારપાળે અહીં જિનાલયનું નિર્માણ કરાવેલું તેમ ઈતિહાસમાં ઉલ્લેખ છે. આ સ્થળ પર્વત ઉપર થોડીક ઊંચાઈએ આવેલું છે. પર્વત ચઢતાં અડધો કલાક લાગે છે. અહીં ડોળી ઉપલબ્ધ છે. પર્વતની તળેટીમાં નંદીશ્વરદ્વીપની રચના તથા નૂતન નિર્માણ પામેલ કીર્તિસ્તંભ દર્શનીય છે. આ તીર્થમાં મૂળનાયક રૂપે શ્રી મહાવીરસ્વામી પ્રભુની પ્રતિમાજી બિરાજમાન છે.

## ૨૦. શ્રી ઉમેદપુર તીર્થ

રાજસ્થાનના જાલોર જિલ્લાના આહોર તાલુકાના ઉમેદપુર ગામે આ તીર્થ આવેલું છે. આ તીર્થ જાલોર-ફાલના માર્ગ પર આહોરથી ૧૦ કિ.મી.ના અંતરે આવેલું છે. અહીંથી તખતગઢ ૧૦ કિ.મી.ના અંતરે આવેલ છે. અહીં ધર્મશાળા તથા ભોજનશાળાની સગવડ છે. શ્રી ઉમેદપુર તીર્થમાં મૂળનાયક રૂપે શ્રી ભીડભંજન પાર્શ્વનાથ પ્રભુ બિરાજે છે.

સંપર્ક : શ્રી ભીડભંજન પાર્શ્વનાથ જિનાલય, શ્રી પાર્શ્વ ઉમેદ જૈન બાલાશ્રમ, મુ. પો. ઉમેદપુર (તા. આહોર) -૩૦૭૦૩૦ ફોન : ૦૨૯૭-૨૩૦૨૩૦

## ૨૧. શ્રી જાલોર તીર્થ

રાજસ્થાનના જાલોર જિલ્લાના મુખ્ય મથક જાલોરમાં દર્શનીય ૧૨ જિનાલયો આવેલા છે. નજીકમાં શ્રી સ્વર્ણગરિ તીર્થ આવેલું છે. આ તીર્થ ઘણું પ્રાચીન છે. અહીંથી શિરોહી ૭૫ કિ.મી.ના અંતરે આવેલું છે.

સંપર્ક : શ્રી સ્વર્ણગિરિ જૈન શ્વે. તીર્થ પેઢી, બસસ્ટેન્ડ પાસે, મુ. જાલોર (રાજ.) ફોન - ૦૨૯૭૩-૨૩૩૮૮૬, ૨૩૨૩૮૬

## ૨૨. શ્રી આહોર તીર્થ

રાજસ્થાનના જાલોર જિલ્લાના આહોર તાલુકાના મુખ્ય મથક આહોરમાં શ્રી શાંતિનાથ ભગવાનનું પ્રાચીન તીર્થધામ આવેલું

છે. આ તીર્થ ખૂબ પ્રાચીન અને પ્રભાવક છે. શ્રી શાંતિનાથ ભગવાનનું બાવન જિનાલય ખૂબ જ અદ્ભુત અને દૈદિપ્યમાન છે. અહીં અન્ય આઠ જિનાલયો આવેલા છે. અહીંથી જાલોર ૨૦ કિ.મી., ઉમેદપુર ૧૫ કિ.મી., તખતગઢ ૧૦ કિ.મી.ના અંતરે આવેલ છે. અહીં ધર્મશાળા તથા ભોજનશાળાની સગવડ છે.

સંપર્ક : શ્રી શાંતિનાથ ભગવાન જૈન શ્વે. મંદિર, જૈન દેરાસર શેરી, પો. આહોર-૩૦૭૦૨૯ (જિ. જાલોર). ફોન : (૦૨૯૭૮) ૨૨૦૪૦૯, ૨૨૨૪૧૧

## ૨૩. શ્રી તખતગઢ તીર્થ

રાજસ્થાનના જાલોર જિલ્લાના આહોર તીર્થથી દસ કિલોમીટરના અંતરે તખતગઢ તીર્થ આવેલું છે. તખતગઢથી સાંડેરાવ ૨૦ કિ.મી.ના અંતરે આવેલ છે.

### તીર્થની વિશેષતા

તખતગઢમાં પાંચ જિનાલયો આવેલા છે. મુખ્ય જિનાલય પ્રાચીન છે. આ જિનાલયમાં મૂળનાયક રૂપે શ્રી આદિનાથ પ્રભુ બિરાજમાન છે. મુખ્ય જિનાલયની બાજુમાં બીજું મંદિર છે. આ બન્ને જિનાલયો દર્શનીય છે.

મુખ્ય જિનાલયની ભમતીમાં આરસમાં કંડારેલી કલાકૃતિ દર્શનીય છે. જેમાં સંસારચક્ર, મધુબિંદુ, શરીર, ઇન્દ્રિયો, શ્રીમાળ મયણાસુંદરીની કથા વગેરેના પ્રસંગો આરસમાં કોતરવામાં આવેલ છે. જ્યારે બાજુના દેરાસરમાં આરસની કલાત્મક જાળીઓ, ચાંદીના જડતરનું કામ, કલાકારીગરી શ્રેષ્ઠ છે. જમીન પર ફૂલોની ડિઝાઈન આરસમાં કોતરવામાં આવી છે. શિખરબંધી જિનાલય આરસના પથ્થરોથી સમૃદ્ધ છે.

## ૨૪. શ્રી સાંડેરાવ તીર્થ

રાજસ્થાનના ફાલનાથી જાલોર-આહોરના માર્ગ પર ૧૧ કિ.મી.નું અંતર છે. શ્રી સાંડેરાવ તીર્થમાં શ્રી શાંતિનાથ પ્રભુ મૂળ નાયકરૂપે બિરાજમાન છે. આ પ્રતિમાજી અતિ ભવ્ય અને કલાત્મક છે. ક્યારેક આ જિનાલયમાં શ્રી પાર્શ્વપ્રભુના અધિષ્ઠાયક દેવ શ્રી ધરણેન્દ્ર મહારાજ નાગદેવના સ્વરૂપે પ્રગટ થાય છે. સામે આવેલા ઉપાશ્રયમાં શ્રી માણિભદ્ર યક્ષનું સ્થાન છે. ત્યાં અનેક ચમત્કારિક ઘટનાઓ બનતી રહે છે. આ ઉપરાંત સાંડેરાવમાં કેસરિયાનાથનું જિનાલય છે. પાલી જિલ્લામાં આવેલું આ તીર્થ ૨૫૦૦ વર્ષ પ્રાચીન છે. અહીંથી ફાલના સ્ટેશન ૧૧ કિ.મી.ના અંતરે છે. ધર્મશાળા તથા ભોજનશાળાની સગવડ છે.

સંપર્ક : શ્રી શાંતિનાથ જૈન મંદિર ટ્રસ્ટ પેઢી-સાંડેરાવ, પો. સાંડેરાવ-૩૦૬૭૦૮, વાયા-ફાલના (જિ. પાલી). ફોન : ૦૨૯૩૮-૨૪૪૧૫૬

## ૨૫. શ્રી વરકાણા તીર્થ

રાજસ્થાનમાં રાની રેલવે સ્ટેશનથી ૩ કિ.મી.ના અંતરે શ્રી વરકાણા પાર્શ્વનાથ તીર્થ આવેલું છે. આ તીર્થ રાણકપુરની પંચતીર્થીમાં ગણાય છે. આ તીર્થથી ફાલના સ્ટેશન ૨૦ કિ.મી.ના અંતરે છે. આ તીર્થસ્થાનમાં ધર્મશાળા-ભોજન શાળાની ઉત્તમ સગવડ છે. અહીં જૈન છાત્રાલય આવેલ છે. બીજોવા, મૂછાળા મહાવીર, રાતા મહાવીર સેવાડી, બાલી, સાદડી, મુંડારા, નાડોલ નાડલાઈ વગેરે તીર્થધામો આ તીર્થસ્થાનથી નજીક આવેલાં છે.

સંપર્ક : શ્રી પાર્શ્વનાથ જૈન દેવસ્થાન પેઢી, વરકાણા તીર્થ, પો. વરકાણા-૩૦૬૬૦૧, જિ. પાલી (રાજ.). ફોન : ૦૨૯૩૪-૨૨૨૨૫૭

## તીર્થની વિશેષતા

રાણકપુરની પંચતીર્થીના વરકાણા ગામના પ્રાચીન ગ્રંથોમાં વરકનપુર, વરકનગઢ કે વરકનનગર તરીકેનો ઉલ્લેખ થયો છે. પ્રાચીન કાળમાં આ ગામ અતિ સમૃદ્ધ અને દૈદિપ્યમાન હતું. બીજોવા અને દાદાઈ ગામો આ નગરના ભાગરૂપે પૂર્વે શોભતાં હતાં.

આ સ્થાનમાં અનેક જિનાલયો હતા. પરંતુ કાળક્રમે આ નગર પડી ભાંગ્યું. ભવ્યતાથી ઓપતા જિનાલયો ધ્વંશ થયા. શ્રી વરકાણા પાર્શ્વનાથજીની પ્રતિમાજી અતિ પ્રાચીન છે. એક ભરવાડને જમીનમાંથી આ પ્રતિમાજી પ્રાપ્ત થયા હતા. સ્થાનિક સંઘે એક જિનાલય બંધાવીને તેમાં આ પ્રતિમાજીને પ્રતિષ્ઠિત કરી.

સંવત ૧૨૧૧ના એક શિલાલેખમાં તીર્થની પ્રાચીનતા વિષે જાણી શકાય છે. આ જિનાલયને મેવાડના રાણાઓએ ભેટસોગાદો આપી હોવાનાં કેટલાંક પ્રમાણો તામ્રપત્રોમાં જોવા મળે છે.

અહીં સોળમા સૈકામાં થયેલા મહારાણા કુંભાના સમયમાં માલપુરના એક ધનિક શ્રેષ્ઠીએ બાવન દેવકુલિકાઓથી યુક્ત એક ભવ્ય જિનપ્રાસાદ બંધાવ્યો હતો.

સં. ૧૬૨૮માં આ. શ્રી વિજયદાનસૂરિએ શ્રી વરકાણા પાર્શ્વનાથ જિનાલયમાં પં. રાજવિમલજી, પં.ધર્મસાગરજી તથા પં. હીરહર્ષજીને ઉપાધ્યાયપદ અર્પણ કર્યું હતું. આ. શ્રી હેમવિમલસૂરિએ ભક્તામર અને કલ્યાણમંદિર સ્તોત્રની પાદપૂર્તિરૂપે શ્રી વરકાણા પાર્શ્વનાથજીનું ૪૬ શ્લોકનું સ્તોત્ર બનાવ્યું

હતું. શ્રી વરકાણા તીર્થના મુખ્ય દ્વારમાં પ્રવેશતાં ડાબી તરફ હાથી પાસે દોઢ ગજ લાંબો શિલાલેખ જોવા મળે છે. આ શિલાલેખ પરથી મેવાડના રાણાઓ પર જૈનાચાર્યોનો પ્રભાવ કેવો હતો તે જાણી શકાય છે.

અહીં માગસર વદ-૮થી વદ-૧૧ સુધી ભરાતા મેળામાં યાત્રિકો પાસેથી કર લેવામાં આવતો હતો, ત્યારે આ. શ્રી વિજયદેવસૂરિજીના ઉપદેશથી મેવાડના જગતસિંહે કર લેવાનો બંધ કરાવ્યો હતો.

વિ. સં. ૧૭૦૭માં અલૌકિક પ્રતિમાને દર્શનીય પરિકરથી વિભૂષિત કરવામાં આવી. આ પરિકરમાં ૨૩ ભગવાનની મૂર્તિઓ છે. સં. ૧૯૮૧માં આ તીર્થનો જીર્ણોદ્ધાર થયો અને સં. ૨૦૧૪ના મહા સુદ-૪ના દિને પુનઃપ્રતિષ્ઠા થઈ હતી. અહીંની કોતરણી આબુ, રાણકપુર પ્રકારની છે. વિશાળ જગ્યામાં આવેલું આ બાવન જિનાલય ભવ્ય છે. પોષ દશમનો મેળો યોજાય છે. રાઈ પ્રતિક્રમણમાં હજારો ભાવિકો 'તીર્થવંદના' સ્તોત્રમાં આ તીર્થને ભાવથી વંદન કરે છે. વરકાણા ગામના વાસી હોવાથી આ પ્રભુજી વરકાણા પાર્શ્વનાથના નામથી પ્રસિદ્ધ છે.

## ૨૬. શ્રી મૂછાળા મહાવીર તીર્થ

રાજસ્થાનમાં રાણકપુરથી ૨૨-૨૩ કિ.મી. અને નાંડલાઈથી ૧૬ કિ.મી.ના અંતરે શ્રી મૂછાળા મહાવીર તીર્થ આવેલું છે. આ તીર્થ ઘણું પ્રાચીન છે. રાણકપુર જતાં યાત્રીઓ મૂછાળા મહાવીરના દર્શનાર્થે અવશ્ય જાય છે. રાણી તથા ફાલના રેલવે સ્ટેશનથી આ તીર્થ ૫૦ કિ.મી. દૂર છે. નજીકમાં સાદડી તીર્થ ૧૫ કિ.મી., નાડલાઈ ૧૬ કિ.મી.ના અંતરે છે.

સંપર્ક : શ્રી આણંદજી કલ્યાણજી પેઢી, મૂછાળા મહાવીરજી, પો. ઘાણેરાવ-૩૦૬૭૦૪ (જિ. પાલી). રાજસ્થાન. ફોન : ૦૨૯૩૪-૨૮૪૦૫૬

## તીર્થની વિશેષતા

શ્રી મૂછાળા મહાવીર તે ગોડવાલ પંચતીર્થીનું એક તીર્થ છે. અહીંનો ચમત્કાર લોકપ્રસિદ્ધ છે. એક વાર ઉદેપુરના મહારાણા અહીં દર્શનાર્થે પધાર્યા હતા. મહારાણાએ શ્રી મહાવીરપ્રભુને તિલક કરતી વખતે કેસરની વાડકીમાં વાળ જોઈને પૂજારીને હસતાં હસતાં કહ્યું : 'પૂજારીજી, ભગવાનને મૂછો હોય એમ લાગે છે.'

ત્યારે શ્રમણ ભગવાન મહાવીર સ્વામીના પરમ ભક્ત એવા પૂજારીએ જણાવ્યું કે ભગવાન સમયે સમયે વિવિધ રૂપ ધારણ કરે છે.

હઠાગ્રહી મહારાણાએ પૂજારીના શબ્દો સાંભળીને કહ્યું : 'તો પછી મને મૂછાળા મહાવીરનાં દર્શન કરાવ...'

પૂજારીએ પ્રભુની પ્રત્યેની પરમ આસ્થા સાથે કહ્યું : 'મહારાણા સાહેબ, આપ ત્રીજે દિવસે વહેલી સવારે અત્રે પધારજો...આપની મનોકામના સિદ્ધ થશે.'

મહારાણા આછું હાસ્ય વેરતા ચાલ્યા ગયા.

આ તરફ પૂજારીએ અઠ્ઠમ તપની આરાધના સાથે ભક્તિ આદરી અને મહારાણાએ વ્યક્ત કરેલી મનોકામના સિદ્ધ કરી આપવા વિનંતી કરી. અને ત્રીજે દિવસે સવારે મહારાણા ત્યાં આવ્યા ત્યારે શ્રમણ ભગવાન મહાવીર સ્વામીની પ્રતિમાજીનાં મૂછ સાથે મહારાણાએ દર્શન કર્યાં. મહારાણા ભાવવિભોર બની ગયા અને પ્રભુના પ્રભાવ સામે શંકા કરી તે માટે ક્ષમાયાચના પણ માગી. પૂજારીનાં તપ અને ભક્તિઆરાધનાથી પ્રસન્ન થઈને

મહારાણાએ તેને શ્રેષ્ઠ પુરસ્કાર આપ્યો. ત્યારથી આ સ્થળ મૂછાળા મહાવીર તરીકે પ્રખ્યાત છે. આજે પણ આ તીર્થમાં ચમત્કારી ઘટનાઓ બને છે. અહીં ધર્મશાળા- ભોજનશાળાની સગવડ છે.

## ૨૭. શ્રી રાતા મહાવીર તીર્થ

રાજસ્થાનના પાલી જિલ્લામાં આવેલ બીજાપુરથી ત્રણ કિ.મી.ના અંતરે આવેલ હથુંડી ગામે શ્રી રાતા મહાવીર તીર્થ આવેલું છે. રાણકપુરથી આ તીર્થ ૪૦ કિ.મી.ના અંતરે આવેલું છે. ફાલના રેલવે સ્ટેશન આ તીર્થથી ૨૮ કિ.મી.ના અંતરે છે.

સંપર્ક : શ્રી હથુંડી રાતા મહાવીરસ્વામી તીર્થ, પો. બીજાપુર-૩૦૬૭૦૭, જિ. પાલી (રાજ.). ફોન - ૦૨૯૩૩-૨૪૦૧૩૯

### તીર્થની વિશેષતા

શ્રી રાતા મહાવીર તીર્થ પહાડોની ગોદમાં આવેલું છે. બાલીથી નાણા જતા માર્ગે સેવાડી થઈ બીજાપુર ગામથી ૩ કિ.મી.ના અંતરે હથુંડી ગામમાં આ તીર્થ આવેલું છે. શ્રી રાતા મહાવીર જિનાલયનું નિર્માણ વિક્રમ સંવત ૩૭૦ માં શ્રી વીરદેવ નામના શ્રેષ્ઠી દ્વારા થયું છે. કાળક્રમે મંદિરનો જીર્ણોદ્ધાર જૈન ધર્મ પ્રતિબોધ પામેલા શૂરવીર, પ્રતાપી રજપૂત મહારાજાઓ દ્વારા થતો રહ્યો છે. એક સમયમાં જાહોજલાલી ભરેલી નગરી હશે તેમ માનવામાં આવે છે. તેમજ પાંચેક હજાર હાથીઓની વસ્તી હોવાનું માનવામાં આવે છે.

શ્રી રાતા મહાવીર તીર્થમાં ભગવાન મહાવીર સ્વામીની પ્રતિમાજીનું લાંછન ધ્યાનથી જોવાલાયક છે. લાંછનમાં સિંહના દેહ પર હાથીનું મસ્તક બનાવેલ છે. આ પ્રકારનું લાંછન અન્યત્ર

જોવામાં આવતું નથી. આમ, આ વિશિષ્ટ બાબત છે. શ્રી મહાવીર સ્વામીની રાતા રંગની વિશાળ મૂર્તિ વિશેષ કલાત્મક આકારની છે. નીચે ભોંયરામાં ગુલાબી આરસપહાણમાંથી કંડારેલી શ્રી મહાવીર સ્વામીની મૂર્તિ અત્યંત દર્શનીય છે. મંદિરની બહાર અધિષ્ઠાયક દેવની મૂર્તિ છે.

આ સ્થળ અત્યંત શાંત અને પવિત્ર છે. અહીં રહેવા માટે ધર્મશાળા અને ભોજનશાળાની ઉત્તમ સગવડ છે.

## ૨૮. શ્રી સેવાડી તીર્થ

રાજસ્થાનના પાલી જિલ્લામાં સેવાડી ગામમાં આ જૈન તીર્થ આવેલું છે. આ તીર્થ સેવાડી ગામની બજારમાં આવેલ છે. બાલીથી નાણા જતા માર્ગ પર ૧૬ કિ.મી.ના અંતરે સેવાડી તીર્થ આવે છે. રાતા મહાવીર તીર્થ પણ આ રસ્તેથી જવાય છે. નજીકનું શહેર બાલી ૧૧ કિ.મી.ના અંતરે તથા ફાલના ૧૬ કિ.મી.ના અંતરે આ તીર્થથી આવેલ છે. અહીં ધર્મશાળા તથા ભોજનશાળાની સગવડ છે.

સંપર્ક : શ્રી જૈન શ્વેતાંબર દેવસ્થાન પેઢી, પો. સેવાડી-૩૦૬૭૦૭, જિ. પાલી (રાજસ્થાન), ફોન : ૦૨૯૩૮-૨૪૮૧૨૨

### તીર્થની વિશેષતા

શ્રી સેવાડી તીર્થમાં મૂળનાયક રૂપે શ્રી શાંતિનાથ ભગવાનની પ્રતિમાજી બિરાજમાન છે. આ તીર્થની સ્થાપના લગભગ વિક્રમ સંવત ૧૧૭૨માં થઈ હોવાનું મનાય છે. અહીંની બધી પ્રતિમાજીઓ પ્રાચીન અને ૧૩મી સદીની હોવાનો સંભવ છે. પ્રતિમાજી પર લેખ નથી. આવી દિવ્ય પ્રતિમાજીઓનાં દર્શન અન્યત્ર દુર્લભ છે.

મૂળ ગભારાના દ્વાર ઉપર ૧૬ વિદ્યાદેવીઓની મૂર્તિઓ, યક્ષ-કુબેરની મૂર્તિઓ છે. ગભારામાં ગજલક્ષ્મીની મૂર્તિ સ્વયં અપૂર્વ

અને દર્શનીય છે. અહીં શ્રી સરસ્વતીદેવની પ્રતિમા કલાત્મક અને આકર્ષક છે.

## ૨૯. શ્રી બાલી તીર્થ

રાજસ્થાનના ફાલના રેલવે સ્ટેશનથી સાત કિલોમીટરના અંતરે શ્રી બાલી તીર્થ આવેલું છે. બાલી તીર્થ ફાલના અને સાદડી વચ્ચે આવેલું છે. શ્રી બાલી તીર્થમાં શ્રી મનમોહન પાર્શ્વનાથ પ્રભુની શ્વેતવર્ણની, પદ્માસનસ્થ પ્રતિમાજી બિરાજમાન છે.

### તીર્થની વિશેષતા

બાલી ગામની મધ્યમાં આવેલ આ તીર્થ ચમત્કારિક છે. શ્રી મનમોહન પાર્શ્વપ્રભુની પ્રતિમાજી ઉપર વિ.સં. ૧૧૬૧નો લેખ ઉત્કીર્ણ છે. અગાઉ આ એક પ્રાચીન અને મહત્ત્વનું ગામ હતું. આ તીર્થના પ્રતિમાજી બાજુમાં આવેલ સેલા ગામના તળાવમાંથી દૈવી સંકેત દ્વારા દર્શન થયેલાં છે.

એક માન્યતા અનુસાર સેલા ગામના શ્રાવકોને ત્યાં દેરાસર બનાવી પ્રતિમાજી પધરાવવાની ઇચ્છા હતી. છેવટે પ્રતિમાજીને ગાડામાં બિરાજમાન કરીને ગાડું જયાં લઈ જાય ત્યાં પધરાવવાનો નિર્ણય લેવાયો. આમ તોડ કરતાં ગાડું બાલી ગામે સ્થિર થઈ ગયું અને પ્રતિમાજીની પ્રતિષ્ઠા બાલી ગામમાં કરવામાં આવી. અહીંથી નાણા જતી સડક છે. વચ્ચે સેવાડી તીર્થ આવે છે.

## ૩૦. શ્રી સાદડી તીર્થ

અમદાવાદ-દિલ્લી રેલવે માર્ગ પર ફાલના જંકશન આવેલ છે. ત્યાંથી સડક માર્ગે રાણકપુર જતા રસ્તામાં બાલી થઈને સાદડી

જવાય છે. અહીંથી રાણકપુર, મૂંછાળા મહાવીર, બાલી, સેવાડી વગેરે તીર્થસ્થળો નજીક-નજીકમાં આવેલાં છે. શ્રી સાદડી તીર્થમાં ધર્મશાળા તથા ભોજનશાળાની સગવડ છે.

### તીર્થની વિશેષતા

સાદડી ગામમાં મુખ્ય જિનાલય શ્રી આદિનાથ પ્રભુનું દેરાસર છે. ગામના બસસ્ટેન્ડ પાસે ત્રણ સુંદર દેરાસરો એક જ કમ્પાઉન્ડમાં આવેલા છે. બસસ્ટેન્ડથી એકાદ કિ.મી. ગામની અંદર ન્યુ આબાદી વસ્તીમાં ન્યુ આબાદી જૈન ટ્રસ્ટ દ્વારા કાચનું જિનાલય નિર્માણ પામ્યું છે. ઘાણેરાવ નજીક દેસૂરી ગામે પણ દેરાસરો છે.

સંપર્ક : શ્રી આદિનાથ જૈન દેરાસર, મુ.પો. સાદડી-૩૦૬૭૦૨, જિ. પાલી (રાજસ્થાન), ફોન : ૦૨૯૩૪-૨૮૫૦૧૭

## ૩૧. શ્રી ખુડાલા તીર્થ

રાજસ્થાનના ફાલના રેલવે સ્ટેશનથી ત્રણ કિલોમીટરના અંતરે ખુડાલા ગામમાં શ્રી ખુડાલા જૈનતીર્થ આવેલું છે. આ તીર્થમાં મૂળનાયક રૂપે શ્રી ધર્મનાથ પ્રભુની શ્વેતવર્ણની પદ્માસનસ્થ પ્રતિમાજી બિરાજમાન છે. આ જિનાલયની વિ.સં. ૧૨૪૩માં પ્રતિષ્ઠા થઈ છે. આ ઉપરાંત અહીં બીજું પણ એક દેરાસર છે. શ્રી ખુડાલા તીર્થના જિનાલયમાં મીનાકારીનું અદ્ભુત કામ દર્શનીય છે. તેમજ શ્રી ધર્મનાથ પ્રભુની પ્રતિમાજી દર્શનીય અને પ્રતિભાવંત છે. અહીં ધર્મશાળા તથા ભોજનશાળાની સગવડ છે.

સંપર્ક : શ્રી જૈન શ્વેતાંબર ધર્મનાથ પાર્શ્વનાથ ટ્રસ્ટ પેઢી, પો. ખુડાલા-૩૦૬૧૧૫ સ્ટેશન, ફાલના, જિલ્લો - પાલી (રાજસ્થાન). ફોન : ૦૨૯૩૮-૨૩૩૩૦૦, ૨૩૩૧૦૯.

# ૩૨. શ્રી નાડોલ તીર્થ

રાજસ્થાનમાં રાણકપુરથી ૪૦ કિ.મી., વરકાણા તીર્થથી ૫ કિ.મી. તથા નાડલાઈથી ૮ કિ.મી.ના અંતરે શ્રી નાડોલ તીર્થ આવેલું છે. અહીં ધર્મશાળા તથા ભોજનશાળાની સગવડ છે. રાની રેલવે સ્ટેશનથી ૧૮ કિ.મી.ના અંતરે છે.

સંપર્ક : શ્રી જૈન શ્વેતામ્બર દેવસ્થાન પેઢી, વાયા-દેસૂરી, પો. નાડોલ-૩૦૬૬૦૩, સ્ટેશન રાની, જિ. પાલી (રાજસ્થાન). ફોન : ૦૨૯૩૪-૨૪૦૦૪૪.

## તીર્થની વિશેષતા

પ્રાચીન તીર્થયાત્રાના ગ્રંથોને અનુસાર નાડોલ ગામ અત્યંત પ્રાચીન અને સંપ્રતિ મહારાજાના સમય પહેલાનું માનવામાં આવે છે. અહીં શ્રી પદ્મપ્રભુનું સુંદર જિનાલય છે. પાછળના ભાગે જલમંદિર આવેલું છે. આ સિવાય નાડોલમાં અન્ય ત્રણ જિનાલયો છે. શ્રી નેમિનાથ પ્રભુનું જિનાલય અતિ પ્રાચીન માનવામાં આવે છે.

આ મંદિરના એક ભોંયરામાં વિ.સં. ૩૦૦ પહેલાં આચાર્યદેવ શ્રી માનદેવસૂરીશ્વરજી મહારાજે ઉપદ્રવની શાંતિ માટે યોગસાધના કરી હતી અને 'લઘુશાંતિ' સ્તોત્રની રચના કરી હતી. આ ઉપરાંત શ્રમણ ભગવાન મહાવીર સ્વામીનું જિનાલય પણ પ્રાચીન છે. રાણી રેલવે સ્ટેશનથી આ તીર્થ ૧૮ કિ.મી.ના અંતરે આવેલું છે. અહીં પ્રાચીન કલાકૃતિઓ નિહાળવા જેવી છે તેમજ અખંડ કસોટીનું ચૌમુખી જિનાલય અત્યંત દર્શનીય છે.

## ૩૩. શ્રી નાડલાઈ તીર્થ

રાજસ્થાનના પાલી જિલ્લામાં આવેલું નાડલાઈ તીર્થ ખૂબ જ પ્રાચીન છે. અહીંથી નજીકનું રેલવે સ્ટેશન ફાલના ૪૦ કિ.મી.ના અંતરે આવેલું છે. નજીકનાં તીર્થોમાં દેસૂરી ૬ કિ.મી., ઘાણેરાવ-૧૩ કિ.મી. તથા મૂછાળા મહાવીર ૧૬ કિ.મી.ના અંતરે આવેલાં છે. ધર્મશાળાથી પર્વતની તળેટી ૩ કિ.મી.ના અંતરે આવેલ છે. અહીં ધર્મશાળા તથા ભોજનશાળાની સવગડ છે.

સંપર્ક : શ્રી નાડલાઈ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ, પો. નાડલાઈ-૩૦૬૭૦૩, જિ. પાલી (રાજસ્થાન). ફોન : ૦૨૯૩૪-૨૮૨૪૨૪

### તીર્થની વિશેષતા

નાડલાઈ ગામની બહાર, પર્વતો ઉપર અને તળેટીમાં, અહીં બધા મળીને ૧૦ જિનાલયો આવેલા છે જેમાં પર્વત પર બે, તળેટીમાં સાત તથા ગામમાં એક દેરાસર છે. પર્વતો પર બે જિનાલયોમાં ગિરનાર અને શત્રુંજય તીર્થની રચના છે જેમાં શ્રી નેમિનાથ પ્રભુ તથા આદીશ્વર ભગવાન મૂળનાયક રૂપે બિરાજમાન છે.

શ્રી નેમિનાથ પ્રભુનું જિનાલય શ્રી નારદજીએ વસાવેલા આ ગામમાં શ્રીકૃષ્ણના પુત્ર પ્રદ્યુમ્ને કરાવેલ છે. ગામમાં આવેલ શ્રી ઋષભદેવ સ્વામીનું જિનાલય વિ.સં. ૯૫૦માં આ.શ્રી. યશોભદ્રસૂરીશ્વરજી મહારાજે પોતાની વિદ્યાશક્તિથી વલ્લભીપુરથી લાવ્યા હોવાનું જણાવાય છે. યાદવ ટેકરી તેમજ શત્રુંજય ટેકરી વચ્ચેના પહાડોનું, જિનાલયોનું સૌંદર્ય અત્યંત મનમોહક અને દર્શનીય છે. નાડલાઈ ગામના શ્રી આદિનાથ પ્રભુના મંદિરમાં વિશાળ રંગમંડપમાં ચિત્રકારી પ્રાચીન હોવા છતાં સુઘડ અને સ્પષ્ટ છે.

બન્ને પહાડો ઉપર જતાં-આવતાં યાત્રિકોને દોઢેક કલાક જેવો સમય લાગે છે. ચઢાણ કઠિન નથી તેમજ પગથિયાં બનાવેલાં છે. યાત્રિકો બન્ને પ્રાચીન તીર્થોનાં દર્શન કરીને ધન્યતા અનુભવી શકશે.

## ૩૪ શ્રી નૂન તીર્થ

રાજસ્થાનના સિરોહી જિલ્લાના નૂન નામના ગામમાં શ્રી આશાપરણ પાર્શ્વનાથજીનું પ્રાચીન જિનાલય આવેલું છે. કાલંદ્રીથી નૂન ગામે જઈ શકાય છે. તેમજ સિરોહી રોડ રેલવે સ્ટેશનથી ૫૬ કિ.મી.ના અંતરે શ્રી નૂન તીર્થ આવેલું છે. અહીં જૈનોની વસ્તી ન હોવાથી તીર્થનો વહીવટ કાલંદ્રી જૈન સંઘ કરી રહ્યો છે. અહીં દર વર્ષે પોષ દસમીનો મેળો ભરાય છે.

### તીર્થની વિશેષતા

રાજસ્થાનના નૂન નામના જૈનોની વસ્તી વગરના ગામમાં શ્રી આશાપૂરણ પાર્શ્વનાથનું કલાકારીગરીથી સુશોભિત પ્રાચીન જિનાલય આવેલું છે. ભૂતકાળમાં નૂન ગામ સમૃદ્ધ નગરી રહી હશે તેવું અનુમાન કરી શકાય છે.

આ જિનાલય અત્યંત પ્રાચીન છે. સપ્તફણા શ્રી આશાપૂરણ પાર્શ્વનાથજીની પ્રતિમાજીની ઊંચાઈ ૧૭ ઇંચ અને પહોળાઈ ૧૨.૫ ઇંચ છે. આ જિનાલયનું નિર્માણ શ્રીસંઘે સંવત ૧૧૦૦ ની આસપાસ કરાવ્યું હતું. જ્યારે આ નગરી સમૃદ્ધિની ટોચે હશે. ત્યાં સુધી આ જિનાલયના જીર્ણોદ્ધાર થતા રહ્યા છે. આ પ્રાચીન જિનાલયમાં બિરાજમાન શ્રી આશાપૂરણ પાર્શ્વનાથની ભક્તિ કરનાર ભાવિકને તેના પ્રભાવનો પરિચય થતો રહ્યો છે. તેથી શ્રી આશાપૂરણ પાર્શ્વનાથ તરીકે ખ્યાતિ પાયા.

સંપર્ક :- શ્રી આશાપૂરણ પાર્શ્વનાથ શ્વે. જૈન તીર્થ, મુ. નૂન (જિ. સિરોહી) વાયા કાલંદ્રી (રાજસ્થાન)

## ૩૫. શ્રી સિરોહી તીર્થ

રાજસ્થાનના સિરોહી જિલ્લાના મુખ્ય મથક સિરોહીમાં ૨૦ ભવ્ય અને પ્રાચીન જિનાલયો આવેલા છે. નજીકના તીર્થોમાં બામણવાડા ૧૪ કિ.મી., મીરપુર ૯ કિ.મી., કોલરગઢ ૮ કિ.મી.ના અંતરે આવેલ છે. નજીકનું રેલવે સ્ટેશન સિરોહી રોડ ૨૩ કિ.મી. દૂર આવેલું છે. અહીં ધર્મશાળા તથા ભોજનશાળાની સગવડ છે.

સંપર્ક :- શ્રી આદેશ્વરજી જૈન મંદિર, શ્રી અચલગઢ આદેશ્વર જૈન ટેમ્પલ પેઢી, પેલેસ રોડ, પો. સિરોહી (રાજ.) ફોન નં. ૦૨૯૭૨-૨૩૦૬૩૧

### તીર્થની વિશેષતા

શ્રી સિરોહી તીર્થમાં મૂળનાયક રૂપે શ્રી આદીશ્વર પ્રભુની પ્રતિમાજી બિરાજમાન છે. શહેનશાહ અકબરને પ્રતિબોધ કરનાર જગદ્‌ગુરુ આ શ્રી હીરસૂરીશ્વરજી મહારાજે ૪૦૦ વર્ષ પહેલાં આ જિનાલયની પ્રતિષ્ઠા કરાવી હતી. વિ.સં. ૧૩૩૯માં આ તીર્થની સ્થાપના કરવામાં આવી હતી. આદિશ્વર ભગવાનના જિનાલય ઉપરાંત અહીં અન્ય ૧૯ દેરાસરો છે. અહીં પહાડોની વચ્ચે આવેલા મંદિરોની વહેતા વાયુ વચ્ચે ફરફર કરતી ધજા મનને પ્રસન્ન કરી મૂકે તેવી છે. અહીંનાં દરેક મંદિરોમાં પ્રતિમાજીઓ, તોરણો અને ગુંબજોમાં અદ્‌ભુત કલાનાં દર્શન થાય છે.

અહીં અચલગચ્છના મંદિર પાસે આવેલ પૌષધશાળામાં શ્રી

સરસ્વતી દેવીની પ્રતિમાજી, શ્રી સંભવનાથ પ્રભુના જિનાલયમાં મૂળનાયક ભગવાનની પ્રતિમા, શ્રી અજિતનાથ પ્રભુના મંદિરમાં આભૂષણોથી સુસજ્જિત કાઉસગ્ગ મુદ્રામાં બે પ્રતિમાજીઓ ઘણી કલાત્મક અને દર્શનીય છે.

શ્રી આદિનાથ ભગવાનના બાવન જિનાલયમાં મૂળનાયકની પ્રતિમા દર્શનીય છે. મૂર્તિ પર મોતીનો લેપ છે. આ દેરાસરમાં એક હજાર પંચધાતુની પ્રાચીન પ્રતિમાજીઓ, મરુદેવીમાતા, ભરતેશ્વર વગેરેની પ્રાચીન મૂર્તિઓ છે.

આ જિનાલયના પાછળના ગભારાના રંગમંડપના દ્વારેથી રાજમહેલ સુધીનું ભોંયરું છે જે કદાચ રાજા-રાણીઓના દર્શનાર્થે બનાવાયું હશે. અહીંના રાજા-મહારાજાઓ જૈન ધર્મનાં કાર્યોમાં ઉત્સાહભેર ભાગ લેતા હતા અને તેઓને શ્રી જિનશાસન પ્રત્યે અપૂર્વ શ્રદ્ધા અને ભક્તિ હતી. શિરોહી રોડથી ૨૩ કિ.મી.ના અંતરે સિરોહી આવેલું છે.

સિરોહી, આબુ અને ફાલના નજીક સૌથી વધુ જિનાલયો હોવાનું મનાય છે. તેમાંય આ તરફનાં તીર્થસ્થાનો ઘણા પ્રાચીન કાળનાં છે. આ વિસ્તારમાં જૈન ધર્મનો વિજયધ્વજ અનેરી શાનથી ફરકતો રહ્યો હોવો જોઈએ તેમાં શંકાને સ્થાન નથી.

## ૩૬ શ્રી બામનવાડા તીર્થ

રાજસ્થાનના સિરોહી રેલવે સ્ટેશનથી ૭ કિ.મી.ના અંતરે સિરોહી હાઈવે પર આ તીર્થ આવેલું છે. અહીં ધર્મશાળા-ભોજનશાળાની સગવડ છે.

સંપર્ક :- શ્રી કલ્યાણજી પરમાનંદજી પેઢી જૈન તીર્થ -

બામનવાડા, પો. વીરવાડા - ૩૦૭૦૨૨, જિ. સિરોહી (રાજસ્થાન). ફોન નં. ૦૨૯૭૧-૨૩૭૨૭૦

### તીર્થની વિશેષતા

શ્રી બામનવાડા તીર્થમાં બિરાજમાન શ્રમણ ભગવાન મહાવીર સ્વામીની પ્રતિમાજી જીવિત મહાવીર સ્વામી નામથી પ્રસિદ્ધ છે. મહારાજા સંપ્રતિએ અહીં જિનાલય બંધાવ્યું હતું. સંપ્રતિ મહારાજાને પ્રતિવર્ષે પાંચ તીર્થોની ચારવાર યાત્રા કરવાનો નિયમ હતો. શ્રી બામનવાડા એમાંનું એક તીર્થ છે.

શ્રમણ ભગવાન મહાવીર સ્વામીના કાનમાં ખીલા લગાવવાનો ઉપસર્ગ અહીં થયો હતો. અહીં ભગવાનની ચરણપાદુકાઓ છે. અહીં શ્રી મહાવીર સ્વામી ભગવાનનાં સત્તાવીશ ભવનો પટ્ટ આરસમાં બનાવેલ છે. અહીં શ્રી સકલ તીર્થયાત્રાનો પટ્ટ દર્શનીય છે. અહીંના પહાડ ઉપર શ્રી સમેતશિખરજી તીર્થની રચના દર્શનીય છે. ઉપર જતાં-આવતાં અડધો કલાકનો સમય લાગે છે. આ સ્થળ પિન્ડવાડાથી ૮ કિ.મી.ના અંતરે આવેલું છે. સિરોહી રોડ અને સિરોહી વચ્ચે આ તીર્થ આવેલું છે.

## ૩૭ શ્રી વીરવાડા તીર્થ

રાજસ્થાનના બામનવાડા તીર્થથી એક કિલોમીટરના અંતરે આ તીર્થ આવેલું છે. ભગવાન મહાવીર સ્વામીની સાધનાનું સ્થળ રહ્યું હોવાથી વીરવાડા નામ પ્રસિદ્ધ થયું છે. અહીંથી સિરોહી રેલવે સ્ટેશન ૧૦ કિ.મી.ના અંતરે આવેલ છે. આ તીર્થ ૮૦૦ વર્ષ પ્રાચીન છે. વીરવાડા ગામની બહાર પહાડોની છાયામાં આ તીર્થ અત્યંત દર્શનીય લાગે છે. અહીં રહેવાની વ્યવસ્થા છે.

સંપર્ક :- શ્રી વિમલનાથ ભગવાન જૈન પેઢી, પો. વીરવાડા

૩૦૭૦૨૨, તહસિલ પિંડવાડા, જિ. સિરોહી. ફોન નં. ૦૨૯૭૧-૨૩૭૧૩૮

### તીર્થની વિશેષતા

શ્રી વીરવાડા તીર્થમાં શ્રમણ ભગવાન મહાવીર સ્વામીની પ્રતિમાજી અત્યંત પ્રભાવશાળી, સુંદર છે. પ્રતિમાજીનું કલાત્મક પરિકર જોવા જેવું છે. ગામમાં શ્રી વિમલનાથ ભગવાનનું પણ જિનાલય આવેલું છે. આસપાસમાં વિશલનગર કોરટા, વિરોલી વગેરે ગામોમાંથી પ્રાચીન જૈન મંદિરોના અવશેષો મળી આવ્યા છે. આથી માની શકાય કે વીરવાડા તીર્થનો ઈતિહાસ અતિ પ્રાચીન હશે.

શ્રમણ ભગવાન મહાવીર સ્વામી આ સ્થાનોમાં વિચર્યા છે. પ્રભુવીરની સાધનાભૂમિ રહી છે.

## ૩૮ શ્રી મીરપુર તીર્થ

રાજસ્થાનના સિરોહીથી મન્ડારના માર્ગે જતાં ડાબી બાજુ ૩ કિ.મી.ના અંતરે શ્રી મીરપુર તીર્થ આવેલું છે. અહીંથી સ્વરૂપગંજ ૨૦ કિ.મી.ના અંતરે છે. સિરોહી જિલ્લાના મીરપુર ગામ બહાર બે કિલોમીટરના અંતરે ત્રણ પહાડોની વચ્ચે આ તીર્થ આવેલું છે. અહીંની કોતરણી દર્શનીય છે. અહીંથી પાવાપુરી તીર્થ પાંચ કિ.મી.ના અંતરે આવેલ છે. ધર્મશાળા-ભોજનશાળાની વ્યવસ્થા છે.

સંપર્ક :- શેઠ કલ્યાણજી પરમાનંદજી પેઢી, મીરપુર, પો. મીરપુર-૩૦૭૦૦૧. જિ. સિરોહી (રાજ.) ફોન નં. ૦૨૯૭૨-૨૮૬૭૩૭

### તીર્થની વિશેષતા

શ્રી મીરપુર તીર્થમાં મૂળનાયક રૂપે શ્રી ભીડભંજન પાર્શ્વનાથ પ્રભુ બિરાજમાન છે. આ મંદિર મહારાજા સંપ્રતિ દ્વારા નિર્મિત થયું હોવાનું માનવામાં આવે છે. અહીંના સ્તંભો, ગુંબજો, શિખર ઉપરની કલા બારસો વર્ષથી પણ વધારે પ્રાચીન છે. અહીંની કલાકારીગરી જોતાં આબુ, દેલવાડાની સ્મૃતિ થયા વિના ન રહે. આ તીર્થ એની પ્રાચીનતા, કલા અને અદ્વિતીય પ્રાકૃતિક સૌંદર્ય, શાંત વાતાવરણમાં હોવાથી પોતાનું આગવું સ્થાન ધરાવે છે.

અહીં છૂટાછવાયા અવશેષો જોવા મળે છે. તેથી ભૂતકાળમાં અહીં પ્રાચીન, સમૃદ્ધિથી યુક્ત વિરાટ નગરી હોવાનું અનુમાન કરી શકાય છે. શ્રી ભીડભંડન પાર્શ્વનાથ પ્રભુની પ્રતિમાજી અતિ પ્રભાવક અને ભવ્ય છે. આજુબાજુ જીર્ણ મંદિરોના અવશેષો પણ દૃશ્યમાન છે.

આચાર્ય ભગવંત શ્રી પાર્શ્વચંદ્રસૂરિજી મહારાજ (શ્રી પાર્શ્વચંદ્ર ગચ્છ)ની આ જન્મભૂમિ છે. સિરોહીથી ૨૦ કિ.મી.ના અંતરે સિરોહી રોડથી ૩૭ કિ.મી. અને આબુ રોડથી ૬૦ કિ.મી.ના અંતરે આ તીર્થસ્થળ છે. સિરોહી-આબુ રોડના માર્ગ વચ્ચે આ તીર્થ આવે છે.

## ૩૯ શ્રી નાન્દિયા તીર્થ

રાજસ્થાનના સિરોહી જિલ્લાના બામનવાડા તીર્થથી છ કિલોમીટર અંતરે શ્રી નાન્દિયા તીર્થ આવેલું છે. નાન્દિયા ગામથી ૧ કિ.મી. દૂર જંગલમાં આ તીર્થ છે. નજીકનું રેલવે સ્ટેશન સિરોહી ૧૩ કિ.મી.ના અંતરે છે. બસમાર્ગે જવા માટે આબુરોડથી

કોજીરા થઈને જઈ શકાય છે. અહીંથી લોટાણા તીર્થ ૫ કિ.મી.ના અંતરે આવેલું છે. ગામમાં ધર્મશાળા-ભોજનશાળાની સગવડ છે.

સંપર્ક :- શ્રી જૈન દેવસ્થાન પેઢી - શ્રી વર્ધમાન આણંદજી જૈન દેરાસર પેઢી, પો. નાન્દિયા - ૩૦૭૦૪૨, જિ. સિરોહી (રાજ.) ફોન નં. ૦૨૯૭૧-૨૩૩૪૧૬

### તીર્થની વિશેષતા

શ્રી નાન્દિયાતીર્થમાં મૂળનાયકરૂપે શ્રી જીવિત મહાવીર સ્વામી ભગવાન બિરાજમાન છે. શ્વેત વર્ણની, પદ્માસનથ પ્રતિમાજી છે. પ્રભુવીરના જ્યેષ્ઠબંધુ નંદિવર્ધને આ ગામ વસાવ્યું હતું. એવી એક માન્યતા છે કે પ્રભુ વીરે અંડકોશિયા નાગને અહીં પ્રતિબોધિત કર્યો હતો. અહીંની એક દેરીમાં અંડકોશિયા નાગની આકૃતિ તથા પ્રભુવીરનાં પગલાં છે. મૂળનાયકની પ્રતિમાજી પ્રભુવીરના સમયની છે તેથી જીવિત મહાવીર સ્વામી તરીકે જાણવામાં આવે છે.

'નાણા દિયાણા, નાન્દિયા, જીવિત સ્વામી જુહારિયા' એવી એક પંક્તિ છે. શ્રમણ ભગવાન મહાવીર સ્વામીના સમયની આટલી તેજસ્વી અને કલાત્મક પ્રતિમાનાં દર્શન દુર્લભ છે. શ્રી વીરપ્રભુની પ્રતિમાજી અત્યંત પ્રભાવશાળી છે.

વિશ્વવિખ્યાત રાણકપુર તીર્થના નિર્માતા ધરણાશાહ અને તેમના બંધુ રત્નાશાહ આ નગરીના રહેવાસી હતા.

## ૪૦. શ્રી દિયાણા તીર્થ

રાજસ્થાનના સિરોહી જિલ્લામાં બામનવાડાથી ૨૧ કિ.મી. નાન્દિયા તીર્થથી ૧૬, નીતોડાથી ૧૦ અને લોટાણાથી ૧૩ કિ.મી.ના અંતરે શ્રી દિયાણા તીર્થ આવેલું છે. નજીકનું રેલવે

સ્ટેશન સ્વરૂપગંજ ૧૮ કિ.મી.ના અંતરે આવેલું છે. અહીં ધર્મશાળા-ભોજનશાળાની સગવડ છે.

સંપર્ક :- શ્રી દિયાણા જીવિત સ્વામીજી પેઢી, પો. દિયાણા- ૩૦૭૦૨૩, સ્ટેશન સ્વરૂપગંજ, જિ. સિરોહી (રાજ.) ફોન નં. ૦૨૯૭૧ - ૨૪૨૫૭૪

### તીર્થની વિશેષતા

શ્રમણ ભગવાન મહાવીર સ્વામી આ તીર્થમાં વિચર્યા હોવાથી અહીંની ભૂમિનો પ્રભાવ ખૂબ જ છે. આ તીર્થસ્થાન વીરપ્રભુના સમયનું છે અને તેમના જ્યેષ્ઠ બંધુ નંદિવર્ધને નિર્માણ કરેલું છે. પ્રભુ અહીં વિચરણ કરીને કાઉસગ્ગ ધ્યાનમાં રહ્યા હતા. મારવાડ પંચતીર્થનું એક સ્થળ છે. સ્વરૂપગંજ રેલવે સ્ટેશનથી ૧૮ કિ.મી.ના અંતરે આ તીર્થસ્થાન છે. સ્વરૂપગંજ મહાવીર ભુવનથી વાહનની વ્યવસ્થા છે.

## ૪૧ શ્રી નાણા તીર્થ

રાજસ્થાનના બામનવાડા તીર્થથી ૨૫ કિ.મી.ના અંતરે શ્રી નાણા તીર્થ આવેલું છે. અહીં શ્રી જીવિત સ્વામી મહાવીર સ્વામી ભગવાનની શ્વેતવર્ણની પદ્માસનસ્થ પ્રતિમાજી મૂળનાયક રૂપે બિરાજમાન છે.

આ તીર્થસ્થાન શ્રી મહાવીર સ્વામીના સમયનું માનવામાં આવે છે. મંદિરનું પ્રવેશદ્વાર અલગ ઢંગનું અને દર્શનીય છે. અહીં ભગવાનના પરિકરની કલાકારીગરી જોવા જેવી છે. આ તીર્થસ્થળથી ૩ કિ.મી.ના અંતરે આવેલ બિશનગઢ ગામે ખોદકામ દરમ્યાન ભોંયરામાંથી ધાતુની પ્રાચીન પ્રતિમાઓનો સંગ્રહ મળ્યો છે. તેમજ

આ ધાતુઓની પ્રતિમાઓનો સંગ્રહ પિન્ડવાડા જિનાલયે રાખવામાં આવેલ છે. નાણાના આ તીર્થની ભમતીની પ્રદક્ષિણાની જગ્યામાં છત ઉપર ચિત્રો દ્વારા સુવિચારો રજૂ કરાયા છે.

અહીં નંદીશ્વરદીપનું પાષાણપટ્ટ કલાત્મક અને દર્શનીય છે. શ્રમણ ભગવાન મહાવીર સ્વામીની પ્રતિમાજી અત્યંત પ્રભાવક અને દર્શનીય છે. રાતા મહાવીરથી લગભગ ૨૫ કિ.મી.ના અંતરે આ તીર્થ આવેલ છે.

## ૪૨. શ્રી મેડતા તીર્થ

રાજસ્થાનના નાગોર જિલ્લામાં મેડતા સિટી ગામમાં શ્રી વિજયચિંતામણિ પાર્શ્વનાથ પ્રભુનું જિનાલય આવેલું છે. મેડતા સિટી રેલવે સ્ટેશન છે. સ્ટેશનથી આ ગામ ૧૪ કિ.મી. દૂર છે. અહીંના ૧૪ જિનાલયો દર્શનીય છે. અહીં ઉપાશ્રય તથા ધર્મશાળાની ઉત્તમ સગવડ છે. બાજુમાં શ્રી ફલવૃદ્ધિ પાર્શ્વનાથ પ્રભુનું તીર્થ આવેલું છે.

અધ્યાત્મ યોગી, મહાપુરુષ શ્રી આનંદઘનજી મહારાજની જન્મ અને સ્વર્ગવાસ ભૂમિ છે. આ સ્થળે અનેક મહાપુરુષોનાં આગમન થતાં ભૂમિ અત્યંત પવિત્ર છે. શ્રી વિજયચિંતામણિ પાર્શ્વનાથ પ્રભુનું મુખ્ય જિનાલય મેડતા ગામની બહાર શ્રી પાર્શ્વનાથ વાડીમાં છે.

સંપર્ક :- શ્રી ફળવૃદ્ધિ પાર્શ્વનાથ તીર્થ ટ્રસ્ટ, પો. મેડતા રોડ - ૩૪૧૫૧૧, જિ. નાગોર (રાજ.) ફોન નં. ૦૧૫૯૧-૨૫૨૪૨૬, ૨૭૬૨૨૬

### તીર્થની વિશેષતા

મેડતા રોડ પર શ્રી ફલવૃદ્ધિ પાર્શ્વનાથ પ્રભુનું દર્શનીય તીર્થ

આવેલું છે. અહીંના પ્રતિમાજી સાથે ઇતિહાસ સંકળાયેલો છે. આ સ્થળે હંમેશાં એક ગાયનું દૂધ ઝરી જતું હોવાની વાત ગોવાળે ધાંધલ નામના શ્રેષ્ઠીને કરી. ધાંધલ શ્રેષ્ઠીને એ જગ્યાએ શ્રી પાર્શ્વનાથ પ્રભુની મૂર્તિ હોવાનું સ્વપ્ન આવ્યું અને સ્વપ્નાનુસાર શ્રેષ્ઠીએ ખોદકામ કરાવતાં આ પ્રતિમાજીની પ્રાપ્તિ થઈ અને જિનાલયનું નિર્માણકાર્ય શરૂ કરાયું, પરંતુ ધનના અભાવે નિર્માણકાર્યમાં રુકાવટ આવતી હતી ત્યારે અધિષ્ઠાયક દેવે સહાય કરી હતી. આમ જિનાલયનું નિર્માણકાર્ય સંપન્ન થયું અને ધામધૂમપૂર્વક પ્રતિષ્ઠા થઈ હતી.

આ સ્થળને મુસલમાનોના સમયમાં ક્ષતિ પહોંચાડવાના પ્રયાસો પછી તેનો સરદાર અત્યંત વ્યાધિથી પીડાતાં આ સ્થળને અખંડિત રહેવા દેવાનો આદેશ અપાયો હતો. આ સ્થળ અત્યંત પ્રભાવક અને ચમત્કારિક છે. મેડતા શહેરથી ૧૫ કિ.મી. દૂર આ તીર્થ આવેલું છે. જોધપુરથી ઉત્તરપૂર્વ દિશામાં મેડતા રોડ આવેલું છે.

## શ્રી વિજયચિંતામણિ પાર્શ્વનાથ

રાજસ્થાનના મેડતા સિટીમાં પદ્માસનસ્થ, સપ્તફણાથી યુક્ત શ્રી વિજયચિંતામણિ પાર્શ્વનાથ પ્રભુનું પ્રાચીન જિનાલય આવેલું છે. મેડતા સિટી પૂર્વે મેદિનીપુર કે મેડતાપુર તરીકે ઓળખાતું હતું. આ નગરી બારમા સૈકાથી પણ વધારે પ્રાચીન છે. એ સમયમાં જૈનશાસનનો વિજયધ્વજ ફરકતો હતો. આ નગરીમાં સમર્થ જૈનાચાર્યોનાં આગમન થતાં રહેતાં, તેમની પ્રેરક વાણીથી અહીંના લોકો ધર્મ આરાધનામાં વધારે પ્રગાઢ બન્યા હતા. આ નગરમાં શ્રી અભયદેવસૂરિએ શાસન પ્રભાવનાનાં મહાન કાર્યો કર્યાં હતાં. તેમણે હજારો બ્રાહ્મણો અને કડમડ નામના યક્ષરાજને પ્રતિબોધ્યા

હતા. તેમના ઉપદેશથી અહીં શ્રી મહાવીર સ્વામીનું દર્શનીય જિનાલય આકાર પામ્યું હતું.

આચાર્ય ભગવંત શ્રી અભયદેવસૂરિએ મેડતા નગર અને છાત્રાપલ્લીમાં રહીને 'ભવભાવના' ગ્રંથની રચના કરી હતી. સંવત ૧૬૭૬માં રાણા માલદેવની વિનંતીથી શ્રી જિનચંદ્રસૂરિ મેડતા આવેલા અને અહીં થોડા દિવસ રોકાયા હતા. સં. ૧૫૦૫માં આચાર્ય ભગવંત શ્રી સિદ્ધસૂરીશ્વરજી મહારાજનો પદમહોત્સવ અહીં ભવ્ય રીતે ઊજવવામાં આવ્યો હતો.

સંવત ૧૬૩૯ની સાલમાં શ્રી હીરવિજયસૂરિ મેડતા પધારેલા હતા. એ વખતે મુસલમાનોની વસ્તી વધારે હતી. જૈનોના મહોત્સવમાં બેન્ડવાજાં વગાડી શકાતાં નહોતાં. તેમજ જૈન મંદિરો પાસેથી કર ઉઘરાવવામાં આવતો હતો. તે સમયે શ્રી હીરવિજયસૂરિએ અહીંના સુલતાનને ઉપદેશ આપ્યો અને બધા પ્રતિબંધો દૂર કરાવ્યા હતા. સુલતાનને જૈન ધર્મનો રાગી પણ બનાવ્યો.

આજે મેડતામાં ૧૪ ભવ્ય જિનાલયો આવેલા છે. મેડતા ગામની બહાર આવેલા શ્રી પાર્શ્વનાથજીની વાડીમાં શ્રી વિજય ચિંતામણિ પાર્શ્વનાથનું ભવ્ય જિનાલય શ્રદ્ધાળુઓની મનોકામના સાધ્ય કરનારું છે. આ જિનાલય શ્રી વાડી પાર્શ્વનાથના નામથી પણ ઓળખાય છે. સં. ૧૬૮૭માં સંઘ દ્વારા જિનાલયનું નિર્માણકાર્ય હાથ ધરાયું હતું. તેમજ પ્રતિમાજી પર સં. ૧૬૮૭નો ઉલ્લેખ પણ જોવા મળે છે.

## ૪૩ શ્રી નાગેશ્વર પાર્શ્વનાથ તીર્થ

રાજસ્થાનમાં શ્રી નાગેશ્વર પાર્શ્વનાથ પ્રભુનું મુખ્ય તીર્થ

આવેલું છે, જે નાગેશ્વર તીર્થ તરીકે ઓળખાય છે. રાજસ્થાનના જિલ્લા ઝાલાવાડમાં ઉન્હેલ ખાતે આ તીર્થ આવેલું છે. નાગેશ્વર તીર્થ જવા માટે આલોટ રેલવે સ્ટેશનથી ૮ કિ.મી.ના અંતરે અને ચૌમહલાથી ૧૫ કિ.મી.ના અંતરે છે. રતલામથી ૯૦ કિ.મી. તથા ઉજ્જૈનથી ૧૩૦ કિ.મી.ના અંતરે શ્રી નાગેશ્વર તીર્થ આવેલ છે. ચૌમહલા રેલવે સ્ટેશનથી નાગેશ્વર તીર્થ જવા બસ, જીપ વગેરેની સુવિધા પ્રાપ્ત છે. અહીં ધર્મશાળા તથા ભોજનશાળાની સર્વશ્રેષ્ઠ સગવડો છે.

## તીર્થની વિશેષતા

શ્રી નાગેશ્વર તીર્થમાં શ્રી નાગેશ્વર પાર્શ્વનાથની પ્રતિમા અતિ પ્રાચીન છે. મથુરાની કંકાલી ટેકરી પાસે બીજી શતાબ્દીમાં બનાવેલા જૈન સ્તૂપમાંથી એક શિલાલેખ પ્રાપ્ત થયો છે. તેમાં તે સમયથી અગિયારસો વર્ષે પૂર્વે નિર્માણ થયેલી જૈન ઈમારતો અને મૂર્તિઓનો ઉલ્લેખ કરાયો છે. તે અનુસાર પાર્શ્વનાથ પ્રભુના દેહના પરિમાણ જેટલી મરકતમણિની એક પ્રતિમાજી ધરણેન્દ્ર દ્વારા અપાઈ હતી. વિદ્વાનોના મતે ધરણેન્દ્ર દ્વારા અપાયેલી મૂર્તિ તે જ આ શ્રી નાગેશ્વર પાર્શ્વનાથ છે. આથી આ મૂર્તિ પ્રાચીન છે તેમાં બેમત નથી.

શ્રી નાગેશ્વર તીર્થમાં બિરાજમાન શ્રી નાગેશ્વર પાર્શ્વનાથની પ્રતિમાજી કાઉસગ્ગ દશામાં, નીલવર્ણી, સપ્તફણાથી યુક્ત છે. આ પ્રતિમાજીની ઊંચાઈ સાડા તેર ફૂટ (૯ હાથ)ની છે. પ્રતિમાજીના દર્શન કરતાં જ હૈયું ભાવવિભોર બની જાય તેવી દર્શનીય છે. પ્રતિમાજીની પાસે અષ્ટમંગલ આદિ ચિહ્નો છે. આ પ્રતિમાજીનો પથ્થર બે હજાર વર્ષથી વધુ પ્રાચીન હોવાનું શિલ્પજ્ઞો કબૂલે છે.

લોકવાયકા અનુસાર આ પ્રતિમાજી મૂળ મરકતમણિથી

અલંકૃત હતી, પરંતુ કાળના પ્રભાવે અનેક ધૂર્તોની બૂરી નજર મરકતહ્મણિ રત્નો પર પડી અને રત્નમય પ્રતિમાજીને ઉપાડી જવા ધૂર્તોએ વારંવાર પ્રયાસ કર્યા હતા, પરંતુ અધિષ્ઠાયક દેવે ધૂર્તોની મહેચ્છા પૂર્ણ થવા દીધી નહિ. તેઓને કોઈ ને કોઈ પરચો આપીને દૂર હડસેલ્યા, ત્યાર બાદ એક જૈનાચાર્યે તપ-આરાધના દ્વારા ધરણેન્દ્ર દેવને પ્રત્યક્ષ કર્યા અને કાળના પ્રભાવની વાત જણાવીને રત્નમય પ્રતિમાને પથ્થરમય બનાવી દેવા વિનંતી કરી. ધરણેન્દ્ર દેવે જૈનાચાર્યની માગણીનો સ્વીકાર કર્યો અને દેવે શ્રી પાર્શ્વનાથની રત્નમય પ્રતિમાજીને પથ્થરમય બનાવી દીધી.

વિદ્વાનોના કથન અનુસાર આ પ્રતિમાજીનું નિર્માણ દેવ દ્વારા થયું છે. આમ તો આ પ્રતિમાજી અહિચ્છત્રા નગરીમાં પ્રસ્થાપિત કરાઈ હતી. ત્યાં મૂર્તિની સુરક્ષાનો પ્રબંધ ઉચિત ન જણાતાં દૈવી તાકાતથી આ પ્રતિમાજી પારસનગરમાં આવી. એ સમયે પારસનગરમાં મહારાજા અજિતસેન રાજ્યનો કારભાર સંભાળતા હતા. તેમની રાણીનું નામ પદ્માવતી હતું. રાજા-રાણીને સંતાનપ્રાપ્તિની અદમ્ય ઝંખના હતી. વિવિધ ઉપચારો કરાવ્યા છતાં તેમના ભવનમાં પારણું બંધાયું નહોતું. ત્યાં દિવ્ય પ્રતિમાજી પ્રાપ્ત થતાં રાજા-રાણીએ ભવ્ય જિનાલય બંધાવ્યું. નાગેન્દ્ર ગચ્છના જૈનાચાર્યના હસ્તે આ દિવ્ય પ્રતિમાજીની પ્રતિષ્ઠા કરાવી. રાજા-રાણી શ્રી પાર્શ્વનાથ પ્રભુની અંતરના ભાવ સાથે આરાધના કરવા લાગ્યાં અને તેમની સંતાનપ્રાપ્તિની મનોકામના પૂર્ણ થઈ.

કાળનો પ્રવાહ વહેતો રહ્યો. વર્ષોનાં વર્ષો વીતી ગયાં. આ જિનાલય ખંડેર બનતાં વિ.સં. ૧૬૨૪માં નાગેન્દ્ર ગચ્છના જૈનાચાર્ય શ્રી અભયદેવસૂરિની પ્રેરક વાણીથી તેનો જીર્ણોદ્ધાર થયો. સમય પસાર થતાં પારસનગરને લોકો ‘પારસ નાગેશ્વર’ કહેવા લાગ્યા.

ગામનું નામ 'નાગેશ્વર' પ્રભુની પડખે જોડાઈ ગયું અને 'શ્રી નાગેશ્વર પાર્શ્વનાથ' નામથી જગપ્રસિદ્ધ થયા.

શ્રી નાગેશ્વર તીર્થની આસપાસ નગરીની પ્રાચીનતા દર્શાવતાં અનેક ખંડેરો અને અવશેષો આજે પણ વિદ્યમાન છે. શ્રી નાગેશ્વર પાર્શ્વનાથની પૂજાનો અધિકાર વંશવારસાગત રીતે ચાલ્યો આવતો હતો. પૂજારીઓના કલહમાં પ્રભુજીની ઘોર અશાતના થવા લાગી. પૂજારીઓ આ પરમ પ્રભાવક જિન પ્રતિમાના માલિક બની બેઠા. અનેક વર્ષો સુધી શ્રી નાગેશ્વર પાર્શ્વનાથની પ્રતિમાજી પૂજારીઓના હાથમાં રહી.

થોડા દસકાઓ પહેલા ઉપા. શ્રી ધર્મસાગરજી મહારાજને પૂજારીઓના હાથમાં રહેલી આ પ્રભાવક પ્રતિમાજીની જાણ થયેલી. પૂજારીશ્રીએ આ પ્રતિમાજી પાછી મેળવવા ભરપૂર પ્રયત્નો કર્યા. છેવટે આ પ્રતિમાજી પર શ્વેતાંબર જૈનોનો હક્ક કોર્ટે ઘોષિત કર્યો અને ધરણેન્દ્ર નિર્મિત શ્રી પાર્શ્વપ્રભુની પ્રતિમાજી પુનઃ જૈનોના હાથમાં આવી.

વિ.સં. ૨૦૨૬ના વૈશાખ વદ દસમના પં. શ્રી અભયસાગરજી ગણિ. મ.ની નિશ્રામાં આ પ્રતિમાજીને અઢાર અભિષેક કરવામાં આવ્યા અને ત્યાર બાદ સેવા-પૂજા માટે ઘોષિત કરાઈ.

શ્રી નાગેશ્વર પાર્શ્વનાથ તીર્થ રાજસ્થાન અને મધ્યપ્રદેશની સરહદે આવેલું છે. ભારતભરમાંથી હજારો યાત્રાળુઓ આ દિવ્યના તેજ સમા પરમ પ્રભાવક શ્રી નાગેશ્વર પાર્શ્વનાથ પ્રભુનાં દર્શન, સેવા-પૂજા અને ભક્તિ અર્થે જતા હોય છે.

શ્રી નાગેશ્વર તીર્થ આજે મહાતીર્થ તરીકે આકાર પામ્યું છે. જીર્ણોદ્ધાર જિનાલયમાં આચાર્ય ભગવંત શ્રી ચંદ્રોદયસૂરીશ્વરજી

મ.ના વરદ હસ્તે પરમ પ્રભાવક આ પ્રતિમાજીની પ્રતિષ્ઠા સં. ૨૦૩૭ના વૈશાખ સુદ-૬ના થઈ હતી.

સંપર્ક :- શ્રી નાગેશ્વર પાર્શ્વનાથ જૈન શ્વેતાંબર તીર્થ પેઢી, પો. ઉન્હેલ, જિ. ઝાલાવાડ (રાજસ્થાન.) સ્ટે. ચૌમહલ્લા.

## ૪૪. શ્રી દેવકુલપાટક તીર્થ

રાજસ્થાનના ઉદેપુર-અજમેરના માર્ગ ઉપર શ્રી દેવકુલકપાટક તીર્થ આવેલું છે. જૂના દેલવાડા ગામ નજીક પહાડોની ગોદમાં, એકલિંગજીથી ઉત્તરે બે કિલોમીટરના અંતરે આવેલું આ તીર્થ તેની કલાકારીગરીના કારણે સુવિખ્યાત છે. અહીંના કોતરકામમાં રાણકપુર, આબુ અને કુંભારિયાજીનું સ્મરણ થયા વિના રહેતું નથી.

### તીર્થની વિશેષતા

શ્રી દેવકુલકપાટક તીર્થનો પ્રાચીન ઈતિહાસ ઉપલબ્ધ થતો નથી. આ તીર્થના શિખર, ગુંબજ તથા સ્તંભો પરની કલા-કોતરણીનો અભ્યાસ કરવા જેવો છે. આ તીર્થમાં મૂળનાયક રૂપે શ્રી ઋષભદેવ સ્વામીની શ્વેતવર્ણની પદ્માસનસ્થ પ્રતિમાજી બિરાજમાન છે. આ પ્રતિમાજી એટલી ભવ્ય અને પ્રતિભાવંત છે કે જોતાં જ મસ્તક નમી પડે. પ્રતિમાના પરિકરોમાં સુંદર, કલાત્મક કારીગરી જોવા મળે છે. અહીં અનેક પ્રાચીન કલાકૃતિઓમાં મોર-સાપની વચ્ચે પ્રભુનાં પગલાં, પાંડવો, દ્રૌપદીની પ્રતિમાઓ, ૭૨ તીર્થંકર ભગવંતોનાં માતાપિતાશ્રીની પ્રતિમાઓ વગેરે દર્શનીય છે. ગઈ, વર્તમાન અને આવતી ચોવીશીના તીર્થંકર ભગવંતોનાં માતાપિતાની પ્રતિમાજીઓનાં એકીસાથે દર્શન થઈ શકે તેમ અન્ય તીર્થોમાં શક્ય ન હોવાનું જાણવા મળે છે.

આ ઉપરાંત જૂના દેલવાડા ગામમાં અન્ય ત્રણ દેરાસરો પણ આવેલાં છે. એક જિનાલયમાં શ્રી પાર્શ્વપ્રભુની કાયોત્સર્ગ ધ્યાનમાં રહેલી પ્રતિમાજી છે. આ જ મંદિરમાં નીચે ભોંયરામાં અતિ પ્રાચીન વિશાળ પ્રતિમાઓનો સંગ્રહ દર્શનીય છે.

## ૪૫. શ્રી સિરોડી તીર્થ

રાજસ્થાનના સિરોહી જિલ્લાના રેવદર તાલુકાના મોટી સિરોડી ખાતે શ્રી સિરોડિયા (ગોડી) પાર્શ્વનાથ પ્રભુનું મુખ્ય તીર્થ આવેલું છે. આ તીર્થ આબુરોડ રેલવે સ્ટેશનથી ૬૦ કિ.મી.ના અંતરે છે. આ તીર્થની નજીક દિયાણા તીર્થ ૧૯ કિ.મી.ના અંતરે છે.

સંપર્ક : શ્રી સિરોડિયા (ગોડી) પાર્શ્વનાથ શ્વે. જૈન તીર્થ, તા. રેવદર, મુ. સિરોડી, વાયા-અનાદરા, સ્ટે. આબુરોડ, (રાજસ્થાન).

### તીર્થની વિશેષતા

સિરોડી ગામમાં શિખરબંધી જિનાલયમાં દિવ્યતાના તેજપુંજ સમી શ્રી સિરોડિયા પાર્શ્વનાથ પ્રભુની પ્રતિમાજી બિરાજમાન છે. શ્વેત પાષાણની, પદ્માસનસ્થ, સપ્તફણાથી વિભૂષિત આ પ્રતિમાજીની ઊંચાઈ ૩૬ ઇંચ અને પહોળાઈ ૩૨ ઇંચની છે.

આ તીર્થ પ્રાચીન અને પ્રભાવક છે. કલાત્મક પરિકરથી પ્રતિમાજીનું તેજ નીખરી ઊઠે છે. આ તીર્થની પ્રાચીનતા, ઉદ્ભવ વગેરેનો ઇતિહાસ ઉપલબ્ધ થતો નથી. પ્રાચીન રચનાઓમાં આ તીર્થનો ઉલ્લેખ જોવા મળે છે.

સંવત ૧૫૦૦ની આસપાસ આ તીર્થનો જીર્ણોદ્ધાર કરવામાં

આવેલો અને છેલ્લો જીર્ણોદ્ધાર સં. ૨૦૧૮માં થયો હતો. તે વર્ષના પોષ મહિનામાં સિદ્ધાંત મહોદધિ આ.ભ.શ્રીમદ્ વિજયશ્રી પ્રેમસૂરીશ્વરજી મહારાજની શુભ નિશ્રામાં આ તીર્થનો પ્રતિષ્ઠા મહોત્સવ ભવ્યાતિભવ્ય રીતે ઊજવવામાં આવ્યો હતો. આ પ્રતિમાજી 'શ્રી ગોડી પાર્શ્વનાથ'ના નામથી વધુ જાણીતી છે.

## ૪૬. શ્રી રાજનગર તીર્થ

રાજસ્થાનના રાજસમંદ જિલ્લાનું આ તીર્થ કાંકરોલીથી દોઢ કિલોમીટર દૂર આવેલું છે. ઉદેપુરથી કાંકરોલી લગભગ ૬૦ કિ.મી.ના અંતરે છે. શ્રીનાથદ્વારાના માર્ગ પર આ તીર્થ આવે છે. ધર્મશાળા તથા ભોજનશાળાની સગવડ છે.

સંપર્ક : શ્રી ઋષભદેવ ભગવાનની પેઢી, દયાલશાહનો કિલ્લો, જૈન તીર્થ, પો. રાજસમંદ - ૩૧૩૩૨૬. (રાજ.) ફોન : ૦૨૯૫૨-૨૨૦૧૪૯, ૨૨૦૮૪૬

### તીર્થની વિશેષતા

મહારાણા રાજસિંહે રાજનગર વસાવ્યું હતું. એમના શૂરવીર મંત્રી શ્રી દયાલશાહે અહીં ૩૦૦ વર્ષ પહેલાં રાજસમંદ તળાવ નજીક જિલ્લા ઉપર એક કરોડના ખર્ચે નવ માળનું ભવ્ય મંદિર બંધાવ્યું હતું.

મોગલકાળના શાસનમાં ક્રૂર મોગલ શાસક ઔરંગઝેબના સમયમાં આ સ્થળને ભવ્ય કિલ્લો સમજીને મુસ્લિમોએ તોડી પાડ્યો હતો. નવ માળમાંથી માત્ર બે માળ બચ્યા છે, જેનો જીર્ણોદ્ધાર કરાયો છે. તેરાપંથ સંઘનું આ ઉત્પત્તિસ્થાન માનવામાં આવે છે. આ જિનાલયમાં પ્રતિમાજી અત્યંત પ્રભાવશાળી અને

દર્શનીય છે. મંદિર ઉપરના બીજા માળે ઘણી પ્રાચીન પ્રતિમાઓ છે. એમાં એક અર્ધપદ્માસ્નસ્થ પ્રતિમાજીનો પણ સમાવેશ છે.

આ સ્થળ પૌરાણિક હોવાથી કલા, પ્રતિમાઓનો અભ્યાસ કરવાથી ઘણું જાણવાનું મળી શકે તેમ છે. પહાડ ઉપર આવેલા તીર્થનાં દર્શન કરવા ૨૫૦ પગથિયાં ચઢવાં પડે છે અને વીસ-પચ્ચીસ મિનિટમાં ઉપરના તીર્થ પર પહોંચી જવાય છે. પહાડની નીચે સરોવરકિનારે આરસની કલાત્મક ચોકીઓ અત્યંત દર્શનીય છે.

## ૪૭. શ્રી ભિન્નમાલ તીર્થ

રાજસ્થાનના જાલોર જિલ્લાના ભિન્નમાલ મુકામે હાથીયોંકી પોલ નામના વિસ્તારમાં પ્રાચીન અને પ્રભાવક શ્રી ભયભંજન પાર્શ્વનાથ પ્રભુનું જિનાલય આવેલું છે. આ નામની પ્રતિમાજી અન્યત્ર ક્યાંય નથી. ભીલડીથી જાલોર રેલવેલાઈનમાં આવેલ ભિન્નમાલ રેલવે સ્ટેશનથી આ તીર્થ સ્થળ એક કિલોમીટરના અંતરે આવેલું છે. ભિન્નમાલમાં અન્ય અગિયાર પ્રાચીન અને દર્શનીય જિનાલયો આવેલા છે. આ જિનાલયો ૧૪મીથી ૧૮મી સદીના છે તેમજ નૂતન જિનાલય પણ છે. ધર્મશાળા તથા ભોજનશાળાની ઉત્તમ સગવડ છે. શ્રીવજ્રસ્વામી આ નગરમાં પધારેલા હતા. મંત્રી વિમલશાહના પૂર્વજો ભિન્નમાલમાં વસતા હતા. આ સ્થળની જાહોજલાલી ભવ્ય રહી છે.

સંપર્ક : શ્રી પાર્શ્વનાથ જૈન શ્વે. તપગચ્છીય ટ્રસ્ટ, હાથીઓની પોળ, પો. ભિન્નમાલ -૩૪૩૦૨૯, જિ. ઝાલોર (રાજ.) ફોન : ૦૨૯૬૯-૨૨૧૧૯૦

આ તીર્થસ્થળથી જાલોર - ૭૦ કિ.મી., આહોર-૯૦ કિ.મી. તથા ભીલડીયાજી - ૧૩૦ કિ.મી.ના અંતરે છે. અહીંથી માંડોલી ૩૦ કિ.મી. દૂર છે. ઝાલોર, સિરોહી, જોધપુર વગેરે શહેરોથી અહીં આવવા માટે સાધન મળે છે.

## તીર્થની વિશેષતા

ભિન્નમાલ શહેરમાં શિખરબંધી જિનાલયમાં શ્રી ભયભંજન પાર્શ્વનાથ પ્રભુની પંચધાતુની પ્રતિમાજી અત્યંત દર્શનીય અને પ્રાચીન છે.

પૂર્વકાળમાં આજનું ભિન્નમાલ ખૂબ જ સમૃદ્ધ નગર હતું. શ્રીમાલ, રત્નમાલ, પુષ્પમાલ કે ભિલ્લમાલ વગેરે ભિન્નમાલનાં અમરનામો છે. નગરીની સમૃદ્ધિનું વર્ણન પ્રાચીન ગ્રંથોમાં વર્ણવાયું છે. ચોર્યાસી જ્ઞાતિની અહીં સ્થાપના થઈ હતી. આ નગરને ૮૪ દરવાજા હતા. આ નગરમાં નેવું હજાર વ્યવહારી, પિસ્તાલીસ હજાર બ્રાહ્મણો વસતા હતા. ૮૪ વણિકો, ૬૪ શ્રીમાળ બ્રાહ્મણ અને ૮ પ્રાગ્વાર બ્રાહ્મણો કોટ્યાધિપતિ હતા. અહીંનું મહાલક્ષ્મી મંદિર લોકોની આસ્થાનું સ્થાન હતું.

વિ. સં. ૫૫૦માં ચાપવંશનો રાજા વ્યાઘ્રમુખ અહીંથી ગુર્જર દેશનું શાસન ચલાવતો હતો. વિક્રમની ૭મી સદીથી ૧૧મી સદી સુધીમાં રચાયેલા ગ્રંથોમાં આ નગરીનો ઉલ્લેખ 'ભિલ્લમાલ' તરીકે જોયો છે. ત્યાર પછી 'શ્રીમાલ' અને પંદરમા સૈકામાં 'ભિન્નમાલ' તરીકે ઓળખાવા લાગ્યું.

આ નગરમાં એક વ્યવહારી શ્રાવકે જિનાલય બંધાવ્યું. તેમાં પિત્તળના પાર્શ્વનાથજીની પ્રતિમાજી બિરાજમાન કરાવી. મુસ્લિમ આક્રમણોના ભયથી આ પ્રતિમાજીને ભંડારી દેવામાં આવી હતી.

વર્ષો વીતી ગયાં. સં. ૧૬૫૧માં દેવળની ઈંટ ખોદતાં આ

પિત્તળની ધાતુની પ્રતિમાજી પ્રગટ થઈ. તેની સાથે એક સમવસરણ, સરસ્વતી આદિની પ્રતિમાજીઓ પણ પ્રગટ થઈ. તે સમયે ત્યાં બિરાજમાન પંન્યાસજી (ભાવડહરાગચ્છીય ચતુર્દશી પક્ષ) ભાવવિભોર બન્યા. પંન્યાસજીએ આ પ્રતિમાજી શ્રી શાંતિનાથજીના જિનાલયમાં પ્રતિષ્ઠિત કરી ત્યારે ભવ્ય મહોત્સવ રચવામાં આવ્યો હતો.

ભિન્નમાલના સૂબાને આ પ્રતિમાજી પ્રગટ થયાની જાણ થઈ. ઝાલોરમાં ગજનીખાન સત્તા પર હતો. ભિન્નમાલના સૂબાએ ગજની ખાનને પિત્તળની પ્રતિમાજી પ્રગટ થયાની જાણ કરી. આ મુસ્લિમ રાજાએ તે પ્રતિમા પ્રાપ્ત કરીને તેમાંથી ઘંટ બનાવવાની યોજના ઘડી. તેણે સૂબા મારફત તે પ્રતિમાજી મેળવી લીધી. ભિન્નમાલના સમસ્ત જૈન સંઘમાં ચિંતાનાં વાદળો ઘેરાયાં. ઝાલોર થઈને ગઝનીખાનને સમજાવવાનો પ્રયત્ન શ્રીસંઘે કર્યો, પરંતુ તેમાં જરાય સફળતા ન મળી. ભાવિકોએ પ્રતિમાજીની રક્ષા કાજે વિવિધ અભિગ્રહો ધારણ કર્યા. વીરચંદ સંઘવી નામના શ્રેષ્ઠીએ પ્રતિમાજી પાછી ન આવે ત્યાં સુધી અન્નનો ત્યાગ કર્યો. આ શ્રેષ્ઠીની મક્કમતા અને પ્રભુભક્તિ જોઈને અધિષ્ઠાયક દેવ પ્રગટ થયા.

વીરચંદ શ્રેષ્ઠીએ અધિષ્ઠાયક દેવને પોતાના હૈયાની ભાવના દર્શાવી. અધિષ્ઠાયક દેવે ઝાલોરમાં જઈને ગઝનીખાનને પ્રતિમા પાછી આપવાનો આદેશ કર્યો પરંતુ સત્તાના મદમાં ગર્વિષ્ઠ બનેલા ગઝની ખાને દેવની વાત કાને ન ધરી અને દુષ્ટતાપૂર્ણ વ્યવહાર કર્યો. તેણે સુવર્ણકારોને બોલાવીને આ મૂર્તિમાંથી પોતાની બેગમ માટે નવસેરો હાર અને અશ્વના ગળે બાંધવાનો ઘૂઘરો બનાવવાની આજ્ઞા કરી.

મુસ્લિમ રાજાની આજ્ઞાનુસાર સુવર્ણકારોએ પ્રતિમા

ભાંગવાનો પ્રયાસ કર્યો, પરંતુ તે પહેલાં ભ્રમરોનું વિશાળ ઝુંડ સુવર્ણકારોની આસપાસ આવી ગયું. તેના ગુંજારવથી વાતાવરણ ભયાનક બની ગયું. મુસ્લિમ રાજાની બેગમ પણ ડરીને ભાગી ગઈ. મુસ્લિમ રાજા ભયભીત બન્યો. ગઝનીખાનના સૈનિકો અદશ્ય રીતે હણાવા લાગ્યા. ચારે તરફ નાસભાગ મચી ગઈ. ભિન્નમાલનો સૂબો ત્યારે ત્યાં જ હતો. તેણે ગઝનીખાનને પોરસ ચડાવ્યો અને પ્રતિમાજી ન સોંપવા જણાવ્યું.

મુસ્લિમ રાજા પર અદશ્ય શક્તિએ પ્રહારો કર્યા અને તે ગબડી પડ્યો. ભિન્નમાલના સૂબા પર પ્રહારો થયા. તે જીવ બચાવવા નાસભાગ કરવા લાગ્યો. છેવટે ગઝનીખાને પરાજય સ્વીકાર્યો અને પ્રતિમાજી સોંપવા માટે સંમત થયો.

મુસ્લિમ રાજાએ પ્રતિમાજીને સિંહાસન પર બેસાડીને પૂજા અને સ્તુતિ ગઈ. પોતાનાથી થયેલ અક્ષમ્ય અપરાધની ક્ષમા માગી. છેવટે જૈન સંઘને પ્રતિમાજી પાછી આપવામાં આવી. જૈનશાસનનો જયનાદ ગુંજી ઊઠ્યો.

શ્રી પાર્શ્વનાથ પ્રભુની પ્રતિમાજીને ઝાલોરથી ભિન્નમાલ વાજતેગાજતે લઈ આવવામાં આવ્યા અને ભવ્યનગર પ્રવેશ થયો. ગઝનીખાનને ખોટી સલાહ આપનાર ભિન્નમાલનો સૂબો પાંચ પુત્રો સાથે મૃત્યુ પામ્યો.

સં. ૧૬૬૨માં વરજંગ નામના શ્રેષ્ઠીએ ભવ્ય જિનાલય બંધાવ્યું. સં. ૧૬૭૧ માં શ્રી ચંદ્રપ્રભુસ્વામીનું જિનાલય બંધાયું. જૈન સંઘને રાજાના ભયથી મુક્ત કરનારા આ પરમ પ્રભાવી પાર્શ્વનાથ 'ભયભંજન'ના નામથી પ્રસિદ્ધ થયા.

દર વર્ષે કારતક સુદ-૧૫ના જિનાલયની સાલગિરિ ઊજવાય છે. પ્રાચીન ગ્રંથો, સ્તુતિઓમાં તીર્થની પ્રાચીનતા દર્શાવાઈ છે.

## ૪૮. શ્રી ખીમેલ તીર્થ

રાજસ્થાનના પાલી જિલ્લામાં આ દર્શનીય તીર્થ આવેલું છે. શ્રી ખીમેલ તીર્થથી ફાલના રેલવે સ્ટેશન ૧૧ કિ.મી.ના અંતરે છે તથા રાની તીર્થ ૫ કિ.મી.ના અંતરે છે. નજીકનાં તીર્થોમાં વરકાણા, નાડોલ અને નાડલાઈ આવેલાં છે. અહીં ધર્મશાળા-ભોજનશાળાની સગવડ છે.

સંપર્ક : શ્રી જૈન શ્વેતાંબર દેવસ્થાન ટ્રસ્ટ, પો. ખિમેલ-૩૦૬૧૧૫. વાયા - રાની, જિ. પાલી (રાજસ્થાન). ફોન - ૦૨૯૩૪-૨૨૨૦૫૨, ૨૨૦૦૮૨.

### તીર્થની વિશેષતા

વિક્રમ સંવત ૧૨મી સદીનું પાલી જિલ્લાનું આ જિનાલય અત્યંત સુંદર અને દૈદિપ્યમાન છે. શ્રી શાંતિનાથ ભગવાનનું આ જિનાલય સં. ૧૨૦૦માં નિર્માણ થયાનું મનાય છે. આ સ્થળે અન્ય ત્રણ દેરાસરો છે. અહીં શ્રી શાંતિનાથ પ્રભુની શ્વેતવર્ણની પદ્માસનસ્થ પ્રતિમાજી બિરાજમાન છે.

## ૪૯. શ્રી સિવેરા તીર્થ

રાજસ્થાનના સિરોહી રોડથી ૮ કિ.મી.ના અંતરે શ્રી સિવેરા જૈન તીર્થ આવેલું છે. આ ભવ્ય તીર્થ સ્થાનમાં મૂળનાયક રૂપે શ્રી શાંતિનાથ ભગવાન બિરાજમાન છે. શ્વેતવર્ણની પદ્માસનસ્થ પ્રતિમાજી પ્રાચીન અને દર્શનીય છે. આ તીર્થ ૮૦૦ વર્ષથી વધારે પ્રાચીન છે. સિવેરા ગામની નજીક ઝાડોલી પાંચ કિ.મી.ના અંતરે છે. રહેવા માટે નાની ધર્મશાળા છે.

## ૫૦. શ્રી કોરટા તીર્થ

રાજસ્થાનના શિવગંજથી ૮ કિ.મી. તથા જવાઈબંધથી ૨૪ કિ.મી.ના અંતરે શ્રી કોરટા તીર્થ આવેલું છે. આ તીર્થમાં શ્રમણ ભગવાન મહાવીર સ્વામીની દર્શનીય પ્રતિમાજી બિરાજમાન છે. આ તીર્થની સ્થાપના લગભગ ૨૫૦૦ વર્ષ પૂર્વેની મનાય છે. કોરંઠગચ્છની સ્થાપના પણ એ સમયમાં થઈ હતી. આ મંદિરની પ્રતિષ્ઠા ઓસ વંશના સ્થાપક આચાર્યશ્રી રત્નપ્રભસૂરિજી મહારાજે પોતાની અલૌકિક વિદ્યાથી બે રૂપ ધારણ કરીને એક જ મુહૂર્તે ઓસિયા અને કોરટામાં કરાવેલ હતી. આ સિવાય અહીં શ્રી આદીશ્વર ભગવાનનું જિનાલય છે. અહીંના ભંડારમાં પ્રાચીન કલાત્મક સામગ્રીઓનો વિપુલ સંગ્રહ છે. અહીં રહેવા માટેની ધર્મશાળા છે.

## ૫૧. શ્રી નાકોડા તીર્થ

રાજસ્થાનના બાડમેર જિલ્લાના મેવાનગર (સ્ટે. બાલોતરા) ખાતે શ્રી નાકોડા પાર્શ્વનાથ પ્રભુનું મુખ્ય અને ભવ્ય તીર્થધામ આવેલું છે. આ તીર્થ પહોડોની વચ્ચે શોભી રહ્યું છે. બાલોતરા રેલવે સ્ટેશનથી ૧૩ કિ.મી.ના અંતરે આ તીર્થ આવેલું છે.

આ તીર્થસ્થળથી જોધપુર ૧૧૦ કિ.મી. તથા રાણકપુર ૨૩૦ કિ.મી.ના અંતરે છે. અહીં યાત્રિકોની અવરજવર વિશેષ પ્રમાણમાં રહે છે. અહીં ધર્મશાળા તથા ભોજનશાળાની સર્વશ્રેષ્ઠ સગવડો છે. અહીં આવતા યાત્રિકોને ભાતું આપવામાં આવી રહ્યું

છે. શ્રી નાકોડા પાર્શ્વનાથનું જિનાલય પ્રાચીન છે. આ તીર્થથી ઝાલોર અને ભાંડવપુર તીર્થ નજીકનાં છે.

આ તીર્થના અધિષ્ઠાયક દેવ શ્રી ભૈરવજી સદા જાગ્રત છે. શ્રી નાકોડા ભૈરવને 'ભેરોજી' પણ કહે છે.

સંપર્ક : શ્રી જૈન શ્વેતાંબર નાકોડા પાર્શ્વનાથ તીર્થ ટ્રસ્ટ, પો. મેવાનગર-૩૪૪૦૨૫, સ્ટેશન-બાલોતરા, જિ. બાડમેર (રાજસ્થાન). ફોન : ૦૨૯૮૮-૨૪૦૭૬૨, ૨૪૦૦૦૫.

## તીર્થની વિશેષતા

મેવાનગર (રાજસ્થાન)માં શ્રી નાકોડા પાર્શ્વનાથ પ્રભુની શ્યામરંગી, પદ્માસનસ્થ, સપ્તફણાથી અલંકૃત, દિવ્યતાનાં તેજ પ્રસરાવતી પ્રતિમાજી બિરાજમાન છે. આ પ્રતિમાજીની ઊંચાઈ ૨૧ ઇંચ અને પહોળાઈ ૧૮ ઇંચની છે. મેવાનગરનું પ્રાચીન નામ વીરમપુર હતું. વિ.સં. પૂર્વે ત્રીજા સૈકામાં આ નગર હતું. માત્ર આજે આ તીર્થસ્થાન સિવાય કશું નથી.

આ અંગેનો ઇતિહાસ આ પ્રમાણે છે. એક મહારાજાને વીરમદત્ત અને નાકોરસેન નામના બે રાજપુત્રો હતા. બન્ને રાજકુમારોએ વીરમપુર અને નાકોરનગર નામનાં નગરો વસાવ્યાં અને બન્ને નગરો ટૂંકા ગાળામાં સમૃદ્ધ થયાં. બન્ને રાજપુત્રોએ બન્ને નગરીમાં ભવ્ય જિનપ્રાસાદોનાં નિર્માણ કર્યાં.

વીરમપુરમાં શ્રી ચંદ્રપ્રભસ્વામીનું જિનાલય તથા નાકોરનગરમાં શ્રી સુપાર્શ્વનાથ સ્વામીના દર્શનીય અને ભવ્ય જિનાલયની પ્રતિષ્ઠા શ્રી સ્થુલિભદ્રસ્વામીના વરદ હસ્તે કરાઈ હતી.

કાળનો પ્રવાહ વહેતો રહ્યો. બન્ને જિનાલયોના જીર્ણોદ્ધાર થતા રહ્યા. વીર સં. ૨૮૧માં મહારાજા સંપ્રતિએ

આ બન્ને જિનાલયોનો જીર્ણોદ્ધાર કરાવ્યો અને આ.શ્રી આર્યસુહસ્તિસૂરિજી મહારાજની મંગલ નિશ્રામાં પ્રતિષ્ઠા મહોત્સવ ભવ્ય રીતે ઊજવવામાં આવ્યો હતો. વીર સંવત ૫૦૫માં મહારાજા વિક્રમાદિત્યે આ બન્ને જિનાલયોનો જીર્ણોદ્ધાર કરાવીને આચાર્યશ્રી સિદ્ધસેન દિવાકરસૂરિજીના હસ્તે પ્રતિષ્ઠા કરાવી હતી.

આ બન્ને જિનાલયોનો વિક્રમ સંવત ૬૨માં ફરીને જીર્ણોદ્ધાર થયો અને આ.શ્રી માનતુંગસૂરિજીના હસ્તે પ્રતિષ્ઠાવિધિ થઈ હતી.

ત્યાર પછી આ જિનાલયો જીર્ણ થતાં વિ. સં. ૪૭૫માં આચાર્ય શ્રીમદ્ વિજયદેવસૂરીશ્વરજી મહારાજના ઉપદેશથી જીર્ણોદ્ધાર કરવામાં આવ્યો. નવમા સૈકામાં જીર્ણોદ્ધાર થયો. એ સમયે વીરમપુર નગરની જાહોજલાલી ટોચે હતી. મોટી સંખ્યામાં જૈન પરિવારો અહીં વસતા હતા. વિ.સં. ૯૦૯માં ભાતેરા ગોત્રના ગર્ભશ્રીમંત હરખચંદે આ બન્ને જિનાલયોનો જીર્ણોદ્ધાર કરાવ્યો. તે સમયે શ્રી ચંદ્રપ્રભસ્વામીની પ્રતિમાજી ખંડિત થતાં તે સ્થાને શ્રી મહાવીર સ્વામીની પ્રતિમાજી બિરાજમાન કરવામાં આવી. વિક્રમ સંવત ૧૨૨૩માં ફરીને આ બન્ને જિનાલયોમાં જીર્ણોદ્ધાર કરવામાં આવ્યો.

વિ.સં. ૧૨૮૦માં આ બન્ને નગરો પર મુસ્લિમ આક્રમણનો ભય પેદા થતાં નાકોર નગરના શ્રીસંઘે મૂળનાયક સહિત ૧૨૦ પ્રતિમાજીઓને ત્યાંથી બે માઈલ દૂર કાલીદ્રહમાં છુપાવી દીધી. મુસ્લિમ આક્રમણમાં બન્ને નગરો ધ્વંસ થઈ ગયાં.

વીરમપુર ફરીને વિકાસ પામ્યું. અહીંનાં પ્રાચીન જિનાલયોનો જીર્ણોદ્ધાર કરવામાં આવ્યો. આ જિનાલયમાં

બિરાજમાન કરવા માટે પ્રતિમાજીની શોધખોળ શરૂ થઈ ત્યારે એક સુશ્રાવકને અધિષ્ઠાયક દેવે સ્વપ્નમાં કાલીદ્રહમાં છુપાવવામાં આવેલ પ્રતિમાજીની જાણકારી આપી. આમ કાલીદ્રહમાં છુપાવવામાં આવેલી પ્રતિમાજીઓને વીરમપુર લાવવામાં આવી અને વિ.સં. ૧૪૨૯માં ભવ્ય મહોત્સવ રચીને પ્રતિષ્ઠિત કરવામાં આવી.

આ જિનાલયમાં મૂળનાયકપદે શ્રી પાર્શ્વનાથ પ્રભુની પ્રતિમાજીને ગાદનશીન કરવામાં આવી. પ્રતિમાજી મૂળ નાકોર નગરના હોવાથી 'શ્રી નાકોડા પાર્શ્વનાથ'ના નામથી પ્રસિદ્ધિ પામ્યા. હવે તો વીરમપુર પણ નાકોડા નામથી જ જાણીતું થયું છે. સં. ૧૫૬૪માં સદારંગ નામના શ્રેષ્ઠીએ આ જિનાલયનો જીર્ણોદ્ધાર કરાવ્યો હતો. સત્તરમા સૈકા સુધી આ નગર સમૃદ્ધ રહ્યું હતું. પણ પછી આ ગામની આબાદી નષ્ટ થઈ. વીરમપુરનું નામ 'મેવાનગર' ક્યારથી જાણીતું થયું તેની કોઈ નોંધ મળતી નથી. સત્તરમા સૈકામાં અહીં પલ્લીવાલ ગચ્છના જૈન પરિવારો મોટી સંખ્યામાં વસતા હતા તેવા ઉલ્લેખો છે.

આજે શ્રી નાકોડા તીર્થનો મહિમા દિનપ્રતિદિન વધતો જાય છે. વર્ષભર હજારો યાત્રિકોની અવરજવર રહે છે. દર વર્ષે પોષ દશમીના રોજ ભવ્ય મેળો ભરાય છે. ત્યારે ભારતભરમાંથી યાત્રિકો અહીં ઊમટી પડે છે. શ્રી નાકોડા તીર્થ વિષે જૈનાચાર્યો, મુનિ ભગવંતોની પ્રાચીન રચનાઓમાં ઉલ્લેખ છે.

## ૫૨. શ્રી અજારી તીર્થ

રાજસ્થાનના સિરોહી જિલ્લાના બામનવાડા તીર્થથી નવ કિલોમીટરના અંતરે પ્રાચીન અને દર્શનીય શ્રી અજારી તીર્થ આવેલું

છે. અહીંથી લોટાણા તીર્થ ૧૩ કિ.મી. તથા નાન્દિયા તીર્થ ૧૧ કિ.મી.ના અંતરે આવેલાં છે. અહીં ધર્મશાળાની સગવડ છે. અહીંથી પિંડવાડા તીર્થ ૩ કિ.મી.ના અંતરે આવેલ છે.

સંપર્ક : શ્રી કલ્યાણજી સોભાગચંદજી જૈન પેઢી, પો. અજારી - ૩૦૭૦૨૧, જિ. સિરોહી (રાજસ્થાન). ફોન - ૦૨૯૭૧-૨૨૦૦૨૮

## તીર્થની વિશેષતા

અજારી ગામની મધ્યમાં આવેલા આ તીર્થસ્થળની પ્રાચીનતાના ઉલ્લેખો મળતા નથી. પરંતુ પ્રતિમાજીઓ મહારાજા સંપ્રતિના સમયની હશે તેમ મનાય છે. અહીં મૂળનાયકરૂપે શ્રમણ ભગવાન મહાવીર સ્વામીની શ્વેતવર્ણની, પદ્માસનસ્થ પ્રતિમાજી ગાદીનશીન છે.

તીર્થમાં એક પ્રતિમા ઉપર વિ.સં. ૧૨નો લેખ છે. (લગભગ ૨૦૦૦ વર્ષ પૌરાણિક). અહીંયાં દરેક પ્રતિમાઓ સુંદર અને દર્શનીય છે. અનેક પ્રતિમાઓની આજુબાજુ કલ્પવૃક્ષની રચના જોવા મળે છે, જે ઘણી જ નિરાળી છે તેમજ અન્યત્ર જોવી દુર્લભ છે.

કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્યે આ ગામની પાસે માર્કંડેશ્વરમાં મા સરસ્વતી દેવીની આરાધના કરી હતી અને આ જિનમંદિરમાં મા સરસ્વતી દેવીએ પ્રસન્ન થઈને તેમને સાક્ષાત્ દર્શન આપ્યાં હતાં. મહાકવિ કાલિદાસની આ જન્મભૂમિ છે. આ જિનાલયમાં શ્રી સરસ્વતી દેવીની પ્રતિમા છે. આટલી પ્રાચીન પ્રતિમાનાં દર્શન દુર્લભ છે. નાની મારવાડ પંચતીર્થીનું આ એક તીર્થસ્થળ ગણવામાં આવે છે.

## ૫૩. શ્રી લોટાણા તીર્થ

રાજસ્થાનના સિરોહી જિલ્લાના નાન્દિયા ગામથી ૭ કિ.મી.ના અંતરે લોટાણા ગામની ટેકરી પર આ તીર્થ આવેલું છે. સિરોહી રેલવે સ્ટેશનથી ૨૦ કિ.મી. દૂર છે. બામનવાડા તીર્થ ૧૬ કિ.મી.ના અંતરે છે. વિશેષ સગવડ બામનવાડા તીર્થમાં મળી શકે છે. રહેવાની સગવડ છે.

સંપર્ક : શ્રી જૈનદેવસ્થાન પેઢી, શ્રી આદિનાથ જૈન તીર્થ, લોટાણા તીર્થ, ગામ-લોટાણા, પો. નાન્દિયા-૩૦૭૦૪૨. ફોન : ૦૨૯૭૧-૨૨૦૧૧૫

### તીર્થની વિશેષતા

શ્રી લોટાણા તીર્થમાં શ્રી આદિનાથ પ્રભુ મૂળનાયક રૂપે બિરાજમાન છે. શ્વેતવર્ણની પદ્માસનસ્થ પ્રતિમાજી અત્યંત દર્શનીય છે. આ તીર્થ અત્યંત પ્રાચીન છે. અહીંના શ્રી ઋષભદેવ પ્રભુની ભવ્ય અને અદ્વિતીય પ્રતિમાજી શ્રી શત્રુંજય શાશ્વત તીર્થના તેરમા ઉદ્ધારની માનવામાં આવે છે. નાન્દિયાથી કાચા રસ્તે આ તીર્થ ૭ કિ.મી.ના અંતરે આવેલું છે.

## ૫૪. શ્રી રાડબર તીર્થ

રાજસ્થાનના પોસલિયા ગામથી સાડા છ કિલોમીટરના અંતરે શ્રી રાડબર તીર્થ આવેલું છે. આ તીર્થ લગભગ ૧૫૦૦ વર્ષ જૂનું માનવામાં આવે છે. આ તીર્થમાં શ્રમણ ભગવાન મહાવીર સ્વામીની શ્વેત વર્ણની પદ્માસનસ્થ પ્રતિમાજી મૂળનાયક પદે

બિરાજમાન છે. રાડબર ગામ પહાડોની ગોદમાં આવેલું છે તેથી પ્રાકૃતિક સૌંદર્ય પુરબહારમાં ખીલેલું જોવા મળી શકે તેમ છે. આ તીર્થસ્થળથી જવાઈ બંધ ૩૨ કિ.મી. દૂર છે. રાડબર તીર્થ જવા માટે પંચદેવલ (દોઢ કિ.મી.) પછી રાડબર ગામ સુધી પગપાળા જવું પડે છે. અહીં ધર્મશાળા- ભોજનશાળાની કોઈ સગવડ નથી.

## ૫૫. શ્રી નિતોડા તીર્થ

રાજસ્થાનમાં નાની મારવાડ પંચતીર્થનું આ એક સ્થાન ગણાય છે. શ્રી નિતોડા તીર્થ બારમી સદી પૂર્વેનું મનાય છે. આ તીર્થમાં મૂળનાયક રૂપે શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ ભગવાનની શ્વેત વર્ણની પદ્માસનસ્થ પ્રતિમાજી બિરાજમાન છે. આ તીર્થ સરૂપગંજથી ૫ કિ.મી.ના અંતરે તથા દિયાણા તીર્થથી ૮ કિ.મી.ના અંતરે આવેલું છે. શ્રી ચિંતામણિ પાર્શ્વપ્રભુની પ્રતિમાજી દર્શનીય અને પ્રભાવક છે.

## ૫૬. શ્રી કોલરગઢ તીર્થ

રાજસ્થાનના સિરોહી-શિવગંજ માર્ગ ઉપર સિરોહીથી ૧૨ કિ.મી.ના અંતરે અને સિરોહી રોડથી ૩૨ કિ.મી.ના અંતરે શ્રી કોલરગઢ તીર્થ આવેલું છે. આ તીર્થમાં શ્રી આદીશ્વર ભગવાનની શ્વેત વર્ણની પદ્માસનસ્થ પ્રતિમાજી મૂળનાયકરૂપે બિરાજમાન છે. આ પ્રતિમાજી મહારાજા સંપ્રતિ દ્વારા ભરાવ્યાનો ઉલ્લેખ છે.

આ તીર્થની પ્રાચીનતા અંગેની જાણકારી ઉપલબ્ધ થતી નથી. અહીંનું કુદરતી અને પ્રાકૃતિક સૌંદર્ય મનમોહક છે. પ્રભુજીની

પ્રતિમાની કલા આકર્ષક અને વિશિષ્ટ છે. તીર્થનાં દર્શન કરવાથી પ્રતીત થાય છે કે એક કાળમાં આ એક સમૃદ્ધિ ધરાવતું મહાન તીર્થ હશે. આ તીર્થનાં દર્શન કરતાં જ રાતા મહાવીર, મૂછાળા મહાવીર તથા દિયાણા તીર્થનું સ્મરણ થયા વિના રહેશે નહિ. શ્રી કોલરગઢ તીર્થનાં દર્શન રાજસ્થાનની યાત્રાએ જનાર યાત્રિકોએ અવશ્ય કરવા જેવાં છે.

## ૫૭. શ્રી રાવણ પાર્શ્વનાથ તીર્થ

રાજસ્થાનમાં આવેલું અલવર મોટું શહેર અને જિલ્લાનું મુખ્ય મથક છે. શ્રી રાવણ પાર્શ્વનાથ તીર્થ અલવર રેલવે સ્ટેશનથી ૩ કિ.મી.ના અંતરે આવેલું છે. ગામમાં જૈન પરિવારો આંગળીને વેઢે ગણી શકાય તેટલા છે. આ તીર્થ અત્યંત પ્રભાવ દર્શાવનારું છે. શ્રી રાવણ પાર્શ્વનાથનું મુખ્ય તીર્થ અલવરમાં છે.

### તીર્થની વિશેષતા

રાજસ્થાનના અલવરમાં આવેલ શ્રી રાવણ પાર્શ્વનાથજીની પ્રતિમાજી પદ્માસનસ્થ, સપ્તફણાથી અલંકૃત છે. શ્રી રાવણ પાર્શ્વનાથનું અહીં ધાબાબંધી મંદિર છે. થોડા વર્ષ પૂર્વે આ જિનાલયનો જીર્ણોદ્ધાર કરવામાં આવ્યો હતો.

આ તીર્થની ઉત્પત્તિ વિષેની લોકવાયકા પ્રચલિત છે, તે અનુસાર વાત છે સુવર્ણની લંકાના અધિપતિ રાવણની.

રાવણ આઠમા પ્રતિવાસુદેવ હતા. તેમને પરમાત્મા પ્રત્યે અપૂર્વ શ્રદ્ધા અને ભક્તિ હતી. રાવણ અને તેની રાણી મંદોદરી પરમાત્માનું પૂજન કર્યા બાદ જ ભોજન ગ્રહણ કરતાં. તેઓ બન્ને આ નિયમ ચુસ્ત રીતે પાળતાં હતાં.

એક વાર મહારાજા રાવણ અને રાણી મંદોદરી યાત્રાર્થે વિમાનમાં આરૂઢ થઈને ગયાં. વચ્ચે ભોજન ગ્રહણ કરવાનો સમય થતાં અલવર નજીક એક સ્થાન પાસે વિશ્રામ કર્યો.

ભોજન ગ્રહણ કરતાં પહેલાં બન્નેને પરમાત્માના પૂજનનો નિયમ સ્મૃતિપટ પર આવ્યો. તેઓ આ વખતે પ્રતિમાજી સાથે લાવવાનું વિસ્મરી ગયાં હતાં. મહારાજા રાવણને પ્રતિમાજી સાથે ન લીધાનું ભારે દુઃખ થયું, ત્યારે મંદોદરીએ વેળુની મનોહર પ્રતિમા નિર્માણ કરી. મંદોદરી રાણીએ પ્રણિધાનપૂર્વક શ્રી નમસ્કાર મહામંત્રનું ભાવથી ઉચ્ચારણ કરીને પ્રતિમાજીમાં પ્રાણ પૂર્યા.

ત્યાર બાદ રાવણ અને મંદોદરીએ અનેરા ભક્તિભાવ સાથે નવનિર્મિત પ્રતિમાજીનું પૂજન કર્યું. સ્તવન કરી ભક્તિની ધારા વહેવડાવી. સેવા-પૂજા કર્યા પછી જ રાવણ અને મંદોદરીએ પોતાનો નિયમ પાળ્યો. પૂજન પછી જ ભોજન ગ્રહણ કર્યું.

રાવણ અને મંદોદરીની અપૂર્વ ભક્તિ, નિયમનું દઢ પાલન અને મંદોદરીના શીયળના પ્રભાવે અધિષ્ઠાયક દેવે આ પ્રતિમાજીને વજ્રમય બનાવી દીધી.

રાણી મંદોદરીએ નિર્માણ કરેલા અને રાવણે પૂજેલા આ પાર્શ્વનાથજી 'શ્રી રાવણ પાર્શ્વનાથજી'ના નામથી ઓળખાવા લાગ્યા.

આ પ્રાચીન જિનાલય પંદરમા સૈકા સુધી વિદ્યમાન હતું. પંદરમા સૈકામાં રામસિંહ નામના શ્રેષ્ઠીએ સંઘ સહિત શ્રી રાવણ તીર્થની યાત્રા કરી હતી. સં. ૧૬૫૪માં હીરાનંદ નામના શ્રેષ્ઠીએ આ જિનાલયનો જીર્ણોદ્ધાર કરાવ્યો અને શ્રી રાવણ પાર્શ્વનાથનું નૂતન જિનબિંબ ભરાવી પ્રતિષ્ઠિત કરાવ્યું.

સંવત ૧૯૮૩માં આચાર્ય ભગવંત શ્રી

વિજયવલ્લભસૂરિજીના શુભ હસ્તે આ તીર્થની પુનઃપ્રતિષ્ઠા થઈ હતી. રાવણની દઢ નિયમ પાલનની ચુસ્તતા દર્શાવતું મહાપ્રભાવકારી, દર્શનીય શ્રી રાવણ પાર્શ્વનાથ તીર્થ આજે પણ વિદ્યમાન છે. વિક્રમના દશમા સૈકામાં થયેલા મહારાણા અકબરે પોતાના નામથી ‘અલ્વરપુર’ ગામ વસાવ્યાનું કહેવાય છે. આ તીર્થ દર્શનીય અને મનોહારી છે.

## ૫૮. શ્રી સેસલી તીર્થ

રાજસ્થાનના પાલી જિલ્લાના સેસલી ગામમાં પરમ દર્શનીય શ્રી સેસલી પાર્શ્વનાથ પ્રભુનું પ્રાચીન જિનાલય આવેલું છે. આ તીર્થધામ ફાલના રેલવે સ્ટેશનથી ૭ કિ.મી., સાદડીથી ૧૨ કિ.મી. અને બાલીથી ૩ કિ.મી.ના અંતરે આવેલું છે. પ્રતિમાજી દર્શનીય છે. અહીં જૈનોની વસ્તી નહિવત્ છે. ધર્મશાળાની સગવડ છે. દર વર્ષે કારતક સુદ પૂનમ અને ભાદરવા સુદ ૧૦ના દિવસે અહીં મેળો ભરાય છે. આજુબાજુમાં અન્ય તીર્થો હોવાથી યાત્રિકોની અવરજવર વર્ષ દરમ્યાન રહે છે.

### તીર્થની વિશેષતા

સેસલી ગામ ખાતે શિખરબંધી જિનાલયમાં કલાત્મક પરિકરથી વિભૂષિત, શ્વેત પાષાણના મનોરમ્ય શ્રી સેસલી પાર્શ્વનાથ પ્રભુની પ્રતિમાજી પદ્માસનસ્થ છે. સપ્તફણાથી અલંકૃત આ પ્રતિમાજીની ઊંચાઈ ૨૩ ઇંચ અને પહોળાઈ ૧૯.૫ ઇંચની છે.

મહારાજા સંપ્રતિના સમયની આ પ્રતિમાજીના દર્શન માત્રથી હૈયામાં ભક્તિ અને શ્રદ્ધાના ભાવ પ્રગટ થયા વિના ન રહે તેવી દિવ્યતા ધરાવતી આ પ્રતિમાજી છે. મીઠડી નદીના તટે સેસલી

ગામ છે, પણ ત્યાં આજે જૈનોની વસ્તી નથી. પ્રાચીનકાળમાં આ વૈભવશાળી અને સમૃદ્ધ નગર હોવાનું મનાય છે.

શ્રેષ્ઠી માંડણ સંઘવીએ બારમા સૈકામાં અઢળક દ્રવ્યનો સદ્વ્યય કરીને અહીં ભવ્ય શિખરબંધી જિનાલયનું નિર્માણ કર્યું. બાલી નજીકના નારલાઈ ગામમાંથી શ્રી પાર્શ્વનાથજીની મનોરમ્ય પ્રતિમાજી અહીં લાવવામાં આવી અને ગાદીનશીન કરી. ભટ્ટારક આનંદસૂરિના વરદ હસ્તે આ ભવ્ય જિનાલયમાં મહામહોત્સવ રચીને સં. ૧૧૮૭ના અષાઢ સુદ ૭ના દિવસે આ પ્રતિમાજીની પ્રતિષ્ઠા કરાઈ હતી. સંવત ૧૨૫૨માં આ જિનાલયનો જીર્ણોદ્ધાર કરવામાં આવ્યો હતો અને પ્રતિમાજીને પુનઃપ્રતિષ્ઠિત કરવામાં આવી.

જ્યારે આ પ્રતિમાજીને કલાત્મક પરિકરથી સંવત ૧૪૯૩માં પરિવૃત્ત કરવામાં આવી હતી. સં. ૨૦૨૦માં આ જિનાલયનો પુનઃ જીર્ણોદ્ધાર કરવામાં આવ્યો હતો. અહીં દર વર્ષે અષાઢ સુદ ૧૪નો પ્રતિષ્ઠાદિન ઊજવવામાં આવે છે. શ્રી સેસલી પાર્શ્વનાથજીની શ્રી દાદા પાર્શ્વનાથજીના નામથી સ્તુતિ આચાર્ય ભગવંતો તથા કવિઓએ પોતાની પ્રાચીન રચનાઓમાં કરી છે.

## ૫૯. શ્રી ગંગાણી તીર્થ

રાજસ્થાનના જોધપુરથી ૩૬ કિ.મી.ના અંતરે, ઉમ્મેદથી ૧૦ કિ.મી.ના અંતરે શ્રી ગંગાણી તીર્થ આવેલું છે. આ પ્રાચીન તીર્થમાં શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ પ્રભુની શ્વેત વર્ણની પદ્માસનસ્થ પ્રતિમાજી મૂળનાયક રૂપે બિરાજમાન છે. જોધપુરથી બનાડના રસ્તે ૮ કિ.મી. અને ભવાદના રસ્તે પાંચ કિલોમીટરના અંતરે

આ તીર્થ આવેલું છે. જોધપુરથી અહીં થઈને ઓસિયા તીર્થ જઈ શકાય છે. કાપરડાજી તીર્થ પણ જોધપુરની નજીકમાં આવેલું છે. અહીં ધર્મશાળા તથા ભોજનશાળાની સગવડ છે.

સંપર્ક : શ્રી જૈન શ્વેતાંબર પ્રાચીન તીર્થ - ગંગાણી, તહસિલ, ભોપાલગઢ, જિ. જોધપુર (રાજ.) ૩૪૨૦૨૭. ફોન : ૦૨૯૨૬-૨૨૮૧૦૪

### તીર્થની વિશેષતા

જોધપુર જિલ્લાના ગંગાણી ગામમાં આવેલ આ તીર્થસ્થાને વિ.સં. ૧૬૬૨ના જેઠ સુદ ૧૨ના દિવસે અહીં દૂધેલા નામના તળાવની પાસે ખોખર નામના મંદિરના એક ભાગમાંથી ૬૫ પ્રાચીન પ્રતિમાઓ મળી આવી હતી.

આ મુજબનો ઉલ્લેખ વિ.સં. ૧૬૬૨માં રચાયેલા શ્રી ગંગાણી મંડનમાં વિસ્તારથી કરાયો છે. આમાંની એક પ્રતિમાજી સંપ્રતિ મહારાજાએ ભરાવેલી અને એક સમ્રાટ ચંદ્રગુપ્તની ભરાવેલી હતી. આ બધી પ્રતિમાઓ આજે ઉપલબ્ધ નથી. સંભવ છે કે પુનઃઆક્રમણના ભયના કારણે આ પ્રાચીન પ્રતિમાઓને પુનઃ ભૂમિગત કરવામાં આવી હોય.

આમ આ પ્રમાણેની ઐતિહાસિક તથ્યોના આધારે જાણી શકાય છે કે અહીં પ્રાચીનકાળમાં ભવ્ય તીર્થ હોવું જોઈએ. આ જિનાલય ત્રણ માળનું છે, જે અત્યંત દર્શનીય અને ભવ્ય છે.

## ૬૦. શ્રી ઓસિયા તીર્થ

રાજસ્થાનના જોધપુર જિલ્લામાં શ્રી ઓસિયાજી તીર્થ આવેલું છે. જોધપુર-ફલોદી માર્ગ પરથી લગભગ ૬૫ કિમી દૂર છે.

જોધપુર-જેસલમેર રેલવેમાર્ગ પર ઓસિયાજી રેલવે સ્ટેશન આવેલું છે. જોધપુર અને ફલોદીથી શ્રી ઓસિમાજી તીર્થ ૬૫ કિ.મી.ના અંતરે છે. અહીં ધર્મશાળા તથા ભોજનશાળાની સગવડ છે. અહીં જૈન પરિવારોની વસ્તી નથી છતાંય જૈન વિદ્યાર્થીઓ માટે છાત્રાલયની સગવડ છે.

સંપર્ક : શ્રી મંગલસિંહ અનસિંહ દેવની પેઢી, ટ્રસ્ટ, પો. ઓસિયા-૩૪૨૩૦૩, જિ. જોધપુર (રાજ.) ફોન : ૦૨૯૨૨-૨૭૪૨૩૨.

## તીર્થની વિશેષતા

શ્રમણ ભગવાન મહાવીર સ્વામીનાં ૭૦ વર્ષ બાદ શ્રી પાર્શ્વપ્રભુના સાતમા પાટેશ્વર આચાર્ય ભગવંત શ્રી રત્નપ્રભ સૂરિશ્વરજી મહારાજે અહીંના મહારાજા ઉપલદેવ, મંત્રી ઉહડ તથા અનેક શૂરવીર રાજપૂતોને મદિરા-માંસનો ત્યાગ કરાવીને જૈન ધર્મ અંગીકાર કરાવ્યો હતો. તેમજ ઓશવાલ વંશની સ્થાપના પણ અહીં જ કરી તેમને ઓશ વંશમાં પરિવર્તિત કર્યા હતા.

શ્રી ઓસિયા તીર્થમાં મૂળનાયક રૂપે શ્રી મહાવીર સ્વામીની સુવર્ણ વર્ણની પદ્માસનસ્થ પ્રતિમાજી દર્શનીય છે. આ મંદિરમાં શ્રી પુનિયાબાબાના નામથી પ્રખ્યાત તથા અતિ ચમત્કારી શ્રી અધિષ્ઠાયક દેવની પ્રતિમા નાગ-નાગણીના રૂપમાં બિરાજિત છે. આ પ્રતિમા પણ મૂળનાયકની પ્રતિમાના સમયની હોવાનું માનવામાં આવે છે.

એમ કહેવાય છે કે આચાર્યશ્રી રત્નપ્રભસૂરિજીએ શ્રી ચામુંડા દેવીને પ્રતિબોધિત કરીને સમ્યકત્વી બનાવી અને શ્રી સચ્ચાઈયા માતાના નામથી અલંકૃત કરેલ હતી. શ્રી સચ્ચાઈયા માતાની દિવ્ય શક્તિ ને પ્રભાવથી ગૌદુગ્ધ તથા રેતીની શ્રમણ ભગવાન મહાવીર

સ્વામીની પ્રતિમાજી બની અને આ પ્રતિમાજી આચાર્ય ભગવંત દ્વારા જ પ્રતિષ્ઠિત કરાઈ હતી.

ઓસિયા ગામમાં ટેકરી ઉપર શ્રી સચ્ચાઈયા માતાજીનું ભવ્ય મંદિર આજે પણ છે, મંદિરમાં અનેક પ્રકારની મૂર્તિઓ જોવા મળે છે. શ્રી ઓસિયા તીર્થમાં શ્રમણ ભગવાન મહાવીર સ્વામીના જિનાલયમાં કલાત્મક કારીગરી, સૌંદર્ય તથા ચિત્રકારી અત્યંત સુંદર અને દર્શનીય છે.

## ૬૧. શ્રી કાછોલી તીર્થ

રાજસ્થાનના સિરોહી જિલ્લાના પિંડવાડા તાલુકામાં આવેલ કાછોલી ગામમાં શ્રી કચ્છુલિકા પાર્શ્વનાથ પ્રભુનું મુખ્ય જિનાલય આવેલું છે. સ્વરૂપગંજ રેલવે સ્ટેશનથી ૫ કિ.મી.ના અંતરે આ તીર્થ આવેલું છે. નજીકનું બસસ્ટેન્ડ ઉડવારિયા ૧.૫ કિ.મી.ના અંતરે છે. અહીં ધર્મશાળાની સગવડ છે.

સંપર્ક : શ્રી કચ્છુલિકા પાર્શ્વનાથ જૈન શ્વે. દેરાસર, શ્રી કાછોલ શ્વે. જૈન સંઘ, મુ. પો. કાછોલી, તા. પિંડવાડા, જિ. સિરોહી (રાજસ્થાન)

### તીર્થની વિશેષતા

કાછોલી તીર્થમાં શિખરબંધી જિનાલયના મૂળનાયક શ્રી કચ્છુલિકા પાર્શ્વનાથની પ્રતિમાજી અલૌકિક અને દર્શનીય છે. સુમનોહર પરિકરમાં સુશોભિત પ્રતિમાજી શ્વેત વર્ણની, સપ્તફણાથી વિભૂષિત, પદ્માસનસ્થ છે. પ્રતિમાજી ૨૯ ઇંચ ઊંચી અને ૨૩ ઇંચ પહોળી છે.

કાછોલીમાં જૈનશાસનના અનેક મહાપુરુષોએ પુનિત પગલાં

પાડીને ભૂમિને અતિ પવિત્ર બનાવી છે. કચ્છના રાવે આ ગામ વસાવ્યાનું કહેવાય છે. પોતાના વતનની સ્મૃતિને ચિરંજીવ બનાવવા આ ગામનું નામ કાછોલી રાખ્યા હોવાનું મનાય છે. સંવત ૧૩૪૩નો લેખ આ તીર્થની પ્રાચીનતા દર્શાવે છે. 'કાછોલીવાલ' ગચ્છની ઉત્પત્તિ આ ગામમાંથી થઈ હતી. ગામના નામ ઉપરથી કાછોલીમંડન શ્રી પાર્શ્વનાથજી 'કચ્છુલિકા'ના નામથી ઓળખાય છે. આ જિનાલય ગભારો, ગૂઢમંડપ, છ ચોકી, સભામંડપ, શૃંગારચોકી વગેરેથી સુશોભિત છે. વિ.સં. ૨૦૧૬માં આ તીર્થનો જીર્ણોદ્ધાર અને પ્રતિષ્ઠા કરવામાં આવ્યાં હતાં. અનેક લોકો આ પરમાત્માને ચિંતામણિ પાર્શ્વનાથના નામથી પણ ઓળખે છે.

## ૬૨. શ્રી પોસલી તીર્થ

રાજસ્થાનના સિરોહી જિલ્લાના પોસલિયા ગામમાં શ્રી પોસલી પાર્શ્વનાથ પ્રભુનું જિનાલય આવેલું છે. આ તીર્થ સિરોહી - પાલી હાઈવે રોડ પર અને એરનપુરા રેલવે સ્ટેશનથી ૨૦ કિ.મી. દૂર છે. શિખરબંધી જિનાલય છે. અહીં એક પ્રાચીન જ્ઞાન ભંડાર છે. ગામમાં બે ધર્મશાળા અને એક ઉપાશ્રય છે.

### તીર્થની વિશેષતા

રાજસ્થાનના પોસલિયા ગામમાં સિરોહિકા વાસ ખાતે શ્રી પોસલી પાર્શ્વનાથ પ્રભુનું જિનાલય આવેલું છે. શ્રી પોસલ પાર્શ્વનાથજીની શ્યામ પાષાણની પ્રતિમાજી પદ્માસનસ્થ, નવફણાથી અલંકૃત છે. પ્રતિમાજીની ઊંચાઈ ૧૮ ઇંચ અને પહોળાઈ ૧૪ ઇંચ છે. પોસલી ગામ પરથી 'શ્રી પોસલી પાર્શ્વનાથ' નામ પડ્યાનું મનાય છે. હાલમાં આ ગામમાં જૈનોની વસ્તી સારી છે. શ્રીસંઘે

આ જિનાલય સં. ૧૭૫૦માં નિર્મિત કર્યું. પ્રતિમાજી પર સં. ૧૭૪૫નો ઉલ્લેખ છે. તે પૂર્વે પણ આ ગામમાં જિનાલય હોવાનું એક પ્રાચીન તીર્થમાળા પરથી જાણવા મળે છે. સં. ૧૭૨૨માં 'ચૈત્ય પરિયાજ્ઞ'માં પોસલીમાં ત્રણ જિનબિંબો હોવાનો ઉલ્લેખ અને તેનો મહિમા જણાવાયો છે.

સંપર્ક : શ્રી પોસલિયા પાર્શ્વનાથ શ્વે. જૈન તીર્થ, મુ. પો. પોસલિયા, સિરોહિકા વાસ, સ્ટે. એરનપુરા, જિ. સિરોહી (રાજસ્થાન).

## ૬૩. શ્રી મુંડાવા તીર્થ

રાજસ્થાનના પાલી જિલ્લાના સોજત તાલુકાના મુંડાવા ખાતે શ્રી મંડોવરા પાર્શ્વનાથ પ્રભુનું પ્રાચીન અને પ્રભાવક જૈન તીર્થધામ આવેલું છે. શ્રી મંડોવરા પાર્શ્વનાથનું મુખ્ય તીર્થ મુંડાવામાં છે. આ તીર્થ ચંડાવલ રેલવે સ્ટેશનથી ચાર કિલોમીટરના અંતરે અને સોજત તીર્થથી ૧૨ માઈલના અંતરે આવેલું છે. દર વર્ષે વૈશાખ સુદ ૬નો પ્રતિષ્ઠાદિન ઊજવાય છે. અહીં જૈનોની વસ્તી નથી. શ્રી ચંડાવલ જૈન સંઘ આ તીર્થનો વહીવટ કરે છે. ધર્મશાળા તથા ઉપાશ્રયની સગવડ છે. જૈન શાસનના મહાપ્રતાપી અને પ્રભાવી જૈનાચાર્યોએ પગલાં કર્યાં છે.

### તીર્થની વિશેષતા

મુંડાવા (રાજસ્થાન) ખાતે શ્રી મંડોવરા પાર્શ્વનાથજીની પ્રતિમાજી પદ્માસનસ્થ; ફણારહિત અને શ્વેત પાષાણની છે. પ્રતિમાજીની ઊંચાઈ ૧૨II ઇંચ અને પહોળાઈ ૧૦ ઇંચની છે. આ તીર્થની ઉત્પત્તિ અંગે લોકવાયકા જાણીતી છે.

મુંડાવા ગામના એક શ્રાવકને પ્રભુનાં દર્શન કર્યા પછી જ ભોજન ગ્રહણ કરવાનો નિયમ હતો. આ નિયમના પાલન અર્થે તે રોજ પાંચ માઈલ દૂર આવેલા ગામે દર્શન અર્થે જતો. નિયમપાલનની અપૂર્વ નિષ્ઠાથી અધિષ્ઠાદયક દેવે તે શ્રાવક પર પ્રસન્ન થઈને સ્વપ્નમાં દર્શન આપ્યાં અને ગામ બહાર કેરડાના વૃક્ષ નીચે ગુપ્ત શ્રી પાર્શ્વપ્રભુની દિવ્ય પ્રતિમાને પ્રગટ કરવાનો નિર્દેશ કર્યો તેમજ જિનાલય નિર્માણ કરવાની વાત ઉચ્ચારી. આ કાર્ય માટે નિર્ધન શ્રાવકને મૂંઝવણ થઈ ત્યારે દેવે તેની ચિંતાનો અને ધનપ્રાપ્તિનો ઉપાય બતાવ્યો.

એમ જ થયું. શ્રાવકે સ્વપ્નમાં સંકેત મુજબ કેરડાના વૃક્ષ નીચેથી શ્રી પાર્શ્વનાથ પ્રભુની દિવ્ય પ્રતિમા પ્રગટ કરી. શ્રાવકના હર્ષનો પાર ન રહ્યો. તેણે પ્રભુની સ્તુતિ કરી. તેની આંખોમાંથી હર્ષનાં અશ્રુ સરી પડ્યાં. જિનાલયના નિર્માણ માટે દેવે સૂચવેલા ઉપાય મુજબ તે રાત્રે જવનો ભરેલો ટોપલો એક સ્થાને મૂકી આવ્યો. બીજે દિવસે શ્રાવક ટોપલો લેવા ગયો તો બધા જ જવ સુવર્ણમય બની ગયા હતા.

શ્રાવકે પૂરી ભક્તિથી તે સુવર્ણનો વ્યય કરીને આરસનો ભવ્ય જિનપ્રાસાદ બંધાવ્યો. આ પાર્શ્વનાથ શ્રી મંડોવરા પાર્શ્વનાથ તરીકે જગપ્રસિદ્ધ થયા. ત્યાર પછી તો અનેક વાર આ તીર્થના જીર્ણોદ્ધાર થયા છે. અહીં દર વર્ષે પોષ દશમનો મેળો ભરાય છે ત્યારે મોટી સંખ્યામાં ભાવિકો ઉપસ્થિત રહે છે. શ્રી મંડોવરા પાર્શ્વનાથ પ્રભુની પ્રતિમાજી અત્યંત દર્શનીય અને દિવ્યતા ધરાવનારી છે. પ્રાચીન ગ્રંથો અને કાવ્યોમાં આ તીર્થનો ઉલ્લેખ કરાયો છે.

સંપર્ક : શ્રી મંડોવરા પાર્શ્વનાથ જન શ્વે. તીર્થ, મુ. મુંડાળા, તા. સોજત (જિ. પાલી), વાયા- ચંડાવલ (રાજસ્થાન)

## ૬૪. શ્રી કાપરડાજી તીર્થ

રાજસ્થાનના જોધપુરથી ૫૦ કિ.મી.ના અંતરે શ્રી કાપરડાજી તીર્થ આવેલું છે. આ તીર્થમાં શ્રી સ્વયંભૂ પાર્શ્વનાથ પ્રભુની નીલપિસ્તા વર્ણની પદ્માસનસ્થ પ્રતિમાજી મૂળનાયક રૂપે બિરાજમાન છે. આ તીર્થ જોધપુર-જયપુર માર્ગ પર આવેલ છે. અહીં ધર્મશાળા તથા ભોજનશાળાની સગવડ છે.

સંપર્ક : શ્રી જૈન શ્વેતાંબર પ્રાચીન તીર્થ, પો. કાપરડા-૩૪૨૬૦૫, તહસિલ, બીલાડા, જિ. જોધપુર (રાજ.) ફોન : ૦૨૯૩૦-૨૬૩૯૦૯, ૨૬૩૯૪૭

### તીર્થની વિશેષતા

જોધપુર જિલ્લામાં કાપરડા ગામે શ્રી શ્રી સ્વયંભૂ પાર્શ્વનાથ પ્રભુનું મુખ્ય જિનાલય આવેલું છે. આ ગામની સ્થાપના ક્યારે થઈ તે અંગેની કોઈ માહિતી ઉપલબ્ધ થતી નથી.

વિક્રમ સંવત ૧૬૭૪ માગસર વદ ૧૦ના દિવસે શ્રી પાર્શ્વનાથ પ્રભુના જન્મકલ્યાણક દિનના શુભ અવસરે ચમત્કારિક ઘટનાઓ સાથે ભૂગર્ભમાંથી આ પ્રતિમાજી પ્રગટ થઈ હતી. શ્રી કાપરડાજી તીર્થ ચાર મજલાનું જિનાલય છે. આ ચૌમુખી જિનાલયનું બાંધકામ તથા શિલ્પ અદ્વિતીય છે. આ તીર્થની આજુબાજુ નાનાં ગામડાંઓ હોવાથી આ જિનાલયના શિખરનાં દર્શન યાત્રિકો દૂરથી કરી શકે છે.

શ્રી કાપરડા તીર્થ પીપાડ સિટીથી ૧૬ કિ.મી., જયપુરથી ૨૪૦ કિ.મી. તથા સિવાડી રેલવે સ્ટેશનથી આ તીર્થ માત્ર આઠ કિલોમીટરના અંતરે આવેલું છે. શ્રી સ્વયંભૂ પાર્શ્વનાથનું આ જિનાલય કલાકારીગરીથી ઉત્કૃષ્ટ છે. સભામંડપ, મંડપના સ્તંભો,

છત, તોરણોમાં શિલ્પીઓએ શિલ્પકલાને જીવંત કરી હોય તેમ લાગ્યા વગર રહેતું નથી.

કાપરડા ગામમાં ચાર માળનું શિખરબંધી જિનાલય આજે ભાવિકો માટે શ્રદ્ધાના અમૃત સમાન છે. અહીં થોડા સૈકાઓ પૂર્વે ખેડૂતોનાં થોડાંઘણાં ઝૂંપડાં હતાં. ધીરે ધીરે અહીં કાપડની બજાર ભરાવા લાગી. કાપડની બજાર ભરાવાના કારણે આ ગામ 'કાપડહાટ' કે 'કર્પટ વાણિજ્ય'ના નામે બોલાવા લાગ્યું. અપભ્રંશ થતાં તેનું કાપરડા નામ જાણીતું બન્યું. ચૌદમા સૈકામાં આ ગામ હતું તેમ જાણવા મળે છે. આ ગામમાં આવેલું 'ચાંપાસર સરોવર' રાવ ચાંપાએ બંધાવ્યું હતું, જે આજે પણ છે.

આ ગામની જાણકારી શ્રી સ્વયંભૂ પાર્શ્વનાથ પ્રભુનું દેરાસર બંધાયું ત્યારે લોકોને થઈ. આ જિનાલયના નિર્માણ પાછળ એક શ્રદ્ધાવાન શ્રાવકની કથા સંકળાયેલી છે.

પંદરમા સૈકાના પ્રારંભે ભંડારી પરિવારો મારવાડમાં આવીને વસ્યા હતા. તેઓ પોતાની કૌશલ્યતા અને ચાતુર્યના કારણે રાજ્યના ઉચ્ચ હોદ્દા પર સ્થાન પામ્યા હતા.

જોધપુરના મહારાજા ગજરાજસિંહે અમર ભંડારીના પુત્ર ભાણજી ભંડારીને જેતારણના અધિકારી તરીકે પસંદ કર્યા. ભાણજી ભંડારીએ જેતારણ પહોંચીને કાર્યભાર સંભાળી લીધો.

ભાણજી ભંડારીએ જેતારણ જઈને સુંદર કામગીરી બજાવવા માંડી, આથી ઈર્ષાળુ રાજકર્મચારીઓએ રાજા ગજસિંહના કાન ભંભેર્યા. રાજા ગજરાજસિંહ રાજકર્મચારીઓની વાતોમાં સપડાઈ ગયો અને ભાણજી ભંડારીને તત્કાળ જોધપુર આવી જવાનો સંદેશો મોકલ્યો. સંદેશવાચન પરથી જ ભાણજી ભંડારીને અંદાજ આવી ગયો કે મહારાજા કોઈની ચઢામણીનો ભોગ બન્યા છે. કંઈક નવાજૂની અવશ્ય થવાની.

મહારાજાની આજ્ઞાનું પાલન કરવા ભાણજી ભંડારી તરત જ જોતારણથી જોધપુર જવા નીકળી પડ્યો. તેણે માર્ગમાં કાપરડા ગામે મુકામ કર્યો. ભોજનનો સમય થતાં ભાણજી ભંડારી સાથે આવેલા માણસોએ ભોજન માટે આમંત્રણ આપ્યું, પરંતુ ભાણજી ભંડારીને શ્રી જિનપૂજા વગર ભોજન ગ્રહણ ન કરવાની ટેક હતી. તેણે ભોજન માટે ના પાડી, તેથી સાથેના માણસોએ તેની દૃઢ પ્રતિજ્ઞા જાણીને ગામમાં જિનમૂર્તિ માટે તપાસ આદરી. ગામમાં એક જૈન યતિજી હતા, તેમની પાસે શ્રી જિન પ્રતિમાજી હતી. આમ શ્રી જિન પ્રતિમાજીની પ્રાપ્તિ થતાં ભાણજી ભંડારીએ સ્નાનાદિથી નિવૃત્ત થઈને પૂજાનાં વસ્ત્રો ધારણ કરીને પ્રસન્ન ભાવે પ્રભુની સેવાપૂજા કરી અને ટેક પાળી.

જૈન યતિ મહારાજ ભાણજી ભંડારીના દૃઢ મનોબળથી પ્રસન્ન થયા અને જણાવ્યું કે રાજા પાસે તું નિર્દોષ ઠરીશ. યતિ મહારાજના કથન મુજબ જ થયું અને રાજાએ ભાણજી ભંડારીનું બહુમાન કર્યું. ઈર્ષાળુઓની ચાલ ઊંધી પડી.

ભાણજી ભંડારીને યતિ મહારાજ પર ભક્તિભાવ થયો. જોધપુરથી વળતાં તે કાપરડા આવ્યો અને યતિ મહારાજને આ ગામમાં ભવ્ય જિનાલય બંધાવવાની વાત કરી.

યતિ મહારાજ આ સાંભળીને અતિ પ્રસન્ન થયા. વિ.સં. ૧૬૬૦માં ભવ્ય જિનાલય માટેનું નિર્માણકાર્ય શરૂ થયું. નવ વર્ષ બાદ દેવવિમાનની ઝાંખી કરાવતું ભવ્ય જિનાલય કાપરડા ગામમાં નિર્માણ પામ્યું.

આ જિનાલયમાં બિરાજમાન કરવા સહુ કોઈ પ્રતિમાજીની શોધમાં હતા. એ સમયે આચાર્ય ભગવંત શ્રી જિનચંદ્રસૂરીશ્વરજી મહારાજને સ્વપ્નમાં ત્રણ બાવળની તળેટીમાં ત્રણ વાંસની ભૂમિ

નીચે શ્રી પાર્શ્વનાથ પ્રભુની પ્રતિમા હોવાનો સંકેત મળ્યો અને સં. ૧૬૭૪ના પોષ વદ ૧૦ના દિવસે આ મૂર્તિ પ્રગટ કરાવી.

આમ સ્વપ્નસંકેતથી સ્વયં પ્રગટ થયેલા હોવાથી તે પાર્શ્વનાથ પ્રભુ 'શ્રી સ્વયંભૂ પાર્શ્વનાથ' તરીકે પ્રસિદ્ધિ પામ્યા. કાપરડા ગામના નામ પરથી આ પાર્શ્વનાથ 'શ્રી કાપરડા પાર્શ્વનાથ' તરીકે પણ ઓળખાય છે.

આમ વિ.સં. ૧૬૭૮ની સાલમાં ચાર માળના આ ભવ્ય જિનપ્રાસાદમાં પરમાત્માને ભવ્ય મહોત્સવ રચીને પ્રતિષ્ઠિત કરવામાં આવ્યા.

ત્યાર પછી સૈકાઓ બાદ વિ.સં. ૧૯૭૫ના મહા સુદ-૫ના દિવસે આ જિનાલયનો જીર્ણોદ્ધાર શાસનસમ્રાટ શ્રી વિજયનેમિસૂરીશ્વરજી મહારાજાના પ્રયાસોથી થયો અને તેમના જ હસ્તે આ તીર્થની પુનઃ પ્રતિષ્ઠા થઈ. આ પ્રતિષ્ઠા સમયે બીજી ૧૫ જિન પ્રતિમાઓજીઓની પ્રતિષ્ઠા કરવામાં આવી.

આ જિનાલયના શિખરના ચાર માળના ચૌમુખજી બિરાજમાન છે. ચાર માળના આ જિનાલયની નીચે ભોંયરું પણ છે. જિનપ્રાસાદની ઊંચાઈ ૯૮ ફૂટની છે. દર વર્ષે ચૈત્ર સુદ ૫ના દિવસે અહીં વિરાટ મેળાનું આયોજન કરવામાં આવે છે. વર્તમાનમાં આ તીર્થનો મહિમા દિનપ્રતિદિન વધતો જાય છે.

## ૬૫. શ્રી પદ્મપ્રભુજી તીર્થ

રાજસ્થાનના જયપુરથી ૩૬ કિ.મી.ના અંતરે, શિવદાસપુરા (પદ્મપુરા)થી છ કિ.મી.ના અંતરે બાડા ગામે શ્રી પદ્મપ્રભુજી તીર્થ આવેલું છે. અહીં ધર્મશાળા છે પરંતુ

ભોજનશાળાની સગવડ નથી. આ ગામનો ઈતિહાસ પ્રાચીન નથી પરંતુ આ તીર્થમાં બિરાજમાન શ્રી પદ્મપ્રભુજીની ગુલાબી વર્ણની, કમળના ફૂલ પર સુશોભિત પ્રતિમાજી ભૂગર્ભમાંથી પ્રગટ થઈ હતી. આથી માની શકાય કે અહીં અગાઉ પ્રાચીન જૈન તીર્થ હોવું જોઈએ. મૂળનાયક રૂપે તીર્થમાં બિરાજમાન આ પ્રતિમાજીનાં પ્રથમ દર્શન વહેલી સવારે એક ખેડૂત પરિવારનાં માતા-પુત્રને ખોદકામ કરતાં વિ.સં. ૨૦૦૧ના વૈશાખ સુદ ૫ના દિવસે થયાં હતાં. એ વખતે ત્યાં એક નાનું મંદિર બાંધવામાં આવ્યું હતું. ત્યાર બાદ ૧૮ વર્ષ પછી વિ.સં. ૨૦૧૯માં વિશાળ મંદિરનું નિર્માણ થયું.

આ મંદિરની રચના કલાત્મક અને દર્શનીય છે. આ શૈલીનું નિર્માણ થયેલું મંદિર અન્યત્ર હોવાની સંભાવના નહિવત્ છે. અહીંયાં બિરાજમાન પ્રભુજીની પ્રતિમા અતિ ચમત્કારિક છે. કહેવાય છે કે મેલીવિદ્યાથી કષ્ટ ભોગવતાં હોય તેઓ અહીં દર્શન કરવા આવે, ભક્તિ કરે તો તેને ઉપદ્રવમાંથી મુક્તિ મળે છે. મંદિરની અંદર વર્તુળાકાર વિશાળ સભામંડપ છે. આટલો વિશાળ સભામંડપ અન્ય મંદિરોમાં ભાગ્યે જ જોવા મળી શકે તેમ છે.

## ૬૬. શ્રી બાડમેર તીર્થ

રાજસ્થાનના ઝાલોરથી જેસલમેર જતા માર્ગમાં જિલ્લાના મુખ્યમથકમાં શ્રી બાડમેર તીર્થ આવેલું છે. જેસલમેર, બારમેર વગેરે શહેરો પાકિસ્તાનની સરહદથી નજીક છે આથી ભારતીય સેનાની અવરજવર રહે છે.

શ્રી બાડમેર ગામમાં સાત જિનાલયો આવેલા છે. તેમાંય શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ ભગવાનનું સુંદર અને ભવ્ય જિનાલય આવેલું છે. અહીં દાદાવાડી પણ છે.

સંપર્ક : શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ મંદિર, જૂની ચોકીકા વાસ, મુ. પો. બાડમેર (રાજ.) ૩૪૪૦૦૧, ફોન : ૦૨૯૮૨-૨૨૧૮૭૨ તથા ૨૨૦૪૧૩. અહીં ધર્મશાળા તથા ભોજનશાળાની સગવડ છે.

## ૬૭. શ્રી ઘાણેરાવ તીર્થ

રાજસ્થાનના મૂછાળા મહાવીર તીર્થથી પાંચ કિલોમીટરના અંતરે ઘાણેરાવમાં મુખ્યમાર્ગ ઉપર નવમાળનો કીર્તિસ્તંભ રચવામાં આવેલ છે. કીર્તિસ્તંભના આઠમા અને નવમા માળે ચૌમુખી પ્રતિમાઓ છે. કીર્તિસ્તંભ નવ માળનો દર્શનીય છે. નીચે પ્રાગંણમાં બે જિનાલયો આવેલા છે. રાણકપુરથી મૂછાળા મહાવીર જતાં માર્ગમાં આવે છે. અહીં રહેવા તથા જમવાની સુંદર વ્યવસ્થા છે.

રાણકપુર તીર્થના નિર્માતા ધરણાશાહના વંશજો આજે ૧૪મી-૧૫મી પેઢીએ અહીં ઘાણેરાવ ગામમાં વસે છે. અહીંથી દેસૂરી થઈ નાંડલાઈ, નાડોલ તથા વરકાણા તીર્થ જઈ શકાય છે. અહીંથી નજીકનું રેલવે સ્ટેશન રાની ૨૦ કિલોમીટરના અંતરે છે તથા સાદડી તીર્થ નવ કિ.મી.ના અંતરે આવેલું છે.

સંપર્ક : શ્રી વિજય હિમાચલ કીર્તિસ્તંભ, શ્રી ઘાણેરાવ તીર્થ, શ્રી ઘાણેરાવ શ્વે. મૂ. પૂ. જૈન સંઘ, ડાકઘર- ઘાણેરાવ, તાલુકો - દેસૂરી, જિ. પાલી (રાજસ્થાન). ફોન : ૦૨૯૩૪-૨૮૪૦૨૨

## ૬૮. શ્રી દેલદર તીર્થ

રાજસ્થાનના આબુરોડ સ્ટેશનથી ૧૧ કિ.મીના અંતરે શ્રી દેલદર તીર્થ આવેલું છે. આ તીર્થસ્થળ ૧૦૦૦ વર્ષથી વધુ પ્રાચીન છે. આ તીર્થમાં મૂળનાયક રૂપે શ્રમણ ભગવાન મહાવીર સ્વામીની પ્રતિમાજી બિરાજમાન છે. અહીંની કેટલીક પ્રતિમાઓ સાબરમતી લઈ જવામાં આવી છે. અહીં રહેવા માટેની કોઈ સુવિધા નથી.

## ૬૯. શ્રી કીંવરલી તીર્થ

રાજસ્થાનના આબુરોડથી ૧૦ કિ.મી.ના અંતરે તથા આથમલ ગામથી દોઢ કિ.મી.ના અંતરે શ્રી કીંવરલી જૈન તીર્થ આવેલું છે. આ તીર્થ ૯૦૦ વર્ષથી વધારે પ્રાચીન હોવાનું મનાય છે. આ તીર્થમાં મૂળનાયક રૂપે શ્વેતવર્ણની, પદ્માસનસ્થ શ્રી પાર્શ્વનાથ પ્રભુની પ્રતિમાજી બિરાજમાન છે. શ્રી પાર્શ્વપ્રભુની પ્રતિમાજી ચમત્કારિક અને દર્શનીય છે.

## ૭૦. શ્રી મંડાર તીર્થ

રાજસ્થાનના આબુરોડથી ૫૦ કિ.મીના અંતરે શ્રી મંડાર તીર્થ આવેલું છે. આ પ્રાચીન તીર્થમાં મૂળનાયક રૂપે શ્રમણ ભગવાન મહાવીર સ્વામીની શ્વેતવર્ણની પદ્માસનસ્થ પ્રતિમાજી બિરાજમાન છે. આ તીર્થસ્થાનમાં ખોદકામ કરતાં મળી આવેલ કાયોત્સર્ગમુદ્રામાં શ્રી પાર્શ્વનાથ પ્રભુની તથા શ્રી વિમલનાથ પ્રભુની પ્રતિમાજીઓ

અત્યંત દર્શનીય છે. તેમજ ભગવાન મહાવીર સ્વામીની પ્રતિમાજી પણ એટલી સુંદર અને કલાત્મક છે. આ તીર્થસ્થાનમાં શ્રી ધર્મનાથ પ્રભુનું એક જિનાલય આવેલું છે.

આ તીર્થમાં આવવા માટે આબુરોડ, રેવદર, સિરોહી વગેરે સ્થાનો પરથી બસ વગેરે વાહનો મળી શકે છે. અહીંથી વરમાણ ૯ કિ.મી., જીરાવલા તીર્થ ૨૫ કિ.મી.ના અંતરે આવેલાં છે.

સંપર્ક : શ્રી પંચમહાજન જન મર્યાદા તથા ધાર્મિક ટ્રસ્ટ, મંડાર. પો. મંડાર - ૩૦૭૫૧૩, જિ. સિરોહી (રાજ.) ફોન : ૦૨૯૭૫-૨૩૬૧૩૧.

## ૭૧. શ્રી જાખોડા તીર્થ

રાજસ્થાનના જવાઈબંધથી ૧૩ કિ.મી.ના અંતરે તથા શિવગંજથી ૮ કિ.મી. અને સુમેરપુરથી ૬ કિ.મી.ના અંતરે શ્રી જાખોડા તીર્થ જાખોડા ગામના પહાડોની ગોદમાં આવેલું છે. આ તીર્થમાં મૂળનાયક રૂપે શ્રી શાંતિનાથ ભગવાનની પ્રવાલ વર્ણની પદ્માસનસ્થ પ્રતિમાજી બિરાજમાન છે. આ તીર્થ પ્રાચીન તેમજ ચમત્કારિક છે. તીર્થની પ્રાચીનતા વિષેની જાણકારી ઉપલબ્ધ નથી. તીર્થ અંગેનો એક લેખ વિ.સં. ૧૫૦૪નો મળેલ છે. પરંતુ આ જિનાલય તેનાથી વધારે પ્રાચીન હોવાનું મનાય છે. જાખોડામાં પાણીની વિકટ સમસ્યા હતી. પથરાળ પહાડોમાં પાણી મળવાની કોઈ સંભાવના નહોતી ત્યારે અધિષ્ઠાયક દેવના સંકેતથી એક જગ્યાએ ખોદકામ કરવામાં આવતાં વિશાળ જથ્થામાં પાણીનો સ્રોત ઉપલબ્ધ થયો. આ જળ નિર્મળ અને સ્વાસ્થ્યવર્ધક નીકળતાં જાખોડા ગામના લોકોની ખુશીનો પાર નહોતો. અહીં તીર્થમાં શ્રી

શાંતિનાથ પ્રભુની પ્રતિમાજી ભાવવાહી અને દર્શનીય છે. આ તીર્થસ્થાનમાં પ્રકૃતિનું સામ્રાજ્ય માણવા મળે છે.

## ૭૨. શ્રી ડેરણા તીર્થ

રાજસ્થાનના આબુરોડથી ૮ કિ.મી.ના અંતરે શ્રી ડેરણા તીર્થ આવેલું છે. આ તીર્થમાં મૂળનાયક રૂપે શ્રી સંભવનાથ સ્વામીની શ્વેતવર્ણની પદ્માસનસ્થ પ્રતિમાજી બિરાજમાન છે. આ તીર્થ લગભગ બારમી સદી પહેલાંનું છે. આ તીર્થમાં પ્રાચીન, કલાત્મક પ્રતિમાજી, કાઉસગ્ગ મુદ્રાની પ્રતિમાજી વગેરે દર્શનીય છે. ઉતારાની કોઈ વ્યવસ્થા આ તીર્થસ્થાનમાં નથી.

## ૭૩. શ્રી ખીંવસર તીર્થ

રાજસ્થાનના નાગોર-જોધપુર માર્ગ પર નાગોરથી ૪૪ કિ.મી.ના અંતરે એક તળાવના કિનારે શાંત અને પ્રકૃતિના સૌંદર્ય વચ્ચે શ્રી ખીંવસર તીર્થ આવેલું છે. અહીં શ્રમણ ભગવાન મહાવીર સ્વામીની ચંદનવર્ણની ચરણપાદુકા છે. એવી સંભાવના છે કે ચરમ તીર્થપતિ શ્રમણ ભગવાન મહાવીરે અહીં ચાતુર્માસ કર્યો હતો. દર્શનીય તીર્થસ્થાન છે.

## ૭૪. શ્રી કાસીન્દ્રા તીર્થ

રાજસ્થાનના સિરોહી-આબુ માર્ગ ઉપર આવેલા ભારજા ગામથી અઢી કિ.મી.ના અંતરે શ્રી કાસીન્દ્રા તીર્થ આવેલું છે.

આબુરોડથી ૧૬ કિ.મી. દૂર છે. આ પ્રાચીન તીર્થ ૧૦૦૦ વર્ષ પૂર્વેનું છે. આ તીર્થમાં મૂળનાયક રૂપે શ્રી શાંતિનાથ પ્રભુની શ્વેતવર્ણની પદ્માસનસ્થ પ્રતિમાજી બિરાજમાન છે.

## ૭૫. શ્રી ગોહિલી તીર્થ

રાજસ્થાનના સિરોહીથી ત્રણ કિ.મી.ના અંતરે શ્રી ગોહિલી તીર્થ આવેલું છે. આ તીર્થક્ષેત્ર ૭૦૦ વર્ષ પહેલાંનું છે. આ તીર્થમાં મૂળનાયક રૂપે શ્રી ગોડી પાર્શ્વનાથ પ્રભુની શ્વેતવર્ણની પદ્માસનસ્થ પ્રતિમાજી બિરાજમાન છે. સિરોહી રોડથી આ તીર્થસ્થળ ૨૮ કિ.મી.ના અંતરે છે. દેરાસરની કલાત્મક નિર્માણશૈલી મનભાવન છે. ગોહિલી ગામની મધ્યમાં આ તીર્થ આવેલું છે.

## ૭૬. શ્રી પિન્ડવાડા તીર્થ

રાજસ્થાનના સિરોહી રોડથી ૧ કિ.મી.ના અંતરે શ્રી પિન્ડવાડા તીર્થ આવેલું છે. આ તીર્થમાં મૂળનાયક રૂપે શ્રમણ ભગવાન મહાવીર સ્વામીની શ્વેતવર્ણની પદ્માસનસ્થ પ્રતિમાજી બિરાજમાન છે. આ તીર્થમાં ત્રણ જિનાલયોનાં એક સાથે દર્શન-વંદન થઈ શકે છે. આ જિનાલય ૮૦૦ વર્ષથી વધારે પ્રાચીન છે. અહીં બિસનગઢ (વસંતગઢ)માંથી મળેલ ધાતુની પ્રતિમાઓનો સંગ્રહ નિહાળવા જેવો છે. આ ધાતુની પ્રતિમાજીઓ લગભગ બારસો-તેરસો વર્ષ પ્રાચીન છે. આ તીર્થસ્થળનાં દર્શન યાત્રિકોએ અવશ્ય કરવા જેવાં છે. અહીં પાર્શ્વપ્રભુની સુંદર પ્રતિમાજીઓ પણ છે.

## ૭૭. શ્રી નાગોરતીર્થ

રાજસ્થાનના જોધપુરથી ૧૩૮ કિ.મી.ના અંતરે આ પ્રાચીન તીર્થ આવેલું છે. બિકાનેરથી ૧૧૫ કિ.મી.ના અંતરે આ તીર્થ આવેલ છે. આ તીર્થ પ્રાચીન સમયમાં નાગપુર નામથી જાણીતું હતું. પ્રાચીનકાળમાં આ સ્થળ જૈન ધર્મનું મુખ્ય સ્થળ હતું. આ ભૂમિ ધર્મભૂમિના નામથી પ્રસિદ્ધ હતી. અહીંના જિનાલયોના દરવાજાની લાકડા પર થયેલી કલાત્મક કારીગરી જોવાલાયક છે. અહીં ધર્મશાળા તથા ભોજનશાળાની સગવડ છે.

સંપર્ક : શ્રી જૈન શ્વેતાંબર મંદિરમાર્ગી ટ્રસ્ટ (રજિ.) બડા જૈન મંદિર (કાચવાળું), પો. નાગોર-૩૪૧૦૦૧ (રાજ.) ફોન : ૦૧૫૮૨-૨૪૧૩૧૮ તથા ૨૪૨૨૮૧

### તીર્થની વિશેષતા

શ્રી નાગોર તીર્થમાં મૂળનાયક રૂપે શ્રી આદિશ્વર પ્રભુની અલૌકિક પ્રતિમાજી બિરાજમાન છે. કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્યને આચાર્યપદવી આ સ્થળે આપવામાં આવી હતી. શ્રી પાર્શ્વચંદ્રસૂરિ ગચ્છની સ્થાપના અહીં થઈ હતી.

મહારાજા વિક્રમાદિત્યની બારમી સદીમાં અહીં વરદેવ પલ્લીવાલ નામના ધર્મવત્સલ શ્રાવક થયા હતા. જેમના પુત્ર આસધર અને લક્ષ્મીધર બંધુઓએ અને તેમના પુત્ર નેમડ, આભમણિક, અલખણ અને થિરદેવ, ગુણધર, જગદેવ, ભુવણા દ્વારા શ્રી શત્રુંજય, શ્રી ગિરનારજી, આબુ, દેલવાડા, ઝાલોર, તારંગા, પ્રહ્લાદનપુર, પાટણ, ચારૂપ વગેરે સ્થળોએ જીર્ણોદ્ધાર વગેરેનાં પ્રશંસનીય કાર્યો થયાં હતાં.

શ્રી નાગોર તીર્થમાં ધર્મપ્રભાવનાનાં અનેક કાર્યો થયાં છે. આ તીર્થભૂમિ પર અનેક પ્રકાંડ અને વિદ્વાન જૈનાચાર્યોએ આવીને જિનશાસનનો વિજયધ્વજ ફરકાવ્યો છે આથી આ તીર્થભૂમિ ધર્મભૂમિ તરીકે વધુ પ્રખ્યાત છે.

## ૭૮. શ્રી ભાન્ડવાજી તીર્થ

રાજસ્થાનના ઝાલોરથી ૫૬ કિ.મી., બિસનગઢ (વસંતગઢ) થી ૪૦ કિ.મી. અને મોદરાથી ૩૦ કિ.મી.ના અંતરે શ્રી ભાન્ડવાજી તીર્થ આવેલું છે. આ તીર્થસ્થળ ૧૨૦૦ વર્ષ પ્રાચીન છે અને ચમત્કારિક છે. આ તીર્થમાં મૂળનાયક રૂપે શ્રમણ ભગવાન મહાવીર સ્વામીની શ્વેતવર્ણની પદ્માસનસ્થ પ્રતિમાજી બિરાજમાન છે. આ તીર્થનાં દર્શન કરવા જેવાં છે.

## ૭૯. શ્રી ફલૌધી તીર્થ

રાજસ્થાનના જોધપુર જિલ્લામાં શ્રી ફલૌધી તીર્થ આવેલું છે. જોધપુર રેલવેમાર્ગ સાથે જોડાયેલું ફલૌધીનગર છે. જોધપુરથી અહીં આવવા માટે વાહનો મળી શકે છે. શ્રી ફલૌધી તીર્થમાં અન્ય નવ જિનાલયો આવેલા છે. અહીં ધર્મશાળા તથા ભોજનશાળાની સગવડ છે.

અધ્યાત્મયોગી પ. પૂ. આચાર્ય દેવશ્રી કલાપૂર્ણ સૂરીશ્વરજી મહારાજાની જન્મભૂમિનું આ સ્થળ છે. આ તીર્થ ૧૦૦ વર્ષથી પણ વધારે પ્રાચીન છે.

આ ગામમાં શ્રી ગોડીજી પાર્શ્વનાથ ભગવાનનું ચાર

મજલાનું જિનાલય છે. આ જિનાલયમાં શ્રી ધરણેન્દ્ર દેવ તથા શ્રી ભગવતી મા પદ્માવતીદેવીની નાગસ્વરૂપની પ્રતિમાઓ અત્યંત દર્શનીય છે. ત્રીજા માળે શ્રી સંભવનાથ પ્રભુ બિરાજમાન છે અને ચોથા માળે શ્રી આદીશ્વર ભગવાન બિરાજમાન છે. ઓસિયાથી ફલૌધી તીર્થ આવતા રસ્તામાં હરણોનાં ટોળાં જોવા મળે છે.

સંપર્ક : શ્રી ફલૌધી તીર્થ, ગોડી પાર્શ્વનાથ જૈન દેરાસર તપાગચ્છ પેઢી, સદર બજાર, મુ. ફલૌધી, જિ. જોધપુર (રાજસ્થાન). ફોન : ૦૨૯૨૫-૨૨૩૩૩૪

## ૮૦. શ્રી ઉથમણ તીર્થ

રાજસ્થાનના જવાઈબંધથી ૨૦ કિ.મી., સિરોહીથી ૨૨ કિ.મી. અને શિવગંજથી ૧૦ કિ.મી.ના અંતરે શ્રી ઉથમણ તીર્થ આવેલું છે. ઉથમણ ગામ પહાડની તળેટીમાં આવેલું છે. અહીં મૂળનામક રૂપે શ્રી પાર્શ્વનાથ પ્રભુની શ્વેતવર્ણની પદ્માસનસ્થ પ્રતિમાજી બિરાજમાન છે. આ તીર્થ દર્શનીય છે. અહીં પ્રભુ પ્રતિમાજીની ગાદી નીચેનું શિલ્પકામ દર્શનીય છે.

## ૮૧. શ્રી મુંડસ્થલ તીર્થ

રાજસ્થાનના આબુરોડથી ૧૦ કિ.મી.ના અંતરે શ્રી મુંડસ્થલ તીર્થ આવેલું છે. આ તીર્થમાં મૂળનાયક રૂપે શ્રમણ ભગવાન મહાવીર સ્વામીની શ્વેતવર્ણની કાયોત્સર્ગ મુદ્રાની પ્રતિમાજી બિરાજમાન છે. અહીં ધર્મશાળા છે પણ ઉત્તમ સગવડ

નથી. આથી આબુરોડ રોકાણ કરવું હિતાવહ છે. આ તીર્થ મુંગથલા ગામની બહાર છે. ભગવાન શ્રી મહાવીર સ્વામી છદ્મસ્થાકાળમાં અહીં પદાર્પણ કરી કાઉસગ્ગ ધ્યાનમાં રહ્યા હતા એટલે આ તીર્થ વીરપ્રભુના સમયનું છે. અહીં વીરપ્રભુના જન્મ બાદ ૩૭મા વર્ષે પ્રતિમાજીની પ્રતિષ્ઠા થઈ હતી.

## ૮૨. શ્રી ધણ્ણારી તીર્થ

રાજસ્થાનના આબુ-સિરોહી રોડ પર ૧ કિ.મી.ના અંતરે તથા સરૂપગંજ રેલવે સ્ટેશનથી ૨ કિ.મી.ના અંતરે શ્રી ધન્નારી તીર્થ આવેલું છે. બનાસ નદીના કિનારે વસેલા ધનારી ગામના પુરોહિત મહોલ્લામાં આવેલું આ તીર્થ લગભગ ૭૫૦ વર્ષ પૂર્વેનું છે. આ તીર્થમાં મૂળનાયક રૂપે શ્રી શાંતિનાથ પ્રભુની શ્વેતવર્ણની પદ્માસનસ્થ પ્રતિમાજી બિરાજમાન છે.

## ૮૩. શ્રી લાજ તીર્થ

રાજસ્થાનના સિરોહી રોડથી ૧૧ કિ.મી. અને કોજરાથી ૩ કિ.મી.ના અંતરે શ્રી લાજ તીર્થ આવેલું છે. આ તીર્થ લગભગ ૮૦૦ વર્ષ પૂર્વેનું માનવામાં આવે છે. શ્રી લાજ તીર્થમાં મૂળનાયક રૂપે વર્તમાન ચોવીશીના પ્રથમ તીર્થંકર ભગવંત શ્રી આદીશ્વર ભગવાન બિરાજમાન છે. શ્વેતવર્ણની પદ્માસનસ્થ પ્રતિમાજી દર્શનીય છે.

## ૮૪. શ્રી સત્યપુર તીર્થ (સાંચોર)

ગુજરાતના રાધનપુર-ભાભર થઈને બાડમેર જતાં વચ્ચે સાંચોર (સત્યપુર) તીર્થ આવે છે. અહીંથી રાણીવાડા સ્ટેશન ૪૮ કિ.મી. દૂર છે. શ્રમણ ભગવાન મહાવીર સ્વામીના સમયના આ સત્યપુર તીર્થને સાંચોર તીર્થ પણ કહેવાય છે.

સંપર્ક : શ્રી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘની પેઢી, સદર બજાર, પો. સાંચોર-૩૪૩૦૪૧, જિ. ઝાલોર (રાજસ્થાન) ફોન : ૦૨૯૭૯-૨૨૨૦૨૮

### તીર્થની વિશેષતા

શ્રમણ ભગવાન મહાવીર સ્વામીના પ્રથમ ગણધર ગુરુ ગૌતમસ્વામીજીએ 'જગ ચિન્તામણિ' સ્તોત્રની રચના કરી છે. આ સ્તોત્રમાં સત્યપુર તીર્થ (સાંચોર)નું વર્ણન છે. એક 'તીર્થકલ્પ'માં કરાયેલા ઉલ્લેખ પ્રમાણે પરાક્રમી શ્રી નાહડ રાજાએ વિ.સં. ૧૩૦ (ઓગણીસો ચોત્રીસ વર્ષ પહેલાં) અહીં સુવર્ણમયી પ્રતિમાની પ્રતિષ્ઠા કરાવી હતી. આ તીર્થનું માહાત્મ્ય વધતાં મોગલ શાસકો દ્વારા અવારનવાર હુમલાઓ થતાં ઘણી ક્ષતિઓ પહોંચી છે. આ સુવર્ણમયી પ્રતિમાજી અલ્લાઉદ્દીન ખિલજી લઈ ગયેલ છે તેવી ઈતિહાસમાં નોંધ છે. આમ સત્યપુર (સાંચોર) તીર્થ પ્રાચીન છે.

## ૮૫. શ્રી કોજરા તીર્થ

રાજસ્થાનના સિરોહી રોડથી ૮ કિ.મી.ના અંતરે શ્રી કોજરા તીર્થ આવેલું છે. આ તીર્થમાં મૂળનાયક રૂપે શ્રી સંભવનાથ પ્રભુની

શ્વેતવર્ણની પદ્માસનસ્થ પ્રતિમાજી બિરાજમાન છે. આ તીર્થ વિ.સં. ૧૨૨૪ પહેલાંનું માનવામાં આવે છે. અહીં અન્ય કાઉસગ્ગ ધ્યાનમુદ્રાની પ્રતિમાજી છે, જે અત્યંત સૌમ્ય અને ભવ્ય છે.

## ૮૬. શ્રી ઝાડોલી તીર્થ

રાજસ્થાનના સિરોહી રોડથી ૩ કિ.મી. તથા બ્રાહ્મણવાડાજીથી ૪ કિ.મી.ના અંતરે શ્રી ઝાડોલી તીર્થ આવેલું છે. આ તીર્થમાં શ્રી આદીશ્વર ભગવાન મૂળનાયક રૂપે બિરાજમાન છે. પ્રતિમાજી શ્વેતવર્ણની પદ્માસનસ્થ છે. આ તીર્થ લગભગ આઠસો વર્ષ પહેલાંનું છે. એ વખતે આ સમૃદ્ધ નગરી હોવાનું મનાય છે. જિનાલયનાં તોરણો, સ્તંભો ઉપર કોતરેલી પ્રાચીન શિલ્પકલા જોવાલાયક છે.

## ૮૭. શ્રી વાટેરા તીર્થ

રાજસ્થાનના સરૂપગંજ રેલવે સ્ટેશનથી આઠ કિ.મી., રોહિડા ગામથી ત્રણ કિ.મી.ના અંતરે શ્રી વાટેરા તીર્થ આવેલું છે. શ્રી વાટેરા તીર્થમાં મૂળનાયક રૂપે શ્રી શાંતિનાથ પ્રભુની શ્વેતવર્ણની પદ્માસનસ્થ પ્રતિમાજી બિરાજમાન હતી પણ હાલમાં શ્રી સંભવનાથ ભગવાન મૂળનાયક રૂપે બિરાજમાન છે. પ્રાચીન મૂળનાયક મહાવીર સ્વામી ભગવાન હોવાનો ઈતિહાસ છે. લગભગ નવસો વર્ષ જૂના આ તીર્થમાં પ્રભુજીની પ્રતિમા અને બીજી પ્રતિમાઓ પ્રાચીન અને દર્શનીય છે.

## ૮૮. શ્રી ઓર તીર્થ

રાજસ્થાનના આબુરોડથી ૬ કિ.મી.ના અંતરે આવેલ શ્રી ઓર તીર્થમાં મૂળનાયક રૂપે શ્રી આદીશ્વર ભગવાનની શ્વેતવર્ણની પદ્માસનસ્થ પ્રતિમાજી બિરાજમાન છે. આ તીર્થની પ્રાચીન પ્રતિમાજીઓ દર્શનીય અને કલાત્મક છે.

## ૮૯. શ્રી વરમાણ તીર્થ

રાજસ્થાનના ઝન્ડારથી ૧૦ કિ.મી. આબુથી ૪૪ કિ.મી. તથા રેવદરથી ૩ કિ.મી.ના અંતરે શ્રી વરમાણ તીર્થ આવેલું છે. આ તીર્થમાં શ્રમણ ભગવાન મહાવીર સ્વામીની પ્રતિમાજી મૂળનાયક રૂપે બિરાજમાન છે. લગભગ ૮૦૦ વર્ષ પ્રાચીન તીર્થસ્થાનમાં મંદિરની છત અને ઘુમ્મટ અદ્ભુત કલાકારીગરીથી સમૃદ્ધ છે. અહીંનું સૂર્યમંદિર ભારતભરમાં પ્રખ્યાત છે.

## ૯૦. શ્રી લાજ તીર્થ (૨)

રાજસ્થાનના નાણા-પિન્ડવાડા વિસ્તારમાં આવેલ ચામુન્ડા (૨) ગામથી ૨૩ કિ.મી.ના અંતરે વેલાર ગામની પહાડોની ગોદમાં શ્રી લાજ તીર્થ આવેલું છે. આ તીર્થ અતિ પ્રાચીન છે. અહીં મૂળનાયક રૂપે શ્રી આદીશ્વર ભગવાનની શ્વેતવર્ણની પદ્માસનસ્થ પ્રતિમાજી બિરાજમાન છે.

## ૯૧. શ્રી પાવાપુરી તીર્થધામ

રાજસ્થાનના સિરોહી રેલવે સ્ટેશનથી ૪૧ કિ.મી. દૂર શ્રી પાવાપુરી તીર્થધામ આવેલું છે. થોડાં વર્ષો પહેલાં આ તીર્થનું નિર્માણ થયું છે. રાજસ્થાનમાં અત્યંત પ્રસિદ્ધિ પામેલું આ તીર્થ જીવમૈત્રીધામ તરીકે જાણીતું છે. ગુજરાતના ભાવિકો મોટી સંખ્યામાં આ તીર્થધામમાં આવતા-જતા રહે છે. અહીંની ગૌશાળા પણ શ્રેષ્ઠ છે. ધર્મશાળા તથા ભોજનશાળા આધુનિક શૈલીની હોવાથી યાત્રિકોને સુવિધા રહે છે. અહીં નજીકમાં સિરોહી ૪ કિ.મી.ના અંતરે, મીરપુર ૫ કિ.મી.ના અંતરે આવેલાં તીર્થો છે. શ્રી પાવાપુરી તીર્થધામ દર્શનીય છે. વિશાળ જગ્યામાં આ તીર્થ પથરાયેલું છે.

સંપર્ક : શ્રી પાવાપુરી તીર્થધામ, શ્રી સુમતિ જીવરક્ષા કેન્દ્ર, મુ. કૃષ્ણકુંજ-૩૦૭૦૦૧, જિ. સિરોહી (રાજસ્થાન) ફોન : ૦૨૯૭૨-૨૮૬૮૬૬/૬૭/૬૮

## ૯૨. શ્રી દાંતરાઈ તીર્થ

રાજસ્થાનના સુપ્રસિદ્ધિ તીર્થધામ જીરાવાલા તીર્થથી ૩ કિ.મી.ના અંતરે શ્રી દાંતરાઈ તીર્થ આવેલું છે. આબુરોડ રેવદર થઈને જીરાવલા-જશવંતપુરા માર્ગ પર આ તીર્થ આવેલું છે. અહીંથી આબુરોડ રેલવે સ્ટેશન ૫૭ કિ.મી. દૂર છે. અહીં માત્ર ઉતારાની વ્યવસ્થા છે.

સંપર્ક : શ્રી શ્વે. મૂ. પૂ. જૈન સંઘ પંચ મહાજન, મુ. દાંતરાઈ, જિલ્લો - સિરોહી - ૩૦૭૫૧૨ (રાજસ્થાન)

## ૯૩. શ્રી ભેરુતારક ધામતીર્થ

રાજસ્થાનમાં પાવાપુરી તીર્થધામની જેમ શ્રી ભેરુતારક ધામ તીર્થ પણ ખૂબ જ જાણીતું છે. જે યાત્રિકો પાવાપુરી ધામ જતાં હોય છે તેઓ ભેરુતારકધામ અવશ્ય જાય છે. અહીં ભોજનશાળા-ધર્મશાળા તો સર્વશ્રેષ્ઠ છે જ પરંતુ સાધુ-સાધ્વીજી ભગવંતોનો ઉપાશ્રય પણ સુંદર છે. માઉન્ટ આબુના પાછળના ભાગનાં દર્શન થાય છે. આબુરોડ સ્ટેશનથી ૪૪ કિ.મી. દૂર આવેલું આ તીર્થ પાવાપુરીથી ૧૪ કિ.મી.ના અંતરે આવેલું છે.

સંપર્ક : શ્રી અર્બુદાગિરિ સહસ્રફણા પાર્શ્વનાથ શ્વે. મૂ. પૂ. તીર્થ, સંઘવી ભેરુતારક તીર્થધામ, આબુ-અનાદરા તળેટી, મુ. અનાદરા-૩૦૭૫૧૨, જિ. સિરોહી (રાજસ્થાન). ફોન : ૦૨૯૭૫-૨૪૪૧૬૫/૨૪૪૧૮૩

## ૯૪. શ્રી લુણાવા તીર્થ

રાજસ્થાનના ફાલના રેલવે સ્ટેશનથી ૨૦ કિ.મી.ના અંતરે શ્રી લુણાવા તીર્થ આવેલું છે. અહીં નજીકમાં બાલી સ્ટેશન આવેલું છે. બાલીથી ભદ્રંકરનગર ૮ કિ.મી.ના અંતરે છે. ત્યાંથી લુણાવા ગામ ૨ કિ.મી. દૂર છે. આ તીર્થની નજીકમાં શ્રી સાદડી તીર્થ તથા રાણકપુર તીર્થ આવેલાં છે. શ્રી લુણાવા તીર્થમાં અન્ય ચાર જિનાલયો આવેલા છે. અહીં ધર્મશાળા તથા ભોજનશાળાની સગવડ છે.

સંપર્ક : શ્રી લુણાવા-ભદ્રંકરનગર જૈન તીર્થધામ, મુ. પો. લુણાવા, વાયા - બાલી, ફાલના, જિ. પાલી (રાજસ્થાન) ફોન : ૦૨૯૩૮-૨૫૨૨૨૮.

## ૯૫. શ્રી બિકાનેર તીર્થ

રાજસ્થાનના બિકાનેર શહેરમાં કુલ ૨૫ જિનાલયો આવેલા છે. જેમાં શ્રી ચિંતામણિ આદીશ્વરનું જિનાલય ૫૦૦ વર્ષ જેટલું પ્રાચીન છે. અહીં શ્રી સુમતિનાથજી ભગવાનનું ચૌમુખી જિનાલય બિકાનેરમાં ત્રણ માળનું સૌથી મોટું દેરાસર છે. અહીં ધર્મશાળા તથા ભોજનશાળાની સગવડ છે.

સંપર્ક : શ્રી ચિંતામણિ આદીશ્વર જિનાલય, નાહટોંકા ચોક, ભુજિયા બજાર, બિકાનેર.

## ૯૬. શ્રી માંડવલા તીર્થ (જહાજમંદિર)

રાજસ્થાનના ઝાલોર જિલ્લામાં માંડવલા ગામે શ્રી જહાજમંદિર આવેલું છે. જહાજ આકારનું આ જિનાલય દર્શનીય છે. નાકોડા તીર્થ તરફ જતાં આ તીર્થ માર્ગમાં આવે છે. ઉપાધ્યાય પૂ. શ્રી મણિપ્રભસાગરજી મહારાજ શ્રી જહાજમંદિરના પ્રેરક છે.

વિશેષ વિગતો માટે શ્રી જિનકાંતિસાગરસૂરિ સ્મારક, જહાજમંદિર, માંડવલા-૩૪૩૦૪૨, જિ. ઝાલોર, (રાજસ્થાન)

ફોન તથા ફેક્સ - ૦૨૯૭૩-૨૫૬૧૦૭. મો. ૦૯૪૧૩૬-૦૦૮૮૮૫૨ સંપર્ક કરવો.

## જૈનતીર્થોની પાવન ભૂમિ : રાજસ્થાન

રાજસ્થાનની ભૂમિ જ પરમ પવિત્ર અને મનને પ્રસન્ન કરનારી છે. શ્રમણ ભગવાન મહાવીર સ્વામી આ ભૂમિ પર વિચર્યા હોવાથી સમસ્ત જૈનો માટે આ પ્રદેશની તીર્થયાત્રા હૈયાને ટાઢક આપનારી બને છે. ખાસ કરીને દિવાળી વૅકેશન, ઉનાળુ વૅકેશન, જન્માષ્ટમીની રજાઓમાં ગુજરાતના જૈનો-જૈનેતરો રાજસ્થાન તરફનો પ્રવાસ ગોઠવતા હોય છે. આ ભૂમિની સ્પર્શના કરવાનું વારંવાર મન થયા વિના ન રહે એવો આ ભૂમિનો જાદુ છે.

માઉન્ટ આબુ પર દેલવાડા-દેરામાં વિશ્વની અનુપમ, કલાત્મક કારીગરીનાં દર્શન થાય છે. રાણકપુરના નિર્માણ પાછળનો ભવ્ય ભૂતકાળ રોમાંચિત કરી મૂકે છે. નાકોડા તીર્થ, પાવાપુરી તીર્થધામ, ભેરુતારક તીર્થધામ, જીરાવલ્લા પાર્શ્વનાથ, શ્રી નાગેશ્વર તીર્થ વગેરે રમણીય અને આધ્યાત્મિક અનુભૂતિ કરાવનારાં તીર્થસ્થાનો છે. અહીં ઊંચી ઊંચી ગિરિમાળાઓ, પહાડોનું સૌંદર્ય લોભામણું છે.

## ડુંગરપુર આસપાસનાં તીર્થો

દક્ષિણ રાજસ્થાનમાં ડુંગરપુરના માર્ગ પર વરપદ્ર, કેશરિયાજી, જયસમંદ, નાગેશ્વર (પૂર્વ-દક્ષિણ) વગેરે તીર્થો આવેલાં છે.

## ઉદેપુરની આસપાસના તીર્થો

ઉદેપુરસિટી જોવાલાયક છે અને રાજસ્થાનનું એક અદ્ભુત પર્યટન છે. અહીં ઘણાં બધાં દર્શનીય સ્થળો છે.

આવતી ચોવીસીના પ્રથમ તીર્થંકર શ્રી પદ્મનાભ સ્વામીનું આ તીર્થ છે.

ઉદેપુરથી નજીકમાં પડતાં તીર્થસ્થળોમાં કેશરિયાજી, કરેડા, ચિત્તોડગઢ, આટાડ, નાગહદ, જૂના દેલવાડા, રાજનગર, નાથદ્વારા, રાણકપુર વગેરે.

## જોધપુરની આસપાસનાં તીર્થો

જોધપુર દર્શનીય સિટી છે. જોધપુરનો કિલ્લો જોવા જેવો છે. જોધપુરની નજીકમાં ગંગાણી તીર્થ, ઓસિયા તથા કાપરડાજી તીર્થ વગેરે છે.

## રાણકપુરની આસપાસનાં તીર્થો

સર્વશ્રેષ્ઠ કલાકારીગરીથી સમૃદ્ધ શ્રી રાણકપુર તીર્થનાં દર્શન અર્થે દેશ-વિદેશના લોકો મોટી સંખ્યામાં વર્ષ દરમ્યાન આવતા-જતા રહે છે. રાણકપુરની આસપાસ સાદડી, બાલી, ફાલના, મૂછાળા મહાવીર, નાડંલાદ, નાડોલ, વરકાણા, સેવાડી તથા રાતા મહાવીર વગેરે તીર્થો નજીકમાં પડે છે.

## ઝાલોર આસપાસનાં તીર્થો

રાજસ્થાનના ઝાલોર જિલ્લાના મુખ્ય મથક ઝાલોરની આસપાસ શ્રી નાકોડાજી તીર્થ, સાંડેરાવ, તખતગઢ તથા સિરોહી વગેરે તીર્થો નજીક પડે છે.

## આબુરોડ આસપાસનાં તીર્થો

આબુરોડની આસપાસમાં માઉન્ટ આબુ-દેલવાડા તીર્થ, અચલગઢ, ઓર, કીંવરલી, ઉથમણ, મુંડસ્થલ, કાસીન્દ્રા, દેરણા, જીરાવલ્લા, કેવદર, મંડાર, પાવાપુરી તીર્થધામ, ભેરુતારક તીર્થધામ વગેરે નજીકમાં પડે છે.

## સિરોહી આસપાસનાં તીર્થો

સિરોહીથી ઝાલોર, મીરપુર, બ્રાહ્મણવાડા, નાન્દિયા વગેરે તીર્થો આસપાસમાં પડે છે.

## જેસલમેર આસપાસનાં તીર્થો

જેસલમેર તીર્થ અત્યંત દર્શનીય છે. જેસલમેર પર્યટનસ્થળ છે. જેસલમેરની આસપાસ લોદ્રવા, બ્રહ્મસર, અમરસાગર, પોખરણ વગેરે તીર્થો છે.

## યાત્રા પ્રવાસ ગોઠવવો છે ? આટલું જાણી લો.

રાજસ્થાનમાં પ્રાચીન-અર્વાચીન જૈન તીર્થોનાં દર્શન અંતરને આનંદની અનુભૂતિ કરાવે છે. અહીં અમદાવાદથી માઉન્ટ આબુ, અમદાવાદથી ઉદેપુર તથા રાજસ્થાનનાં અન્ય જાણીતાં તીર્થસ્થાનોનાં અંતરો દર્શાવાયાં છે.

### અમદાવાદ-માઉન્ટ આબુ

અમદાવાદથી માઉન્ટ આબુ (વાયા-મહેસાણા) ૨૨૧ કિ.મી.ના અંતરે છે. ફોર ટ્રેક હાઈવે થયેલો હોવાથી લગભગ ચાર કલાકમાં માઉન્ટ આબુ પહોંચી શકાય છે.

અમદાવાદથી કલોલ - ૨૯ કિ.મી., કલોલથી મહેસાણા-૪૦ કિ.મી., મહેસાણાથી ઊંઝા-૨૯ કિ.મી., ઊંઝાથી સિદ્ધપુર-૧૪ કિ.મી., સિદ્ધપુરથી પાલનપુર-૩૦ કિ.મી., પાલનપુરથી બાલારામ-૧૫ કિ.મી., બાલારામથી આબુરોડ-૩૬ કિ.મી. તથા આબુરોડથી માઉન્ટ આબુનું અંતર ૨૫ કિ.મી.નું છે.

અમદાવાદથી વાયા અંબાજી થઈને માઉન્ટ આબુ જવું હોય તો અમદાવાદ - પ્રાંતિજ ૫૮ કિ.મી., પ્રાંતિજથી હિંમતનગર ૨૩ કિ.મી., હિંમતનગરથી ઈડર ૨૪ કિ.મી.,

ઈડરથી ખેડબ્રહ્મા ૨૪ કિ.મી., ખેડબ્રહ્માથી અંબાજી ૪૯ કિ.મી., અંબાજીથી આબુરોડ ૨૧ કિ.મી. તથા આબુરોડથી માઉન્ટ આબુ ૨૮ કિ.મી.ના અંતરે છે. આ રૂટમાં ૨૨૭ કિ.મી. થાય છે.

## અમદાવાદ-ઉદેપુર

અમદાવાદથી ઉદેપુરનું અંતર ૨૫૫ કિ.મી.નું છે. આ રૂટ વાયા કેશરિયાજીનો છે. અમદાવાદથી હિંમતનગર-૭૯ કિ.મી., હિંમતનગરથી શામળાજી - ૪૬ કિ.મી., શામળાજીથી રતનપુર-૯૦ કિ.મી., રતનપુરથી ખેરવાડા-૩૭ કિ.મી., ખેરવાડાથી કેશરિયાજી - ૧૫ કિ.મી., કેશરિયાજી (રિષભદેવ)થી ઉદેપુર - ૬૫ કિ.મી. થાય છે.

ઉદેપુરથી અમદાવાદનો બીજો રૂટ ૨૫૮ કિ.મી.નો છે. ઉદેપુરથી ટીડી-૩૨ કિ.મી., ટીડીથી પ્રસાદ -૧૭ કિ.મી., પ્રસાદથી કેશરિયાજી-૧૬ કિ.મી., કેશરિયાજીથી ખેરવાડા-૧૫ કિ.મી., ખેરવાડાથી બીછીવાડા-૨૫ કિ.મી., બીછીવાડાથી રતનપુર ૧૨ કિ.મી., રતનપુરથી શામળાજી-૧૦ કિ.મી., શામળાજીથી મોડાસા-૨૮ કિ.મી., મોડાસાથી ધનસુરા-૧૮ કિ.મી., ધનસુરાથી કપડવંજ-૪૫ કિ.મી. તથા કપડવંજથી અમદાવાદ-૪૦ કિ.મી. થાય છે.

**વડોદરા - ઉદેપુર :** વડોદરાથી નડિયાદ-૫૧ કિ.મી., નડિયાદથી કપડવંજ-૪૬ કિ.મી., કપડવંજથી મોડાસા-૬૩ કિ.મી. તથા મડાસાથી ઉદેપુર-૧૫૫ કિ.મી. (કુલ ૩૧૨ કિ.મી.નું અંતર)

ઉદેપુરથી ઇંદોર (વાયા બાંસવાડા) ૩૭૫ કિ.મી.નું અંતર છે. વાયા ચિત્તોડગઢથી ૪૪૨ કિ.મી.નું અંતર થાય છે.

## ઉદેપુર-રાણકપુર

ઉદેપુરથી રાણકપુર (વાયા-હલ્દીઘાટી) ૯૦ કિ.મી.નું અંતર છે. ઉદેપુરથી ઈશ્વાલ-૧૯ કિ.મી., ઈશ્વાલથી ગોગુંડા-૧૭ કિ.મી., ગોગુંડાથી સાયરા-૩૫ કિ.મી. તથા સાયરાથી રાણકપુર ૧૯ કિ.મી.ના અંતરે છે.

ઉદેપુર-રાણકપુર (વાયા-કાંકરોલી) ૧૫૨ કિ.મી.નું અંતર છે. ઉદેપુરથી એકલિંગજી - ૨૫ કિ.મી., એકલિંગજીથી નાથદ્વારા-૨૫ કિ.મી., નાથદ્વારાથી કાંકરોલી-૧૬ કિ.મી., કાંકરોલીથી ગોમતીચોક-૩૦ કિ.મી., ગોમતીચોકથી ચારભુજાજી-૧૧ કિ.મી., ચારભુજાજીથી દેસૂરી-૧૮ કિ.મી., દેસૂરીથી સાદડી-૧૭ કિ.મી., સાદડીથી રાણકપુર-૧૦ કિ.મી.ના અંતરે છે.

## ઉદેપુર-માઉન્ટ આબુ

ઉદેપુરથી માઉન્ટ આબુ (વાયા-પિન્ડવાડા) ૧૮૨ કિ.મી. છે. ઉદેપુરથી ઈશ્વાલ-૧૯ કિ.મી., ઈશ્વાલથી ગોગુંડા-૧૭ કિ.મી., ગોગુંડાથી જશવંતગ્રહ-૧૫ કિ.મી., જશવંતગ્રહથી પિન્ડવાડા-૮૦ કિ.મી. તથા પિન્ડવાડાથી માઉન્ટ આબુ -૫૧ કિ.મી.ના અંતરે છે.

ઉદેપુરથી માઉન્ટ આબુનો બીજો રૂટ વાયા કાંકરોલી-સાદડી સિરોહીનો છે. જેનું અંતર ૩૦૦ કિ.મી.નું થાય છે. આ લાંબો રૂટ છે. ઉદેપુરથી એકલિંગજી-૨૫ કિ.મી., એકલિંગજીથી નાથદ્વારા-૨૫ કિ.મી., નાથદ્વારાથી કાંકરોલી-૧૭ કિ.મી., કાંકરોલીથી સાદડી-૭૦ કિ.મી., (સાદડીથી રાણકપુર-૧૦ કિ.મી.) સાદડીથી બાલી-૧૨ કિ.મી., બાલીથી

ફાલના-૧૦ કિ.મી., સુમેરપુરથી સિરોહી-૩૪ કિ.મી. તથા સિરોહીથી માઉન્ટ આબુ ૭૫ કિ.મી.ના અંતરે છે.

### ઉદેપુર-ચિત્તોડગઢ

ઉદેપુરથી ચિત્તોડગઢનું અંતર ૧૧૨ કિ.મી.નું છે. ચિતોંડગઢથી ભાદસોરા-૩૫ કિ.મી., ભાદસોરાથી મેંગલવાર-૧૪ કિ.મી., મેંગલવારથી મેનાર - ૨૦ કિ.મી., મેનારથી ભાટેવર-૧૦ કિ.મી., ભાટેવરથી - દેબોક ૧૦ કિ.મી. તથા દેબોકથી ઉદેપુર-૨૩ કિ.મી.ના અંતરે છે.

### જેસલમેર-માઉન્ટ આબુ

જેસલમેરથી જોધપુર-૨૭૫ કિ.મી., જોધપુરથી પાલી-૬૩ કિ.મી., પાલીથી સિરોહી - ૧૧૧ કિ.મી., સિરોહીથી માઉન્ટ આબુ-૧૦૧ કિ.મી.ના અંતરે આવેલ છે. કુલ ૫૫૦ કિ.મી.નું અંતર છે.

### જેસલમેર-જયપુર

જેસલમેરથી જયપુરનું અંતર ૬૦૭ કિ.મી.નું છે. જેસલમેરથી જોધપુર-૨૭૫ કિ.મી., જોધપુરથી અજમેર-૨૦૧ કિ.મી. તથા અજમેરથી જયપુર-૧૩૧ કિ.મી.નું અંતર છે.

### જેસલમેર-બાડમેર

જેસલમેરથી બાડમેરનું અંતર ૧૫૭ કિ.મી.નું છે. જેસલમેરથી દેવીકોટ-૩૯ કિ.મી., દેવીકોટથી શિવ-૬૩ કિ.મી. તથા શિવથી બાડમેર ૫૫ કિ.મી.ના અંતરે આવેલ છે.

### જેસલમેર-નાગોર

જેસલમેરથી નાગોરનું અંતર ૩૧૧ કિ.મી.નું છે. જેસલમેરથી પોખરણ-૧૦૯ કિ.મી., પોખરણથી ફલોદી-૫૭

કિ.મી., ફલોદીથી પાંચોરી-૯૦ કિ.મી. તથા પાંચોરીથી નાગોર ૫૫ કિ.મી.ના અંતરે આવેલ છે.

## જોધપુર-નાગોર

જોધપુરથી નાગોરનું અંતર ૧૩૮ કિ.મી.નું છે. જોધપુરથી મંડોર-૯ કિ.મી., મંડોરથી બાવરી-૩૪ કિ.મી., બાવરીથી ખેરપા-૧૬ કિ.મી., ખેરપાથી ખીંવસર-૩૯ કિ.મી. તથા ખીંવસરથી નાગોર ૪૦ કિ.મી.ના અંતરે આવેલ છે.

## જોધપુર-રાણકપુર

જોધપુરથી રાણકપુર વચ્ચેનું અંતર ૧૬૯ કિ.મી.નું છે. જોધપુરથી રોહટ-૪૦ કિ.મી.નું રોહટથી પાલી-૩૦ કિ.મી., પાલીથી સાંડેરાવ-૫૩ કિ.મી. તથા સાંડેરાવથી રાણકપુરનું અંતર ૪૬ કિ.મી.નું છે.

## રાજસ્થાન તીર્થોનાં દર્શનનો પંદર દિવસનો કાર્યક્રમ

| | |
|---|---|
| પ્રથમ દિવસ | : અમદાવાદથી ઉદેપુર (ચાર કલાકનો રસ્તો) ઉદેપુર રાત્રીરોકાણ, જોવાલાયક સ્થળોમાં ફરવું. |
| બીજો દિવસ | : ઉદેપુરથી કરેડા ત્યાંથી ચિત્તોડગઢ (રાત્રીરોકાણ) |
| ત્રીજો દિવસ | : ચિત્તોડગઢથી નાગેશ્વર તીર્થ, રાત્રીરોકાણ નાગેશ્વર તીર્થમાં કરવું. |
| ચોથો દિવસ | : નાગેશ્વરથી ઉદેપુર (અંદાજે ૩૦૦ કિ.મી.) |
| પાંચમો દિવસ | : ઉદેપુરથી સાપડ, નાગહદ, જૂના દેલવાડા, રાજનગર, સાવડી થઈને રાણકપુર (રાત્રીરોકાણ) |

છઠ્ઠો દિવસ : રાણકપુરથી મૂછાળા મહાવીર, ધાણેરાળ, નાંડલાઈ, નાંડોલ, વરકાણા, રાની, પાલી (રાત્રીરોકાણ)

સાતમો દિવસ : પાલીથી કાપરડાજી-જોધપુર (રાત્રીરોકાણ)

આઠમો દિવસ : જોધપુરથી ગંગાણી, ઓસિયા, રેણુજા, પોખરણ, જેસલમેર (રાત્રીરોકાણ)

નવમો દિવસ : જેસલમેર, લોદ્રવા, અમરસાગર, જેસલમેર (રાત્રીરોકાણ)

દસમો દિવસ : જેસલમેરથી નાકોડાજી, ઝાલોર (રાત્રીરોકાણ)

અગિયારમો દિવસ : ઝાલોરથી તખતગઢ, સાંડેરાવ, બાલી, સેવાડી, (રાત્રીરોકાણ-રાતા મહાવીર)

બારમો દિવસ : રાતા મહાવીરથી નાણા, પિન્ડવાડા, અજારી, કોજરા, બામનવાડા, નાન્દિયા, સિરોહી, મીરપુર, જીરાવલ્લા (રાત્રીરોકાણ)

તેરમો દિવસ : જીરાવલ્લાથી મંડાર, ઓર, આબુરોડ, માઉન્ટ આબુ (રાત્રીરોકાણ)

ચૌદમો દિવસ : અચલગઢ, માઉન્ટ આબુ

પંદરમો દિવસ : માઉન્ટ આબુ, કુંભારિયાજી, ઈડર, બીજાપુર, મહુડી થઈને અમદાવાદ પરત

## શિલ્પ-સ્થાપત્યથી સમૃદ્ધ રાજસ્થાન

રાજસ્થાન એ શિલ્પ-સ્થાપત્યની વિપુલતા અને

વિવિધતાઓથી સમૃદ્ધ પ્રદેશ છે. રાજસ્થાન 'રાજાઓની ભૂમિ' અને શૂરવીરોની ભૂમિ છે. રાજસ્થાન એક ઐતિહાસિક, ધાર્મિક અને કલાપૂર્ણ સ્થાપત્યોનો પ્રદેશ છે.

રાજસ્થાનનાં મોટાભાગનાં સ્થળો તેમની ઐતિહાસિક ગાથાઓથી સમૃદ્ધ છે. ખરેખર જો કુદરતની પ્રકૃતિનાં દર્શન કરવાં જ હોય તો રાજસ્થાનની મુલાકાત અવશ્ય લેવી જ પડે. અનેક શિલ્પીઓની શિલ્પકલાથી ભરપૂર એવા રંગીલા રાજસ્થાનની કેટલીક કલાપૂર્ણ શિલ્પસમૃદ્ધિ તો વિશ્વનાં નામાંકિત શિલ્પોમાં માનભર્યું સ્થાન અપાવે એવી અદ્ભુત છે.

**[સમાપ્ત]**


# રાજસ્થાનના જૈનતીર્થો



વિમલકુમાર મોહનલાલ ધામી







Title : Shree Sarvodaya printery
Phone : (0281) 2461896